بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-મે-૨૦૧૫**

રજ્જબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ

હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૫, સળંગ અંક : ૧૩૭

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


01 વાતોની નહીં કામની જરૂરત છે ! 02

02 કહેવાતો "એહલે હદીષ" ૭૨ જહન્નમી ફિર્કાઓમાંનો એક ! 03

03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 09

04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 12

05 અસ્માઉલ હુસ્ના 14

06 હદાઈકે બખ્શિશ 16

07 હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 20

08 કાનૂને શરીઅત 22

09 ગલતફહમી તથા તેની સુધારણા 26

10 હદીષોના દુશ્મન ! 29

11 સોશિયલ સાઈટ્રોનો વપરાશ અને તેના નીતિ નિયમો 34

12 શબે મેઅરાજના ફઝાઈલ તથા ઈબાદતો 38

13 ગૈર સહાબીને 'રદિયલ્લાહુ અન્હૂ' કહેવું જાઈઝ 41

14 હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ 45

15 બરકાતે ખ્વાજાની ટપાલ 47


**દર શાને હઝરત ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ

**રઝા : "ગનીમત" બાલાસિનોરી**

અજમેરવાલે ખ્વાજા અતાએ રસૂલ હે
મખ્સૂસ જિનકે હક્મે દુઆએ રસૂલ હે
પીરોં કે પીર ખ્વાજા કા રુત્બા અઝીમ હે
ખાલિક્ કે બરગુઝીદા નવાએ રસૂલ હે
રબકે વલી દીદ હે દીદારે મુસ્તફા
દર અસ્લ ઝિક્રે ખ્વાજા ષનાએ રસૂલ હે
ફયઝાન આજ દુન્યા મેં ખ્વાજા કા જારી હે
હર કામ જિનકા નેક બરાએ રસૂલ હે
ખ્વાજા સે માંગો દિલ સે બિલા ફર્ક્ દેતે હૈં
હોગા કભી ન કમ જો મતાએ રસૂલ હે
શયતાન ભાગતા હૈ જો લાહૌલ પળ્હને સે
બદદીન કો ભગાને નિદાએ રસૂલ હે
નઝરે કરમ હો ખ્વાજા "ગનીમત" હકીર પર
જો આપકા ગુલામ ગદાએ રસૂલ હે

(હુઝૂરના નામ સાથે ﷺ તથા ખ્વાજા સાહેબના નામ સાથે رحمۃ اللہ علیہ પઢવું)

# વાતોની નહીં કામની જરૂરત છે !

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

પ્રતિકૂળ સંજોગો સબબોની કમી તથા ગૈરાના હુમ્લાઓના કારણે મુસ્લિમ કૌમ અત્યારે બેચૈન જ નહીં બલ્કે એ ચિંતામાં ડૂબેલી છે કે વર્તમાન તબાહકુન ભવંરમાંથી નીકળવાનો શું માર્ગ હશે અને પોતાની જાતને તેમજ ઉમ્મતને પ્રગતિના પંથે જોવી તથા લઈ જવી કઈ રીતે શક્ય થશે.

અહીં એ વાત દિમાગમાં રાખવી જોઈએ કે સંજોગો દરેક દૌરમાં મુસ્લિમ ઉમ્મતના માટે પરેશાન કરનારા રહ્યા છે અને દરેક દૌરમાં અલ્લાહ ﷻએ મુસ્લિમ ઉમ્મતની કશ્તી (નાવ)ને સમુદ્રના કિનારે લગાડી. ખાલિકે અઝ્ઝ્ર સમા પોતાના કમજોર બંદાઓને નિષ્ફળ નથી કરતો બલ્કે સાચા દિલથી કમજોર બંદાઓ મહેનત કરે તો અલ્લાહ માર્ગો ખોલી આપે છે. જેમ કે ઈર્શાદ છે : "અને જેમણે અમારા માર્ગમાં પ્રયત્ન કર્યા, અવશ્ય અમે તેમને અમારા રસ્તા દેખાડીશું." *(સૂ. અન્કબૂત–૬૯)*

આજના આ હંગામાખેઝ પુર ફિતન માહોલમાં વાતોની નહીં કેવળ કામની જરૂરત છે, તે પણ ઈખ્લાસ તથા લિલ્લાહિયતની સાથે જેથી આપણુ કરવામાં આવતું કામ પાયાદાર પણ હોય ફાયદાકારક પણ હોય. આજે આપણે ગૈરોનાં કામ અને તેમની કોશિશોનો ઉલ્લેખ કરીએ છીએ અને જ્યારે મેદાન હાથથી નીકળી ચૂક્યું હોય છે તો કામની યોજના કરવાનું શરૂ કરીએ છીએ, અને વળી અમલી સ્વરૂપ આપવામાં પણ સુસ્તીથી કામ લઈએ છીએ. એટલા માટે જરૂરત એ છે કે કામ સમયસર શરૂ કરીએ. જો આપણે ઈખ્લાસ તથા ત્યાગની ભાવના હેઠળ કામ કર્યું તો અલ્લાહનો વાયદો સાચો છે : "તમે અલ્લાહના દીનની મદદ કરો અલ્લાહ તમારી મદદ કરશે." પરંતુ આપણે કદમ ઉપાડવો પડશે, આપણે કામોની ગોઠવણી કરવી પડશે અને એમાં **Priority** (અગ્રતા)ને લક્ષમાં રાખવી પડશે, જેમ કે કુર્આનની તાલીમ તજવીદના મસાઈલની સાથે, અકીદા તથા મસાઈલની સારા તરીકા વડે તબ્લીગ. આપણે કોશિશ કરીએ કે પબ્લિકને આ વાતોથી સૌ પ્રથમ માહિતગર કરીએ. આપણી દાવતી તથા તબ્લીગી સિસ્ટમને બેહતર બનાવીએ, સારા મોઅલ્લિમોની વ્યવસ્થા કરીએ, મકતબો તથા મદ્રસાઓ માટે જગાની યોગ્ય વ્યવસ્થા કરીએ, સ્કૂલ કોલેજ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના માટે યોગ્ય લાયકાતવાળા મુદર્રિસોની વ્યવસ્થા કરીએ જેઓ એમને ખૂબીપૂર્વક દીની તાલીમ આપી શકે. મુદર્રિસો, મુઅલ્લિમો પણ પોતાના ઈલ્મ તથા ઈખ્લાસ વડે લોકોને ફાયદો પહોંચાડે. બદલાની તમન્ના અલ્લાહ ﷻ અને તેના પ્યારા નબી ﷺથી રાખે. કનાઅત પસંદી (થોડામાં રાજી રહેવાનું) અપનાવે અને લોભ લાલચથી દૂર રહે, એટલા માટે કે આ દુનિયા થોડાક જ દિવસોની છે અને આખેરત બાકી રહેનારી છે. એ દિમાગમાં બેસાડી લે કે જ્યારે અલ્લાહ ﷻ અજર અતા ફર્માવશે તો દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જશે.

દરેક દૌર તથા દરેક જમાનામાં કામ કરનારાઓને યાદ રાખવામાં આવે છે અને તેમની મહોબ્બત મૌલા તબારક વ તઆલા પોતાની મખ્લૂકના દિલમાં પેદા કરી આપે છે. આપણા પૂવર્જોએ કામ કર્યું. વાત તો આમેય ઓછી કરતા હતા અને કામ વધુથી વધુ કર્યા કરતા હતા. પરંતુ આપણે મશ્વરાઓ તથા મનસૂબાઓમાં અટકી ગયા છીએ અને જમીન પર (હકીકી) કામમાં પાછળ છીએ. ઈલ્લા માશાઅલ્લાહ !

ઉઠો ! સંજોગો આપણને ચીસો પાડી પાડીને પોતાની તરફ બોલાવી રહ્યા છે, મુસ્લિમ ઉમ્મત ધ્રુસ્કાં ભરી રહી છે, ગફલતની ચાદર ઉઠાવીને ફેંકી દો. માલદારો ! આગળ આવો અને પોતાના માટે નજાતના ઝરીયાની વ્યવસ્થા કરો ! મુઅલ્લિમો, મુસન્નિફો (લેખકો)ના પગારોની જિમ્મેદારીઓ કબૂલ કરો, કિતાબોના પ્રકાશનની જિમ્મેદારી કબૂલ કરો, મકતબોના માટે જગાઓ પૂરી પાડો કે મકતબો તથા મદ્રસાઓ ઈસ્લામની તે દર્સગાહો છે જ્યાં આપણા નાના બાળકો ઈસ્લામી અહકામથી સજ્જ કરવામાં આવે છે. પોતે પણ ઈલ્મ શીખો અને બીજાઓ સુધી પહોંચાડવાનું કામ કરો જેથી તમારો ઈલ્મ તથા અકીદો પણ મેહફૂઝ રહે અને ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામની મહોબ્બત ફેલાતી જાય. જો તમે કમજોર છો તો કાંઈ વાંધો નહીં, પણ તમારો ખુદા કવી (શક્તિવાન) છે, તે દરેક બંદાને કામના બદલામાં સરબુલંદ ફર્માવે છે અને તેની મદદ ફર્માવે છે એનું જ ફર્માને આલીશાન છે : "અને અમે એવું ચાહતા હતા કે એ કમજોરો પર એહસાન કરીએ અને એમને પેશવા બનાવીએ (કે તેઓ લોકોને નેકીની રાહ બતાવે અને લોકો નેકીમાં તેમની પયરવી કરે) અને તેમના મુલ્ક તથા માલના તેમને વારસ બનાવીએ." *(અલ્કસસ–૫, કન્ઝુલ ઈમાન)*

*(સુન્ની દા'વતે ઈસ્લામી, મંથલી, મુંબઈ, મે–૨૦૧૫)*

# કહેવાતો "એહલે હદીષ" ૭૨ જહન્નમી ફિર્કાઓમાંનો એક !

તંત્રી લેખ

થોડાક વર્ષોથી નવી નીકળેલી એક બદનામે ઝમાના ગુમરાહ તથા ગુમરાહકુન વહાબી ગૈર મુકલ્લિદોની જમાઅત જે પોતાને "એહલે હદીષ" તરીકે ઓળખાવે છે, તેમનો એક માસિક અંક "બઝમે તવ્હીદ" નામનો (જાન્યુ./ફેબ્રુ.–૨૦૧૫) અમારી નજરે ચઢયો જે તેમના મર્કઝ રેલ્વે સ્ટેશન સામે–ભરૂચથી પ્રસિધ્ધ થયેલ છે. અંકના નામ પ્રમાણે એમાં "તૌહીદ" એટલે શું ? શિર્ક એટલે શું ? એની કોઈ વ્યાખ્યા કે સમજ કુર્આન હદીષની રૂએ આપવાને બદલે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના ઈલ્મી રૂહાની સપાટાઓ જે તેમના પર પડેલા તેનાથી હજી પણ કણસતા હોય એ રીતે "આ'લા હઝરત" પર તથા "એહલે સુન્નત વ જમાઅત" પર દાઝ કાઢવામાં જ આખો અંક આ ગુમરાહોએ ચિતરી કાઢયો છે. અને અનેક વાંધાઓ જે જૂના પૂરાણા તેઓ કરતા આવ્યા છે જેના સચોટ જવાબો કુર્આન તથા હદીષની રૂએ ઉલમાએ એહલે સુન્નતે વારંવાર આપેલા છે છતાં એને એ જ વાતો ચાવીને આખા માસિકમાં એનો એ જ કૂચો ભરેલો છે. જાણે કે : *"સો બાર મારા તો મારા અબ મારે તો જાનું !"*

ગુજરાતીમાં કહેવત છે કે "ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય !" તેમ આ મહાશયોને તેમના પૂર્વજોએ ઉલમાએ એહલે સુન્નતના ઉલમા સામે વારંવાર ખાધેલી હારથી તૃપ્તિ ન થઈ તથા કોઈ સબક લેવાની તૌફીક ન થઈ જેથી ફરી એને એ જ સવાલો સાથે સામે પડીને ફરી એકવાર પીટાવા તૈયાર થયા છે.

## ★ "એહલે સુન્નત"નું નજાતી હોવું કુર્આન હદીષથી સાબિત ★

અલ્હમ્દુલિલ્લાહ ! મઝહબે એહલે સુન્નત વ જમાઅતની સર્વ બાબતો કુર્આન હદીષથી સાબિત થયેલી છે, પણ જેની આંખો પર ગુમરાહીનો અંધાપો છવાયો હોય તેને એ દેખાતું નથી અને તે ચો તરફ અથડાતો જ ફરે છે, એ જ હાલત આ ગૈર મુકલ્લિદોની છે. પોતાની જોર શોરથી દાવો કરવાની આદત પ્રમાણે એ જ "બઝ્મે તૌહીદ" અંકમાં પેજ–૫ ઉપર ડિંગ માર્યું છે કે "જમાઅતે એહલે *હદીષ યહ કુરૂને ઉલાકે ઝમાનેસે સાબિત હોતે હુએ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ કે જમાનેસે જા મિલતી હૈ..... (પેજ નં–૫)*

આની સાબિતીમાં ન કોઈ કુર્આનની આયત કે ન કોઈ હદીષ એમને જડી જેથી અજ્ઞાન લોકોને ફોસલાવવા કેવળ દાવાથી જ કામ ચલાવ્યું ! **અમારી આ કહેવાતા "એહલે હદીષ"ને ચેલેન્જ છે કે એના હક્ક પર હોવા વિશે તથા નજાતી હોવા વિશે કોઈ આયત તથા હદીષ રજૂ કરે !** કયામત સુધીની મહોલત ! પણ ઈન્શાઅલ્લાહ ! એ રજૂ કરી શકશે નહીં.

## ★ એહલે સુન્નત વ જમાઅત હક્ક઼ હોવાની કુર્આનથી સાબિતી ★

આવો ! એહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયત તથા નજાત પામનાર જમાઅત હોવાની સાબિતીમાં કુર્આન હદીષનો અભ્યાસ કરી લઈએ અને દિલોને નૂરે ઈમાનથી ભરી દઈએ. **કુર્આને પાકમાં છે કે** **يَّوۡمَ تَبۡيَضُّ وُجُوۡهٌ وَّ تَسۡوَدُّ وُجُوۡهٌ** **"ક઼યામતના દિવસે કેટલાક ચહેરા રોશન હશે, કેટલાક કાળા હશે."** *(સૂ. આલે ઈમરાન, પારા–૪, આ. ૧૦૬)*

ઈમામ ઈબ્ને અબી હાકિમ અબૂ નસ્રએ ઉબાનાથી અને ખતીબ બગદાદીએ પોતાની તારીખમાં અને હઝરત લાલકાઈ رحمۃ اللہ علیہએ અસ્સુન્નહમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી આ આયતની તફસીરમાં રિવાયત નક઼લ કરી છે કે **"એહલે સુન્નત વ જમાઅતના ચહેરા રોશન હશે અને ગુમરાહ લોકોના ચહેરા સિયાહ (કાળા) હશે."** *(તફસીરે દુર્રે મન્સૂર, અઝ : ઈમામુલ મુહદ્દિષીન ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ)*

બીજી રિવાયત ઈમામ ખતીબ બગદાદીએ રજૂ કરી કે ઈમામ દહેલ્વી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી, તે હુઝૂર ﷺથી રિવાયત કરે છે કે, **"એહલે સુન્નત વ જમાઅતના ચહેરા રોશન અને ગુમરાહ લોકોના ચહેરા કાળા હશે."** *(તફસીરે દુર્રે મન્સૂર, અઝ : ઈમામુલ મુહદ્દિષીન ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ)*

ઈમામ અબૂ નસ્રએ ઉબાના (કિતાબ)માં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત નક઼લ કરી છે કે "સરકારે દો આલમ ﷺએ આ આયતને પઢી અને ફર્માવ્યું, **"એહલે જમાઅત તથા એહલે સુન્નતના (એહલે સુન્નત વ જમાઅતના) ચહેરા રોશન હશે, અને એહલે બિદઅત અને એહલે અહવાના (એટલે ગુમરાહોના) ચહેરા સિયાહ હશે."** *(તફસીરે દુર્રે મન્સૂર, અઝ : મુહદ્દિષોના ઈમામ, ઈમામ જમાલુદ્દીન સિયૂતી, ભાગ–૨, પેજ–૧૭૪)*

આ સિવાય પણ અનેક રિવાયતો કુર્આનની તફસીરમાં રજૂ કરી શકાય છે પણ હક્ક઼ના તાલિબ માટે આટલુ પૂરતું છે. આવો ! **હદીષે પાક**ની રોશનીમાં પણ "અહલે સુન્નત વ જમાઅત"ની હક્ક઼ાનિયતને સમજીએ.

## ★ એહલે સુન્નત વ જમાઅત હક્ક઼ હોવાની હદીષથી સાબિતી ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, અને મારી ઉમ્મત તોત્તેર મઝહબોમાં વહેંચાઈ જશે, એમાં એક મઝહબવાળાઓ સિવાય બાકી તમામ મઝહબોવાળા નારી તથા જહન્નમી થશે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! (ﷺ) તે એક મઝહબવાળા કોણ છે ? (તેમની ઓળખ શું ?) હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તે લોકો એ જ મઝહબ તથા મિલ્લત પર કાયમ રહેશે **જેના પર હું છું અને મારા સહાબા** છે. *(તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ)*

હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ આ હદીષ શરીફ હેઠળ ઈલ્મે કલામની મશ્હૂર કિતાબ "મવાકિફ"નું આ કથન કે, "નાજી (નજાત પામનાર) ફિર્કો અહલે સુન્નત વ જમાઅત છે" નકલ કરીને ફર્માવે છે કે :–

**(અર્થ) : નજાત પામનાર ફિર્કો અહલે સુન્નત વ જમાઅતનો છે.** જો કોઈ વાંધો ઉઠાવે કે કઈ રીતે જાણવા મળ્યું કે નાજી ફિર્કો (નજાતી) અહલે સુન્નત વ જમાઅત છે અને એ જ સીધો માર્ગ તથા ખુદા સુધી પહોંચાડનાર માર્ગ છે અને અન્ય સર્વ જહન્નમના માર્ગો છે ? જ્યારે કે દરેક ફિર્કો દાવો કરે છે કે તે સીધા માર્ગે છે અને તેનો મઝહબ હક્ક઼ છે ?! તો તેનો જવાબ એ છે કે, **આ એવી વાત નથી જે કેવળ દાવો કરવાથી સાબિત થઈ જાય !** (એના માટે) ઠોસ દલીલ જોઈએ. અને **અહલે સુન્નત વ જમાઅતની હક્ક઼ાનિયતની દલીલ એ છે કે એ દીને ઈસ્લામ (સરકારે અકદસ ﷺ થી) નકલ થઈને (આપણા લોકો સુધી) પહોંચ્યો છે.** ઈસ્લામી અક઼ીદા જાણવા માટે કેવળ બુદ્ધિનો ઝરીયો પૂરતો નથી. અખ્બારે મુતવાતિરાથી જાણવા મળ્યું તથા સહાબાનાં કથનો તથા મુબારક હદીષોની શોધખોજ–છાનબીનથી યક઼ીન હાંસલ થયું કે **સલફે સાલિહીન એટલે સહાબીઓ તથા તાબઈન અને તેમના પછીના સર્વ બુઝુર્ગોને દીન** رضوان الله تعالیٰ علیهم اجمعین **એ જ અક઼ીદા અને એ જ તરીક઼ા એટલે અહલે સુન્નત પર રહ્યા છે.**

સિહાહ સિત્તહ અને એ સિવાય (હદીષે પાકની) અન્ય મશ્હૂર તથા વિશ્વસનીય કિતાબો કે જેના પર ઈસ્લામના અહકામ (હુકમો)નો દારોમદાર થયો તેના **મુહદ્દિષો તથા હનફી, શાફઈ, માલિકી તથા હંબલીના ફક઼ીહો તથા ઈમામો તથા એ સિવાયના અન્ય આલિમો જેઓ એમના તબક઼ાના હતા સૌ એ મઝહબ અહલે સુન્નત વ જમાઅત પર હતા.** તથા **અશાએરા** અને **માતુરીદિયા** જેઓ ઉસૂલે કલામના ઈમામો છે તેમણે સલફ (પૂર્વજ બુઝુર્ગો)ના મઝહબ "એહલે સુન્નત વ જમાઅત"ને સમર્થન કર્યું.

સૂફિયાએ કિરામની ખૂબ જ વિશ્વાસપાત્ર કિતાબ "તઅર્રુફ"માં છે જેના બારામાં સૈયદના શૈખ શહાબુદ્દીન સુહરવર્દી رضی الله عنه એ ફર્માવ્યું કે જો "તઅર્રુફ" કિતાબ ન હોત તો આપણે લોકો તસવ્વુફના મસાઈલથી અજ્ઞાન રહી જાત. **આ કિતાબમાં સૂફિયાએ કિરામના જે અક઼ીદાઓ સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવ્યા છે તે તમામે તમામ કશીય વધઘટ વિના અહલે સુન્નત વ જમાઅતના જ અક઼ીદાઓ છે.** અમારા આ વર્ણનની સચ્ચાઈ એ છે કે હદીષ, તફસીર, કલામ, ફિક઼્હ, તસવ્વુફ, સિયર તથા તવારીખની વિશ્વસનીય કિતાબો કે જે પૂર્વ તથા પશ્ચિમના ઈલાકાઓમાં મશ્હૂર છે તેને જમા કરવામાં આવે અને તેની છાનબીન કરવામાં આવે અને વિરોધીઓ પણ કિતાબોને લાવે જેથી ઉઘાડુ થઈ જાય કે વાસ્તવિક સ્થિતિ શું છે. સારાંશ એ કે ઈસ્લામ ધર્મમાં **સવાદે આ'ઝમ** એ મઝહબે **અહલે સુન્નત વ જમાઅત** છે. *(અશિઅતુલ લમ્આત, બાબુલ એઅતેસામ, પેજ–૨૫૨, ભાગ–૧, મુબારકપુર)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی الله تعالیٰ عنه એ ફર્માવ્યું કે સરકાર ﷺ એ અમને સમજાવવાના માટે એક (સીધી) લીટી દોરી, પછી ફર્માવ્યું, આ અલ્લાહનો માર્ગ છે. પછી એ સીધી લીટીની જમણી તથા ડાબી બાજુએ અન્ય લીટીઓ દોરીને ફર્માવ્યું કે, આ પણ માર્ગો છે તેમાંના દરેક માર્ગ પર શૈતાન બેઠો છે જે પોતાની તરફ બોલાવે છે. પછી હુઝૂર ﷺ એ આ આયતે કરીમા *(પારા–૮, રુકૂઅ–૬)* તિલાવત કરી :– وَاَنَّ هٰذَا صِرَاطِىْ مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُ (الآية)

એટલે "આ મારો સીધો માર્ગ છે તો એના પર ચાલો ! અને અન્ય માર્ગો પર ન ચાલો કે તે તમને આ સીધા માર્ગથી અલગ કરી દેશે." *(મિશ્કાત શરીફ, કિતાબુલ ઈમાન, બાબુલ એઅતિસામ, હદીષ–૧૫૮)*

ઉપરોક્ત હદીષમાં સરકાર ﷺએ એક સીધી લીટીના જમણે ડાબે જે લીટીઓ ખેંચી તેની સંખ્યા નથી વર્ણવી. અને મારા ઈલ્મના પ્રમાણે કોઈ શરહકર્તાએ એની સ્પષ્ટતા નથી કરી. હા ! તફસીરે મદારિકમાં સૂરએ અન્આમની ઉપરોક્ત આયતના હેઠળ એક રિવાયતમાં લીટીઓની સંખ્યા વર્ણવવામાં આવી છે. રિવાયત છે કે સરકારે દો આલમ ﷺએ એક સીધી લીટી ખેંચી અને ફર્માવ્યું કે આ અલ્લાહનો અને હિદાયતનો રસ્તો છે એનું અનુસરણ કરો, પછી જમણે ડાબે બંનેવ બાજુ વાંકી છ છ લીટીઓ દોરી. પછી ફર્માવ્યું, આ રસ્તાઓમાંથી દરેક પર શૈતાન બેઠો છે અને વાંકી લીટી તરફ બોલાવે છે તો તમે એનાથી બચો. પછી જમણે ડાબે 6+6=12 દરેકમાંથી લીટીઓ કાઢી તો તે ૭૨ થઈ ગઈ. એની શરહમાં લખતાં હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે, આ હદીષ મારા ઈલ્મમાં છે પરંતુ વર્ણવેલ તરીક઼ા પર નહીં કે અસલ ગુમરાહ ફિર્ક઼ા 12 હશે પછી એમનામાંથી દરેકથી છ ફિર્ક઼ા નીકળશે, બલ્કે શરહે મવાકિ઼ફમાં વર્ણન છે કે, "મોટા ફિર્ક઼ા આઠ છે : (૧) મોઅતઝલા (૨) શીઆ (૩) ખારજી (૪) મુરજિયા (૫) બુખારિયા (૬) જબરિય્યહ (૭) મુશબ્બા (૮) નાજિયા. પછી મોઅતઝલાથી ૨૦ ફિર્કા નીકળ્યા, શીઆથી 22 ફિર્ક઼ા નીકળ્યા, ખારજીથી 20 ફિર્ક઼ા નીકળ્યા, મુરજિયાથી પાંચ ફિર્ક઼ા નીકળ્યા, બુખારિયાથી ત્રણ નીકળ્યા, અને બે ફિર્કા જબરિયાથી. આ કુલ ૭૨ થયા. અને નાજિયા નજાત પામનાર ગિરોહ "અહલે સુન્નત વ જમાઅત" છે. *(લમ્આતુત્તન્ક઼ીહ઼ શરહે મિશ્કાત, પેજ–૨૫૧, મુબારકપુર)*

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના મુક઼લ્લિદ હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ "સુન્ની હનફી" બુઝુર્ગ હતા જેમની પ્રશંસા ખૂદ કહેવાતા અહલે હદીષ ફિર્કા઼ના મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ મીર સિયાલકોટીએ પોતાની કિતાબ "તારીખે અહલે હદીષ"માં કરી છે કે આપની ઉમદા ખિદમતો હદીષની શરહોના રૂપે છે...... છેવટમાં લખે છે કે, "મને આજિઝને આપના ઈલ્મો ફઝ્લ અને ઈલ્મે હદીષની ખિદમત અને જાહેરી તથા બાતિની કમાલાતવાળા હોવાના કારણે હુસ્ને અક઼ીદત (શ્રદ્ધા) છે. આપની કેટલીયે કિતાબો મારી પાસે મૌજૂદ છે જેનાથી હું ઘણા ઈલ્મી ફાયદા હાંસલ કરતો રહું છું. *(તારીખે અહલે હદીષ, પેજ : ૩૯૭, અઝ : મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ મીર સિયાલકોટી, પ્રકાશક : અલ્ કિતાબ ઈન્ટર નેશનલ, નઈ દિલ્હી–૨૫)*

ગૈર મુક઼લ્લિદો વિચારે કે **હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ જ્યારે આપના માન્યવર બુઝુર્ગ છે તે પોતે મુક઼લ્લિદ છે અને હનફી છે તથા તેમણે હદીષોના આધારે જણાવી આપ્યું કે ૭૩ ફિર્ક઼ાઓમાં નજાત પામનાર જમાઅત કેવળ એક જ છે અને તે "અહલે સુન્નત વ જમાઅત" છે** જેને તમે લોકો બરેલ્વી સુન્ની કહો છો.

હવે તમે વિના દલીલે કયા મોઢે કહી શકો છો કે તમે કહેવાતા "અહલે હદીષ" કુરૂને ઉલાના જમાનાથી સાબિત થઈને હુઝૂર رضی اللہ عنہથી જઈને મળો છો ?! કેમ કે "કુરૂને ઉલા" એટલે સહાબા, તાબઈન, તબે તાબઈન તો "અહલે સુન્નત વ જમાઅત" પર હતા ! તેમણે પોતાની ઓળખ "અહલે હદીષ" નામથી નથી કરાવી ન તો એનો હદીષમાં કોઈ ઉલ્લેખ છે ! તો જો તમે હદીષોને જ માનતા હોવ તો ગૈર મુક઼લ્લિદિયતથી તૌબા કરી લો અને સુન્નિયત સ્વીકારીને ચારમાંથી કોઈ એક ઈમામના મુક઼લ્લિદ બની જાવ એમાં જ તમારી ભલાઈ છે, કારણ કે કહેવાતો "અહલે હદીષ" ૭૩માંનો એક નજાતી ફિર્કો નથી, બલ્કે તે ૭૨માંથી એક છે જેઓ સૌ જહન્નમી ફિર્ક઼ા છે.

હવે આવો ! જે શયખ અબ્દુલ કાદિર જીલાની એટલે ગૌષે આ'ઝમ رضی اللہ عنہની આ "બઝ્મે તૌહીદ" માસિકવાળા ગૈર મુકલ્લિદે પેજ નં. ૯ ઉપર પ્રશંસા કરી છે તે મહાન બુઝુર્ગ શું ફર્માવે છે તે જુઓ :–

## ★ ગૌષે પાક رضی اللہ عنہની નજરમાં હનફીઓ હક્ક પર ★

"ગુન્યતુત્તાલિબીન" જે સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہની તરફ સંબંધિત કિતાબ છે એના તર્જુમામાં ઉલઝનમાં નાખી દેનારુ એક લખાણ છે, તે એ કે અબૂ હનીફાના માનવાવાળા ગુમરાહ છે. આ લખાણને જોઈને અમુક નાદાન લોકોમાં ગલતફહમી થઈ અને એવું સમજી બેઠા કે સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના ફર્માન પ્રમાણે હનફી મઝહબ ગલત છે ! જ્યારે કે આ અમુક લોકોનું એવું સમજવું તદ્દન બાતિલ છે, કેમ કે **અસલ લખાણ "ગુન્યતુત્તાલિબીન"માં આ પ્રમાણે છે :** **بعض أصحاب أبى حنيفة** એટલે કે અબૂ હનીફા તરફ પોતાને સંબંધિત કરનારાઓમાં અમુક વ્યક્તિઓ ગુમરાહ છે. યાદ રાખશો કે પૂરાણા જમાનામાં એક ગુમરાહ ફિર્કો હતો જે "મોઅતઝલા" કહેવાતો હતો, જેના અકીદા ખૂબ જ ગંદા હતા. મઆઝલ્લાહ ! કબરના અઝાબનો મુન્કિર હતો. એના નાપાક અકીદાઓમાંથી એ હતું કે કુર્આન (મઆઝલ્લાહ) મખ્લૂક તથા હાદિષ છે. જ્યારે કે અહલે સુન્નત વ જમાઅતનો અકીદો છે કે કુર્આન અલ્લાહની સિફતે કદીમ તથા ગૈર મખ્લૂક છે. આ ફિર્કો આટલા નાપાક અકીદાઓ રાખવા છતાં પોતાને મુકલ્લિદ કહેતો હતો, અને કહેતો હતો કે અમે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہના મુકલ્લિદ તથા અનુયાયી છીએ. જેમ કે ઝુમખ્શરી, જબાઈ તથા ઝાહિદી કે એઓ સૌ ગુમરાહ હતા અને છે. (જેમ કે વર્તમાનકાળમાં દેવબંદીઓ નબી صلی اللہ علیہ وسلمની ગુસ્તાખીવાળા કુફ્રી અકીદા ધરાવવા છતાં પોતાને હનફી કહે છે !) આ જ ગુમરાહ મોઅતઝલા ફિર્કાના બારામાં હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, "અબૂ હનીફા તરફ પોતાને સંબંધિત કરનારાઓમાં અમુક વ્યક્તિઓ ગુમરાહ છે."

મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ આ ગલતફહમીના ચાર જવાબો લખ્યા છે, એમાંથી ચોથા જવાબનો સાર આ પ્રમાણે છે :– "કદાપિ ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ હનફી મઝહબને ગલત તથા તેના તમામ માનવાવાળાઓને ગુમરાહ નથી ફર્માવ્યા. કેમ કે ખૂદ ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ એક હનફી મઝહબવાળા અલ્લાહના વલીની વિલાયત તથા બુઝુર્ગી અને તેમની શાનની મહાનતાની ગવાહી આપી છે. તો ગૌષે આ'ઝમનું એક હનફીની વિલાયત તથા બુઝુર્ગી તથા કમાલને સ્વીકારવું અને તેની ગવાહી આપવું એ, એ વાતની ઉઘાડી દલીલ છે કે હનફી મઝહબ આપના નજીક હક્ક છે અને સહીહ અકીદા રાખીને એની પયરવી કરનારા ગુમરાહ નથી, પણ હક્કવાળા છે. હનફિયત હક્ક છે ત્યારે જ તો ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ હનફી મઝહબના એક મુકલ્લિદને અઝીમુશ્શાન વલી ઠરાવ્યા.

મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે કે, કિતાબ મુસ્તતાબ (સારી કિતાબ) બહજતુલ અસ્રારમાં સહીહ સનદ સાથે હઝરત અબૂ તકી મુહમ્મદ બિન અઝહર શરીફીનીથી છે : મને રિજાલુલ્ ગયબને જોવાની તમન્ના હતી. ઈમામ અહમદ رضی اللہ عنہના મઝારે પાકની નજીક એક પુરૂષને જોયો તો દિલમાં આવ્યું કે મર્દાને ગયબમાંથી છે. તે ઝિયારતથી ફારિગ થઈને ચાલ્યા તો એ પાછળ થઈ ગયા. એમના માટે દરિયાનો પટ સમેટાઈને એક કદમભર જેટલો રહી ગયો કે પગ રાખીને પેલે પાર થઈ ગયા.

તેમણે તેમને કસમ આપીને રોકયા અને તેમનો મઝહબ પૂછયો, તો ફર્માવ્યું, حَنِيْفاً مُسلِماً وَما اَنَا مِنَ الْمُشْرِكِيْنَ એ સમજ્યા કે હનફી છે. હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં બનાવ અરજ કરવા માટે હાજર થયા. હુઝૂર અંદર છે, દરવાજા બંધ છે, છતાં એમના પહોંચતાં જ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہએ અંદરથી ફર્માવ્યું, **હે મુહમ્મદ ! આજે પૃથ્વીના પટ ઉપર આવી શાનનો કોઈ વલી હનફી મઝહબમાં નથી."**

આ બનાવને નકલ કર્યા બાદ મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ પરિણામ દર્શાવતાં લખે છે કે : **"શું મઆઝલ્લાહ ! ગુમરાહ બદ્‌મઝહબ લોકો અવલિયા અલ્લાહ હોય છે કે જેની વિલાયતની ગવાહી ખૂદ સરકાર ગૌષે પાક رضی اللہ عنہએ આપી ?!**

આ બનાવ પરથી જેવી રીતે હનફી મઝહબની હક્કાનિયતની સાબિતી મળી, તેવી જ રીતે સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની કશ્ફવાળી નિગાહોનો પણ અંદાઝો લાગ્યો કે આપે પોતાની બુઝુર્ગીના કમાલ વડે માલૂમ કરી લીધું કે મુહમ્મદ બિન અઝહર શરીફીની એવું જાણવા માગે છે કે એ વિલાયત પર કરાતવાળો શખ્સ હનફી મઝહબવાળો છે કે અન્ય મઝહબની પયરવી કરવાળો છે ? *(મકામે ગૌષે આ'ઝમ ઔર ઈમામ અહમદ રઝા, પેજ : ૪૫, ૪૬)*

હવે સાંભળો ! આ 'બઝ્મે તૌહીદ" માસિકવાળા ગૈર મુકલ્લિદે પેજ નં. ૯ પર લખ્યું છે કે :–

*"......ઉસકે બાદ ભી દુન્યામેં બહોત સારે દીનમેં ખિદમત ગુઝાર બંદે પૈદા હુવે. મિષાલકે તૌર પર શૈખ અબ્દુલકાદિર જીલાની (رحمۃ اللہ علیہ) ઈન્હોંને પૂરી જિંદગી દીને ઈસ્લામ કે નામ પર કુર્બાન કર દી જિન્હેં અવામને ઔર ઉસ ઝમાને કે ઈલ્મવાલોંને "વલીયોં કા સરદાર" કા લકબ દિયા. ઉન્હેં ભી 'રહમતુલ્લાહિ અલૈહ' કહા ગયા....."*

સુબ્હાનલ્લાહ ! જો આ ગૈર મુકલ્લિદ ઉપર દર્શાવ્યું તેમ હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہને "વલીઓના સરદાર" માને છે તો તેણે ગૈર મુકલ્લિદિયત અને કહેવાતી અહલે હદીષથી તૌબા કરીને સુન્ની હનફી બની જવું જોઈએ, કેમ કે શૈખ અબ્દુલ કાદિર જીલાની ગૌષ પાક رضی اللہ عنہએ હનફીઓને હક્ક પર દર્શાવ્યા છે અને પોતાના તરફથી હનફી વલીની વિલાયતની સાક્ષી આપી છે.

આ લેખ લખાતો હતો એ દરમ્યાન જ એક પત્ર મળ્યો જેમાં છે કે *ખતીબ કિતાબ ઘર–અમદાવાદથી* છપાયેલ ગુજરાતી "ગુન્યતુત્તાલિબીન"માં ૭૩ ફિર્કાઓનાં નામો લખ્યાં છે તેમાં હનફી નોઅમાન બિન ષાબિત ફિર્કો જહન્નમી છે તેવું લખ્યું છે. તો આ લખાણમાં એનો પણ ખુલાસો થઈ ગયો, અને "હનફી" કોઈ ફિર્કો નથી બલ્કે "અહલે સુન્નત વ જમાઅત"ના ચાર મુજતહિદ ઈમામોના મઝહબમાંનો એક સુન્ની મઝહબ જ છે. જેથી એ કિતાબમાંનું લખાણ મૂળ કિતાબના લખાણમાં હેરફેર તથા ઘાલમેલવાળુ લખાણ છે, એ પણ સાબિત થાય છે.

"ગુન્યતુત્તાલિબીન"માં અસલ શું શબ્દો લખેલા છે તે ઉપર રજૂ કર્યા છે એ સિવાય એના અન્ય કોઈ તર્જુમામાં બીજા કોઈ શબ્દો હોય તો એ કોઈ ઉર્દૂ તર્જુમો કરવાવાળા કે છાપનારા તરફથી ઘાલમેલ થઈ છે એટલું સમજી લેવું. ગૌષ પાક رضی اللہ عنہએ હનફી મઝહબવાળાને હરગિઝ જહન્નમી નથી ફર્માવ્યા બલ્કે ઉપર વર્ણવ્યું તેમ હક્ક પર દર્શાવેલ છે, એને યાદ રાખશો.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

કાર્યાલય

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَلَنَبْلُوَنَّكُمْ بِشَیْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ
الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرٰتِ ؕ وَبَشِّرِ الصّٰبِرِیْنَ ﴿۱۵۵﴾
الَّذِیْنَ اِذَاۤ اَصَابَتْهُمْ مُّصِیْبَةٌ ۙ قَالُوْۤا اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَیْهِ
رٰجِعُوْنَ ﴿۱۵۶﴾ اُولٰٓىِٕكَ عَلَیْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَ
رَحْمَةٌ ۫ وَاُولٰٓىِٕكَ هُمُ الْمُهْتَدُوْنَ ﴿۱۵۷﴾ اِنَّ الصَّفَا وَالْمَرْوَةَ
مِنْ شَعَآىِٕرِ اللّٰهِ ۚ فَمَنْ حَجَّ الْبَیْتَ اَوِ اعْتَمَرَ فَلَا
جُنَاحَ عَلَیْهِ اَنْ یَّطَّوَّفَ بِهِمَا ؕ وَمَنْ تَطَوَّعَ خَیْرًا ۙ
فَاِنَّ اللّٰهَ شَاكِرٌ عَلِیْمٌ ﴿۱۵۸﴾ اِنَّ الَّذِیْنَ یَكْتُمُوْنَ مَاۤ
اَنْزَلْنَا مِنَ الْبَیِّنٰتِ وَالْهُدٰى مِنْۢ بَعْدِ مَا بَیَّنّٰهُ
لِلنَّاسِ فِی الْكِتٰبِ ۙ اُولٰٓىِٕكَ یَلْعَنُهُمُ اللّٰهُ وَیَلْعَنُهُمُ
اللّٰعِنُوْنَ ﴿۱۵۹﴾ اِلَّا الَّذِیْنَ تَابُوْا وَاَصْلَحُوْا وَبَیَّنُوْا
فَاُولٰٓىِٕكَ اَتُوْبُ عَلَیْهِمْ ۚ وَاَنَا التَّوَّابُ الرَّحِیْمُ ﴿۱۶۰﴾
اِنَّ الَّذِیْنَ كَفَرُوْا وَمَاتُوْا وَهُمْ كُفَّارٌ اُولٰٓىِٕكَ عَلَیْهِمْ
لَعْنَةُ اللّٰهِ وَالْمَلٰٓىِٕكَةِ وَالنَّاسِ اَجْمَعِیْنَ ﴿۱۶۱﴾ خٰلِدِیْنَ
فِیْهَا ۚ لَا یُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ یُنْظَرُوْنَ ﴿۱۶۲﴾

## સૂરએ બક઼રહની તફસીર

અને જરૂર અમે તમને અજમાવીશું અમુક ડર અને ભૂખથી[૨૮] અને અમુક જાન માલ અને ફળોની કમીથી[૨૯] અને ખુશ ખબરી સંભળાવ તે સબ્રવાળાઓને (૧૫૫) કે જ્યારે એમના પર કોઈ મુસીબત પડે તો કહે અમે ખુદાનો માલ છીએ અને તેના જ તરફ ફરવું (છે)[30] (૧૫૬) આ લોકો છે જેમના પર એમના રબની દુરૂદો છે અને રહમત અને આ જ લોકો રસ્તા પર છે (૧૫૭) બેશક ! સફા અને મરવા[31] અલ્લાહની નિશાનીઓમાંથી છે[32] તો જે આ ઘરની હજ કરે કે ઉમરો કરે તો તેના પર કંઈ ગુનોહ નથી કે આ બન્નેવ ફેરા કરે[33] અને જે કોઈ ભલી વાત પોતાના તરફથી કરે તો અલ્લાહ નેકીનો બદલો આપનાર ખબરદાર છે (૧૫૮) બેશક ! તેઓ જે અમારી ઉતારેલી રોશન વાતો અને હિદાયતને છુપાવે છે[34] એના પછી કે લોકો માટે અમે તેને કિતાબમાં સ્પષ્ટ કરી ચૂક્યા, તેમના પર અલ્લાહની લઅનત છે અને લઅનત કરનારાઓની લઅનત[35] (૧૫૯) પણ તેઓ જે તવબહ કરે અને સુધારે અને જાહેર કરે તો હું તેઓની તવબહ કબૂલ કરનાર મહેરબાન (૧૬૦) બેશક ! તેઓ જેમણે કુફ્ર કર્યું અને કાફિર (હોવાની હાલત પર) જ મર્યા તેમના પર લઅનત છે અલ્લાહ અને ફરિશ્તાઓ અને આદમીઓ બધાની[36] (૧૬૧) તેમાં હમેશાં રહેશે, ન તેઓ પરથી અઝાબ હળવો થાય અને ન તેઓને મોહલત આપવામાં આવે (૧૬૨)

## :: સમજૂતી ::

**૨૮.** અજમાઈશ કરવાથી ફર્માબરદાર અને નાફર્માન લોકોની હાલત જાહેર કરવાનો મક્સદ છે.

**૩૯.** ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ કહ્યું કે ખોફથી અલ્લાહનો ડર અને ભૂખથી રમઝાનના રોઝા, માલોની કમીથી ઝકાત અને સદકા દેવા, જાનોની કમીથી બીમારીઓના કારણે મરણો થવાં અને ફળોની કમીથી ઔલાદનાં મરણ મુરાદ છે, કારણ કે ઔલાદ દિલનું ફળ છે. હદીષ શરીફમાં હુઝૂર ﷺનું ફર્માન છે કે **જ્યારે કોઈ બન્દાનું બાળક મરણ પામે છે ત્યારે અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે કે તમે તેના દિલનું ફળ તોડી દીધું ? તેઓ કહે છે હા ! હે પરવરદિગાર ! ત્યારે ફર્માવે છે, તે સમયે મારો બન્દો શું બોલ્યો ? તેઓ વિનંતી કરે છે કે તેણે તારા વખાણ કર્યા અને "ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજિઊન" પઢયો. ત્યારે અલ્લાહ પાક ફર્માવે છે કે એના માટે જન્નતમાં એક ઘર બનાવો અને તેનું નામ 'બયતુલ હમ્દ' રાખો.**

આ આયતમાં મામિનોને અનેક પ્રકારની મુસીબતો વેઠવી પડશે એવી અગાઉથી ખબર આપવામાં આવી છે. એમાં કેટલાંક રહસ્યો છે. એક તો એ કે એનાથી માણસ માટે મુસીબત સમયે સબ્ર કરવાનું સહેલું થઈ પડે છે. બીજૂ એ કે કાફિર જ્યારે જુએ છે કે મુસલમાન બલા અને મુસીબતના સમયે પણ ધીરજ ધરનાર, પોતાના રબનો આભાર માનનાર બની રહે છે અને પોતાના ધર્મ પર ચુસ્તપણે અડગ રહે છે ત્યારે તેઓને ઈસ્લામની ખૂબી જાણવા મળે છે, અને એના પ્રતિ આકર્ષાય છે. ત્રીજુ એ કે આવનાર મુસીબતની તેના આગમન પહેલાં ખબર આપવી એ ગૈબની ખબર અને હુઝૂર ﷺનો મોઅજિઝો છે. ચોથું રહસ્ય એ કે મુનાફિકો મુસીબતના સમયે મુસલમાનોથી અલગ પડી જાય અને એ રીતે બન્નેમાં ફેર જાહેર થઈ જાય.

**૩૦.** હદીષ શરીફમાં છે કે મુસીબત ટાણે 'ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન' પઢવાથી અલ્લાહની રહમત થાય છે. હદીષ શરીફમાં એ પણ છે કે મોમિનની તકલીફને અલ્લાહપાક તેના ગુનાહોનો કફ્ફારો બનાવે છે.

**૩૧.** સફા અને મરવા મક્કા શરીફના બે પહાડોનાં નામ છે જે કા'બા શરીફની પૂર્વ દિશામાં છે. મરવા ઉત્તર તરફના ખૂણામાં અને સફા દક્ષિણના ખૂણા તરફ જબલે અબીકુબેસની તળેટીમાં છે. હઝરત હાજરા અને હઝરત ઈસ્માઈલ علیہ السلامએ આ બન્ને પર્વતોની નજીક તે સ્થળે જ્યાં ઝમઝમનો કૂવો છે ત્યાં અલ્લાહના હુકમથી મુકામ કર્યો હતો, તે સમયે આ જગ્યા પર્વતાળ જંગલ જેવી હતી, ન તો અહીં ઘાસચારો ઉગતો હતો ન તો પાણી હતું કે ન ખાવા–પીવાની કોઈ વસ્તુ મળતી, અલ્લાહની રઝામંદી માટે અલ્લાહના આ મક્બૂલ બન્દાઓએ સબ્ર કર્યો. હઝરત ઈસ્માઈલ علیہ السلام તે સમયે ઘણા જ નાની ઉમરના હતા. તરસને લઈને જ્યારે તેઓ મૃત્યુની અણી પર આવ્યા ત્યારે હઝરત હાજરા વ્યાકૂળ બનીને સફા પર્વત પર ચઢયાં. ત્યાં પણ પાણી ન મળ્યું ત્યારે નીચેના મેદાનમાં દોડતાં દોડતાં મરવા પર્વત પર ચઢી ગયાં. આવી જ રીતે સાત ફેરા લગાવ્યા. અલ્લાહ તઆલાએ "ઈન્નલ્લાહ મઅસ્સાબિરીન"નો જલ્વો એ રીતે દેખાડયો કે ગૈબથી એક ઝરણુ (ઝમઝમ) નીકળ્યું. અને તેમના સબ્ર અને ઈખ્લાસની બરકતથી એમના અનુકરણમાં આ બન્ને પર્વતોની વચમાં દોડનારાઓને પણ પોતાની બારગાહમાં મક્બૂલ અને આ બન્ને પર્વતોને દુઆ કબૂલ થવાનું સ્થળ બનાવ્યું.

**૩૨.** શઆઈરિલ્લાહનો મતલબ દીનની નિશાનીઓ થાય છે. પછી તે સ્થળો હોય જેમ કે કા'બા, અરફાત, મુઝદલફા, ત્રણે કાંકરા મારવાના સ્થળો, સફા, મરવા, મિના, મસ્જિદો. અથવા સમય હોય જેમ કે રમઝાન, હરામ મહીના, ઈદુદ્દુહા, જુમ્આ, તશરીકના દિવસો. અથવા બીજી નિશાનીઓ જેમ કે અઝાન, ઈકામત, જમાઅત, જુમ્આ, તશરીકના દિવસો. અથવા બીજી નિશાનીઓ જેમકે અઝાન ઈકામત, જમાઅત, જુમ્આ અને ઈદની નમાઝો, ખત્ના આ તમામ દીનની નિશાનીઓ છે.

**૩૩. શાને નુઝૂલ** : જહાલતના સમયમાં સફા અને મરવા પર બે મૂર્તિઓ મૂકેલી હતી. સફા પર જે મૂર્તિ હતી તેનું નામ અસાફ અને મરવા પરની મૂર્તિનું નામ નાઈલા હતું. કાફિરો જ્યારે સફા–મરવાની સઈ કરતા ત્યારે તાઝીમની નિય્યતથી આ બન્ને મૂર્તિઓ પર હાથ ફેરવતા હતા. ઈસ્લામના સમયમાં તે મૂર્તિઓ તો તોડી નાખવામાં આવી. પણ કાફિરો અહીં મુશ્રિકોના કાર્યો કરતા હતા, તેથી મુસલમાનોને સફા મરવાની સઈ અણગમતી લાગી, કારણ કે કાફિરોના મુશ્રિકોના કાર્યો સાથે ક્યાંય સરખાપણુ ન થઈ જાય. આ આયતમાં મુસલમાનોને કહેવામાં આવ્યું કે તમારી નિય્યત માત્ર અલ્લાહની જ ઈબાદત કરવાની છે માટે તમારે સરખાપણાની ચિંતા ન કરવી જોઈએ. અને કાબા શરીફની અંદર જે રીતે જેહાલતના સમયે મુશ્રિકોએ મૂર્તિઓ મૂકી હતી, પછી ઈસ્લામના સમયમાં મૂર્તિઓ હટાવી લેવામાં આવી. અને કાબાનો તવાફ બાકી રાખવામાં આવ્યો અને તે દીનની નિશાનીઓમાં ગણવામાં આવ્યો, એવી જ રીતે કાફિરોની મૂર્તિ પૂજાના કારણે સફા મરવાને દીનની નિશાનીઓ બનાવવામાં કંઈ જ વાંધો નથી.

**મસ્અલો** : સઈ એટલે કે સફા મરવાની વચમાં દોડવું વાજિબ છે. હદીષ શરીફથી સાબિત છે. હુઝૂર ﷺએ હમેશાં એ કાર્ય કર્યું છે. એને છોડી દેવાથી કુરબાની વાજિબ થાય છે.

**મસ્અલો** : સફા મરવાની વચમાં સઈ કરવી હજ અને ઉમરા બન્નેમાં જરૂરી છે. ફેર એટલો છે કે શર્ત નથી.

**મસ્અલો** : ઉમરા કરનાર મક્કા શરીફની બહારથી આવતો હોય તો પણ તેને સીધુ જ મક્કા શરીફ આવીને તવાફ કરવો જોઈએ, અને મક્કા શરીફનો જ રહેવાસી હોય તો તેણે હરમ શરીફની હદની બહાર નીકળી એહરામ બાંધીને તવાફ માટે આવવું જોઈએ. હજ અને ઉમરામાં એક ફેર આ પણ છે કે હજ વર્ષમાં એક જ વાર થઈ શકે છે કારણ કે હજની શર્ત છે કે અરફાતમાં અરફા એટલે કે ઝિલહજજની ૯મી તારીખે જ જવું જોઈએ, અને આ વર્ષમાં એક જ વખત શક્ય છે. જ્યારે ઉમરા દરરોજ થઈ શકે છે કારણ કે એના માટે કોઈ સમય નક્કી નથી.

**૩૪.** આ આયત યહૂદીઓના એવા ધર્મગુરૂઓ વિશે ઉતરી જેઓ તવરાતમાં હુઝૂર ﷺના વખાણ, રજમની આયત અને તવરાતની બીજી આયતો છુપાવતા હતા.

**મસ્અલો** : દીનનું ઈલ્મ જાહેર કરવું ફર્ઝ છે.

**૩૫.** લઅનત કરનારાઓથી ફરિશ્તા અને મોમિન ધારવામાં આવે છે. એક મંતવ્ય એવું છે કે અલ્લાહના તમામ બન્દા મુરાદ છે.

**૩૬.** મોમિનો તો કાફિરો પર લઅનત કરે જ, પણ કયામતના દિવસે કાફિરો પણ એકબીજા પર લઅનત કરશે.

**મસ્અલો** : આ આયતમાં એવાઓ પર લઅનત કરવામાં આવી જેઓ કુફ્ર પર મર્યા હોય, એનાથી સાબિત થયું કે **જેનું મોત કુફ્ર પર થયું હોય તેના પર લઅનત કરવી જાઈઝ છે.**

**મસ્અલો** : ગુનેહગાર મુસલમાન પર વ્યક્તિગત (માણસ નક્કી કરીને) લઅનત કરવી જાઈઝ નથી, સામાન્ય રીતે (કોઈને પણ નક્કી કર્યા વગર) જાઈઝ છે. જેવી રીતે કે હદીષ શરીફમાં ચોર અને વ્યાજખાઉં પર લઅનત કરવામાં આવી છે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હદીષ : ગુસ્લનું બયાન**[1] *(પ્રથમ વિભાગ) : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ સ્ત્રીના ચારેવ ભૂજાઓ (શાને)ના દરમ્યાન બેસે પછી કોશિશ કરે તો ગુસ્લ વાજિબ થઈ ગયું ભલે સ્ખલન ન થાય[2]. (મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)*

*હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે પાણી પાણીથી જ છે[3]. (મુસ્લિમ શરીફ) શયખ ઈમામ મોહયુસ્સુન્નહ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે આ હદીષ મન્સૂખ છે અને હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે પાણીનું કેવળ પાણીથી હોવું એહતેલામમાં (સ્વપ્નદોષમાં) છે[4] એને તિર્મિઝીએ રિવાયત કરી. મેં એને બુખારી તથા મુસ્લિમમાં ન જોયી.*

*હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે હઝરત ઉમ્મે સુલૈમે અર્ઝ કરી[5], યા રસૂલલ્લાહ ! ﷺ યકીનન ! અલ્લાહ તબારક વ તઆલા હક્કથી નથી શરમાતો, શું સ્ત્રી પર ગુસ્લ વાજિબ છે જ્યારે તેણીને એહતેલામ (સ્વપ્નદોષ) થાય ? ફર્માવ્યું, હા ! જ્યારે પાણી જુએ[6]. તો ઉમ્મે સુલૈમે મોઢું છુપાવી લીધું અને બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ શું સ્ત્રીને પણ એહતેલામ થાય છે[7] ? ફર્માવ્યું, હા ! તમારો હાથ ધૂળમાં મળે ! નહીં તો બાળક પોતાની માનો હમશકલ શાથી થાય છે[8]?! (મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)*

*મુસ્લિમે ઉમ્મે સુલૈમની રિવાયતથી આટલો વધારો કર્યો છે કે પુરૂષનું વિર્ય ઘટ્ટ સફેદ હોય છે અને સ્ત્રીનું વિર્ય પાતળુ પીળુ. એમનામાંથી જે ગાલિબ આવે (સવાર થાય) અથવા પ્રથમ હોય તેના જેવું બાળક થશે[9].*

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે જનાબતનું ગુસ્લ કરતા તો એ રીતે શરૂ કરતા કે પ્રથમ બંનેવ હાથ ધોતા[10] પછી નમાઝના વુઝૂની જેમ વુઝૂ કરતા[11] પછી પોતાની આંગળીઓ પાણીમાં નાખતા તો એના વડે વાળોની જડોમાં ખિલાલ કરતા. પછી પોતાના માથા પર બંને હાથો વડે ત્રણ ખોબા નાખતા. પછી પોતાની સર્વ ચામડી પર પાણી વહાવતા[12]. (મુસ્લિમ, બુખારી)*

*અને મુસ્લિમની રિવાયતમાં છે કે, એ રીતે શરૂ કરતા કે વાસણમાં નાખતા પહેલાં બંનેવ હાથ ધોતા પછી પોતાના જમણા હાથ વડે ડાબા હાથ પર પાણી રેડતા પછી ઈસ્તિંજો કરતા, પછી વુઝૂ કરતા[13].*

## -:: સ....મ....જૂ....તી.... ::-

૧. ઈસ્લામમાં ગુસ્લ ચાર પ્રકારનાં છે : ફર્ઝ, સુન્નત, મુસ્તહબ અને મુબાહ. ફર્ઝ ગુસ્લ ત્રણ છે : જનાબતના કારણે, હૈઝના કારણે, નિફાસના કારણે. જનાબત ચાહે વાસના સાથે થવાના કારણે હોય કે સંભોગના કારણે, પછી ભલે વિર્ય સ્ખલન થાય કે ન થાય. સુન્નત ગુસ્લ પાંચ છે : જુમ્આનું ગુસ્લ, ઈદોનું ગુસ્લ, એહરામના વખતનું ગુસ્લ, અરફાના દિવસનું ગુસ્લ. મુસ્તહબ ગુસ્લો ઘણા છે : મુસલમાન થતી વખતે, મુડદાને નવડાવીને, કુર્બાનીના દિવસે, તવાફે ઝિયારતના માટે, મદીના મુનવ્વરા હાજરીના પ્રસંગે વગેરે. મુબાહ ગુસ્લ જે ઠંડક વગેરે માટે કરવામાં આવે. આ પ્રકરણમાં ઘણા પ્રકારનાં ગુસ્લોનું વર્ણન થશે. **ગુસ્લમાં ત્રણ ફર્ઝ** છે : કુલ્લી કરવી, નાકમાં પાણી નાખવું,

તમામ જાહેરી બદન (શરીર) પર પાણી વહાવવું.

**૨.** એની શરહ તે હદીષ છે જેમાં ફર્માવવામાં આવ્યું કે ખત્ના, ગાલિબ થઈ જાય. ખત્નામાં (બંનેનાં ગુપ્તાંગનો મેળાપ થઈ જાય) એ જ અહીં મુરાદ છે. એટલે કે જ્યારે શહવત (વાસના)વાળી સ્ત્રી સાથે સંભોગ કરવામાં આવે અને હફશા (ગુપ્તાંગનો ગોળ ટોચનો ભાગ) સ્ત્રીના ગુપ્તાંગમાં પ્રવેશ પામે તો ગુસ્લ વાજિબ થઈ ગયું. ચાર શાને (ભૂજાઓ)થી ચાર હાથ પગો મુરાદ છે અને બેસવાનું વર્ણન આમ જ છે. નહીં તો જે સ્થિતિમાં પણ સંભોગ થાય ગુસ્લ વાજિબ છે. ઘણી જ નાની વયની બાળકી તથા જાનવર સાથે સંભોગ કરવામાં વિર્ય સ્ખલન શર્ત છે. વિના વિર્ય સ્ખલન ગુસ્લ વાજિબ નથી.

**૩.** ગુસ્લ કરવું વિર્ય નીકળવાથી જ વાજિબ છે જ્યારે કે વાસના સાથે (ફોર્સથી) હોય.

**૪.** એટલે કે ભલે હદીષ સંભોગના વિશે છે ત્યારે તો મન્સૂખ છે, તેની નાસિખ (મન્સૂખ કરનારી હદીષ) હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની હદીષ છે. તેમજ તે હદીષ જે આગળ આવી રહી છે અને જો એહતેલામ (સ્વપ્નદોષ)ના બારામાં છે તો હુકમ છે કે આજે પણ સ્વપ્નદોષમાં વિર્ય સ્ખલન વિના ગુસ્લ વાજિબ નથી. એનુ વર્ણન આગલી હદીષમાં પણ આવી રહ્યું છે.

**૫.** આપના નામમાં મતભેદ છે. કુન્નિયત ઉમ્મે સુલૈમ છે. માલિક ઈબ્ને નઝરના નિકાહમાં હતાં. તેમનાથી હઝરત અનસ પેદા થયા. માલિકના કત્લ પછી અબૂ તલ્હાના નિકાહમાં આવ્યાં. એ વખત સુધી અબૂ તલ્હા મુશ્રિક હતા, તો આપે એ શર્ત પર નિકાહ કર્યા કે આપ મુસલમાન થઈ જાય.

**૬.** આ હદીષ પાછલી હદીષની તફસીર છે. એટલે કે ઊંઘની સ્થિતિમાં તરી જોયા વિના ગુસ્લ વાજિબ નથી, ચાહે વિર્ય (મની) હોય કે મઝી, કેમ કે વિર્ય પાતળુ હોવાની સ્થિતિમાં મઝી જેમ જણાય છે.

**૭.** એનાથી જાણવા મળ્યું કે પત્નીઓ હુઝૂરના નિકાહમાં આવનારી હોય, એમને એહતેલામ પણ નથી થતો, એટલે કે રબ તઆલા એમને ઝિનાના ખયાલથી પણ પાક રાખે છે. આ છે અઝવાજે પાક (પવિત્ર બીવીઓ)ની મહાનતા.

**૮.** સુબ્હાનલ્લાહ ! કેવો હિકમતપૂર્ણ જવાબ છે. મક્સદ એ છે કે એહતેલામની ઈલ્લત અથવા એહતેલામના કારણે વિર્ય છે અને વિર્ય સ્ત્રીમાં છે જેથી એહતેલામ પણ સ્ત્રીને થવો જોઈએ. અને મનીની સાબિતી એ છે કે ક્યારેક બાળક માની શિક્કલનું થાય છે જ્યારે માનુ વિર્ય બાપના વિર્ય પર સવાર થઈ જાય. હાથનું ખાકમાં મળવું બદ્ દુઆ નથી. બલ્કે અરબવાસીઓ ક્યારેક મહોબ્બતમાં પણ આ શબ્દો બોલે છે.

**૯.** આ અસલી હાલત છે નહીં તો ક્યારેક કમજોર મર્દની મની (વિર્ય) પાતળી અને કમજોર થઈ જાય છે અને શક્તિશાળી સ્ત્રીની મની સફેદ તથા ગાઢ થઈ જાય છે. બાળક માબાપની મિશ્ર મની વડે બને છે, જેના અંશો વધારે હશે બાળક એની જાતિમાંથી થશે, એટલે કે જો સ્ત્રીની મનીના અંશો વધારે છે તો પુત્રી થશે, નહીં તો પુત્ર થશે, અને ગર્ભમાં જેનું વિર્ય પ્રથમ પડશે તેના જેવી શક્કલવાળુ બાળક થશે.

**૧૦.** યાદ રાખશો કે અંબિયાએ કિરામને એહતેલામ (સ્વપ્નદોષ) કદી નથી થતો જેવું કે તિબ્રાનીની રિવાયતમાં છે, તેમની જનાબતની સ્થિતિ કેવળ સંભોગના કારણે થાય છે. આ હાથને ધોવું વુઝૂથી પહેલાં છે. કેમ કે વુઝૂનું વર્ણન આગળ આવી રહ્યું છે. કેમ કે એ જમાનામાં સામાન્યતઃ મોટા વાસણમાં હાથ નાખીને પાણી લેવામાં આવતુ હતું એટલા માટે પ્રથમ હાથ ધોવામાં આવતા હતા. તેમજ હાથમાં ગંદકીની પણ સંભાવના રહે છે.

**૧૧.** કે જો તખ્તા વગેરે પર હોતા તો પગો પણ ધોઈ લેતા, અને જો કાચી જમીન પર હોતા તો પગો ગુસ્લના પછી ધોતા.

**૧૨.** ઝુલ્ફોવાળા માણસ માટે હજી પણ સુન્નત છે કે પ્રથમ ઝુલ્ફોનો ખિલાલ કરે અને માથાને ધૂએ, પછી સર્વ શરીરની સાથે પણ માથા પર પાણી નાખે.

**૧૩.** આ પરથી જાણવા મળ્યું કે ગુસ્લથી પહેલાં ઈસ્તિંજા કરવું પણ સુન્નત છે.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ)*


### અલ્ હફીઝ اَلْحَفِيْظُ

### (દરેકની હિફાઝત-દેખભાળ કરનાર)

**સમજૂતી** : તે જ છે જે સૌની હિફાઝત ફર્માવે છે. તહફફુઝ તથા સલામતી કેવળ તેના તરફથી જ થાય છે. મુબારક નામ اَلْحَفِيْظُ **"અલ્ હફીઝ"** એ **"હિફ્ઝ"**થી બનેલ છે. અલ્લાહ તઆલાની હિફાઝત બે પ્રકારની છે : (૧) તમામ સૃષ્ટિના વજૂદને ક઼ાયમ તથા બાકી રાખે છે. જેમ કે આસ્માન જમીન વગેરે સૌને તેનાથી જ જિંદગી તથા તહફફુઝ હાંસલ છે. બીજી હિફાઝત એ કે સૃષ્ટિમાં જે એકબીજાના વિરોધી તથા દુશ્મન છે તે સૌને પણ હિફાઝત તે જ અતા ફર્માવે છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં હફીઝ તે શખ્સ છે જેનું દિલ તથા અંગો ગુસ્સાના પ્રભાવ, નફ્સાની ખ્વાહિશોના ફરેબ તથા શયતાનના ધોકાથી મેહફૂઝ તથા સલામત રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે જે તેનો ઝિક્ર કરશે અથવા પોતાની પાસે લખીને રાખશે તે દરેક જગાએ બરકતો હાંસલ કરશે અને જો કોઈ તેનું તાવીઝ પહેરીને હિંસક જાનવરો વચ્ચે સૂઈ જશે તો તે જાનવરો પણ તેને નુકસાન નહીં પહોંચાડે.

### અલ્ મુક઼ીત اَلْمُقِيْتُ

### (સૌને રોજી દેનાર)

**સમજૂતી** : તે જ શરીરોનો ખોરાક પેદા ફર્માવે છે. તેને શરીરો સુધી પહોંચાડે છે અને દિલોનો ખોરાક ઈલ્મ તથા મારેફતને દિલો સુધી પહોંચાડે છે. આ અર્થમાં اَلْمُقِيْتُ **"અલ્ મુક઼ીત"** રઝ્ઝાક઼ના અર્થમાં આવશે. અહીં એક ફર્ક જરૂર છે કે રિઝક઼ ખોરાક સિવાય પર પણ બોલવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : મુબારક નામ اَلْمُقِيْتُ **"અલ્ મુક઼ીત"**થી બંદાનો ભાગ એ છે કે તે બીજાઓને ખવડાવે, પોતાના નફસ પર કંટ્રોલ કરે, ગાફિલોને ગફલતની ઊંઘમાંથી સીધા રસ્તા પર લગાડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે જગાએ اَلْمُقِيْتُ **"અલ્ મુક઼ીત"**નો ઝિક્ર થશે ત્યાં રોજીમાં બરકત તથા વધારો થશે. રોઝદાર તેને લખે અથવા માટી પર પઢી તેને પાણીમાં પીગાળીને સૂંઘશે તો તાકત મળશે. આમ જો કોઈ પ્યાલા પર ૭ વાર પઢે અને એના પર એને લખી પણ આપે, અને પોતાના સફરમાં તેના વડે તે પાણી પીએ તો તેને સફરના ડર તથા એકલાપણાનો એહસાસ નહીં થાય. ખાસ કરીને તેની સાથે સવાર સાંજ સૂરએ યાસીન પઢે તો એની બરકતમાં ઔર વધારો થશે આ અમલ ઘણો જ અજમાવેલ છે.

## અલ્ હસીબ اَلْحَسِيبُ

**(દરેકની હિફાઝત-વ્યવસ્થા) કરનાર)**

**સમજૂતી** : તે એવી હિફાઝત કરવાળો છે કે જે તેનો થઈ જાય તો તેના માટે પૂરતો છે. અલ્લાહ દરેકની હિફાઝત ફર્માવે છે. દરેક મખ્લૂક્ નાની હોય કે મોટી જાનદાર હોય કે બેજાન દરેકની કિફાયત કરે છે. આ એવી ખૂબી છે જે તેના સિવાય બીજામાં નથી હોઈ શક્તી. એટલા માટે કે આ પ્રકારની કિફાયત એવી ઝાત જ કરી શકે છે જે પોતાના વજૂદ તથા ક઼ાયમીપણા તથા કમાલે વજૂદની સાથે શ્રેષ્ઠ હોય. અને મૌજૂદાતમાં અલ્લાહ તઆલા સિવાય કોઈ ચીજ એવી નથી જે આ પ્રકારની કિફાયત કરી શકે.

**દર્સ તથા સબક઼** : બંદાને હસીબ તથા કાફી ફક્ત મજાઝન કહી શકાય છે. જો બંદો પોતાની ઔલાદની પૂરી નિગરાની તથા કિફાયત કરતો હોય અને ઉસ્તાદ પોતાના શાર્ગિદની તાલીમની કિફાયત કરતો હોય તો પણ અલ્લાહની મદદ સિવાય કાંઈ થઈ શક્તુ નથી. એટલા માટે કાફી અને હસીબ ફક્ત એ અલ્લાહ જ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના ઝિક્રથી કુંટુંબો અને સગા વહાલાઓમાં આફિયત તથા શાંતિ ફેલાય છે. મોટા ખતરાઓ જેમ કે ક઼ત્લ વગેરેમાં સપડાયેલ શખ્સ દરરોજ સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત બાદ ૭૭ વાર પઢશે તેને અલ્લાહ એક અઠવાડિયા પહેલાં શાંતિ અતા કરશે. પઢવાની શરૂઆત જુમેરાતથી કરવાની રહેશે.

## અલ્ જલીલ اَلْجَلِيلُ

**(જલાલતની સિફતોવાળો)**

**સમજૂતી** : જલાલતની સિફતો ફક્ત તેમાં જ છે. જલાલતની સિફતો આ છે : બે નિયાઝી, માલિકીપણુ, પાકીઝગી, ઈલ્મ તથા કુદરત વગેરે તમામ કમાલની સિફતો જેનાથી સાફ જાહેર છે કે મુત્લક઼ જલીલ ફક્ત અલ્લાહ જ છે. અર્થાત كبير **"કબીર"**નો સંબંધ જાતના કમાલથી અને اَلْجَلِيلُ **"જલીલ"**નો સંબંધ સિફતોના કમાલની સાથે હોય છે અને عظيم **"અઝીમ"**નો સંબંધ કમાલે ઝાત તથા સિફાત બન્ને સાથે હોય છે. અને જ્યારે જલાલતની સિફતોની નિસ્બત બસીરત તરફ થાય છે હોય તો તેને સિફાતે જમાલ કહે છે, ભલે જમાલ અને હુસ્નના શબ્દો તો બાહ્ય ખૂબસૂરતી માટે છે જેને આંખો વડે જોઈ શકાય. પરંતુ મજાઝન તેને બાતિની હુસ્નો જમાલ માટે ફેરવી દેવાયું જેને દિલ દ્વારા જોઈ શકાય છે. જ્યારે એ સ્પષ્ટ થયું કે તે જલીલ છે તો એ પણ સ્પષ્ટ થયું કે તે જમીલ પણ છે. એક રિવાયતમાં છે :-

إِنَّ اللّٰهَ جَمِيلٌ يُحِبُّ الْجَمَالَ "બેશક ! અલ્લાહ જમીલ છે અને ખૂબસૂરતી પસંદ ફર્માવે છે." અને જ્યારે અલ્લાહ જમીલ તો છે દરેક જમીલ મેહબૂબ હોય છે, એટલા માટે અલ્લાહ દરેક ઈમાનવાળાઓ માટે મેહબૂબ છે.

**દર્સ તથા સબક઼** : જમીલ અને જલીલ તે થઈ શકે છે જેની આંતરિક સિફતો ઘણી સારી હોય જેનાથી દિલ ખુશ થાય. બાકી રહી બાહ્ય ખૂબસુરતી તો તેની કિંમત કાંઈ વધારે નથી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْجَلِيلُ **"અલ્ જલીલ"**ની ખાસિયત એ છે કે તેનો ઝિક્ર કરનાર અને ઝાફરાન વગેરેથી લખીને પોતાની સાથે રાખનાર મશહૂર થાય છે અને લોકોની નજરમાં તેની ઈજ્જત વધી જાય છે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**ઝમાના હજકા હૈ જલ્વા દિયા હૈ શાહિદે ગુલ કો**
**ઈલાહી તાકૃતે પરવાઝ દે પરહાએ બુલબુલ કો**

*(શાહિદ = અરબીમાં સાક્ષીને કહે છે. ફારસીવાળા મહબૂબને કહે છે, અહીં એ જ મુરાદ છે. પરવાઝ = ઉડવું, પરહાએ = પાંખો, બુલબુલ = આશિક઼ મુરાદ છે)*

**અર્થાત** : હે અલ્લાહ ! હજનો મોસમ શરૂ થઈ ગયો છે, તેં પોતાના ફૂલ (મહબૂબ)ને ખૂબ સંવાર્યા હશે. (કેમ કે એને ચાહવાવાળા દૂર દૂરથી એની ઝિયારતના માટે ખેંચાતા જઈ રહ્યા છે). આ બુલબુલે તયબહ (અહમદ રઝા)ની પાંખોમાં પણ ઉડવાની શક્તિ પેદા કરી આપ.

*દરવાઝા ખોલતે હૈં ફરિશ્તે કુબૂલકા–ઈક સિલસિલા હૈ રહમતે હક્ક઼કે નુઝૂલકા*
*દાનો જહાં ગોશ બર આવાઝ હો ગએ – મૈં નામ લે રહા હૂં ખુદા કે રસૂલ ﷺ કા*

**બહારેં આઇં જોબન પર ઘિરા હૈ અબ્ર રહમત કા**
**લબે મુશ્તાક઼ ભીગેં, દે ઈજાઝત સાકિ઼યા મિલકર**

*(જોબન = ઉભરતી જવાની, ઘિરા = ઘેરાયું છે, અબ્ર = વાદળ, લબે મુશ્તાક઼ = આશાવાદી હોઠો, સાકિ઼યા = હે પીવડાવનાર)*

**અર્થાત** : બહારો (વસંતો – યારનો જલ્વો) પોતાના પૂરા યૌવન પર છે. રહમતની કાળી ઘટા છવાયેલી છે. મૌસમ પણ છે, તરીકો પણ છે, દસ્તૂર પણ છે. પીનારાઓના હોઠ સૂકા છે, પીવડાવનાર ! આ હોઠોને ખાલિસ (શુધ્ધ) શરાબ (શરાબે તહૂર એટલે જમાલે યારની દીદ) વડે ભીંજાવાની ઈજાઝત આપ.

*તયબહસે મંગાઈ જાતી હૈ સીનોંમેં છુપાઈ જાતી હૈ*
*તૌહીદ કી મય સાગરસે નહીં નઝરોંસે પિલાઈ જાતી હૈ*

**અર્થાત** : હજના મોસમમાં અલ્લાહ તઆલાની અતાઓને શુધ્ધ શરાબ સાથે સરખાવવામાં આવેલ છે કે જેવી રીતે શરાબી લોકો શુધ્ધ શરાબ ઘણી જ ચાહત અને શોખથી પીએ છે, તો અલ્લાહ તઆલાના બંદાઓ તેનાથી પણ વધુ ચાહત તથા શોખપૂર્વક હજ તથા ઝિયારતે જવાની તમન્ના ધરાવે છે.

જો કોઈ કહે કે હજની શરાબ સાથે સરખામણી શાથી કરવામાં આવી ? તો વાત સમજાવવા માટે આ અંદાઝ કોઈ અયબદાર નથી, જેમ કે હદીષમાં છે કે ખુશ આવાઝી સાથે કુર્આને પાક પઢવાને અલ્લાહ તઆલા એટલી મહોબ્બતની સાથે સાંભળે છે જેટલા શોખથી કોઈ શખ્સ ગાળાવાળી અતિ પ્રિય અવાજને સાંભળે છે. *(ઈબ્ને માજહ)* બહારો અને અબ્રે રહમતથી મુરાદ પણ મક઼ામાતે ઈલાહિયા છે. મૌલાના હસન રઝાખાન رحمۃ اللہ علیہએ પણ એક જગાએ આ ઈશ્કે રસૂલની મય (શરાબ)નો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે.

*મય સે મૈંને કબ કી તૌબા ? તૌબા ! તૌબા ! કૈસી તૈબા ?!*
*તાક઼સે હમને ઉઠાકર શીશા તાક઼મેં હમને રખ દી તૌબા*

**મિલે લબસે વો મશક઼ેં, મોહરવાલી દમ મેં દમ આએ**
**ટપક સુનકર ક઼ુમે ઈસા કહૂં મસ્તીમેં ક઼લક઼લ કો**
*(ટપક = ફોર્સનો અવાજ, ક઼લક઼લ = બોટલથી ગેસના અવાજનું નીકળવું)*

**અર્થાત :** જ્યારે તે પ્યોર મોહરવાળી શરાબ મારા હોઠોએ સ્પર્શે તો જાનમાં જાન આવી જાય. અને બોટલ જેમાં શરાબ જોશ મારી રહી છે તેને "કુમ બિ ઈઝ્નિલ્લાહ" (જે ઈસા علیہ السلام મુડદાને ઝિંદા કરતી વખતે ફર્માવતા હતા) કહું કે બોટલની અંદર જ શૂં શૂં ન કર, અલ્લાહના હુકમથી બહાર પણ આવી જા.

**મચલ જાઊં સવાલે મુદ્દઆ પર થામ કર દામન**
**બહકને કા બહાના પાઊં ક઼સ્દ બે તામ્મુલકો**
*(મચલ જાઉં = ઝુમી ઉઠું, મુદ્દઆ = મક઼સદ, બહકના = ભટકવું, ક઼સ્દ = ઈરાદો, બે તામ્મુલકે = વગર વિચાર્યે)*

**અર્થાત :** મહબૂબના દામનને મજબૂતી સાથે પકડી લઉં અને મારો હેતુ જીદ કરીને મનાવી લઉં, ચાહે બહાનુ બહેકી જવાનું કે ભૂલી જવાનું બનાવવું પડે (કે ગલતી થઈ ગઈ છે) ભલે વિચાર્યા વિના જાણી બુઝીને જ જુર્મ કર્યા હોય.

**હજ્જે બયતુલ્લાહ અને રહમતે ઈલાહી :** એટલે કે કા'બાના પડદાઓથી ચોંટીને રડી રડીને અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોના માટે બખ્શિશની દુઆ કરું અને એટલો આગ્રહ કરું કે લોકો સમજે કે છોડો ! કોઈ દીવાનો છે ! જ્યારે કે હું તો ઈરાદાપૂર્વક ભલે વગર વિચાર્યે જ ગુનાહોમાં ખરડાઈ ચૂક્યો છું.

હરમ શરીફમાં એવા ઘણા દ્રશ્યો જોવા મળે છે. શયખ સઅદી رحمۃ اللہ علیہએ હઝરત ગૌષે પાક رحمۃ اللہ علیہનો બનાવ લખ્યો છે કે આખી રાત દુઆ કરતા રહ્યા હે અલ્લાહ ! ક્યાં તો મારા ગુનાહો માફ કરી આપ, ક્યાં તો ક઼યામતના દિવસે મને નાબીના કરીને ઉઠાડજે જેથી તારી મખ્લૂક઼ની સમક્ષ શર્મિદા ન થવું પડે. *(ગુલિસ્તાને સઅદી)*

એક બુઝુર્ગના બારામાં કહેવામાં આવે છે કે કા'બા શરીફનો ગિલાફ પકડીને કહી રહ્યા હતા, યા અલ્લાહ ! હું હજ કરવા આવ્યો છું અને હજ શબ્દમાં બે અક્ષરો છે "હા" અને "જીમ" છે. "હા"થી તારા હિલમ (સંયમ)ની સમજ આવે છે અને "જીમ"થી તારો જૂદ (સખાવત) મુરાદ છે, તું તારા જૂદો કરમથી મારી હાજતો પૂરી ફર્માવી આપ, અથવા "હા"થી મારી હલાવતે ઈમાની (ઈમાની મિઠાશ) અને જીમથી તારી જલાલત તથા સુલ્તાની મુરાદ છે, જેથી તારી જલાલત વડે મારી હલાવતે ઈમાનીને શૈતાનથી મેહફૂઝ રાખ. અલ્લાહ તઆલાને એની દુઆ પસંદ આવી અને ફર્માવ્યું, જે તેં માગ્યું તે મેં અતા કરી આપ્યું.

હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ ફર્માવે છે, મેં એક શખ્સને સતત ચૌદ વરસ હજના માટે આવતાં જોયો, અને જ્યારે પણ "લબ્બૈક" કહેતો તો "લા લબ્બૈક"નો બાક઼ાયદા જવાબ આવતો. એટલે કે તે કહેતો, હે અલ્લાહ ! હું હાજર છું ! તો જવાબ આવતો, નહીં ! તારી હાજરી ક઼બૂલ નથી ! હઝરત માલિક કહે છે કે મેં તેને કહ્યું, ચૌદ વરસથી તું લા લબ્બેકનો અવાજ નથી સાંભળી રહ્યો ?! તેમ છતાં દર વરસે આવી લબ્બૈક કહે છે ?! તેણે કહ્યું, તું ચૌદ વરસની વાત કરે છે ! હું ચૌદ હજાર વરસ પણ લા લબ્બૈક સાંભળીને હાજરી છોડીશ નહીં. આટલી વાત થઈ તો આસ્માનથી એક કાગળ પડયો જે મેં વાંચ્યો તો તેના પર લાખ્યું હતું, હે માલિક

બિન દીનાર ! તું મારા બંદાને મારાથી દૂર કરવા ચાહે છે ? મેં મારા આ બંદાના કારણે ચૌદ વરસના સર્વ હાજીઓનો હજ કબૂલ કરી લીધો છે.

હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજે શકર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે બની ઈસ્રાઈલના એક ઈબાદત ગુઝારે સિત્તેર વરસ એ રીતે ગુજાર્યા કે દિવસે રોઝો રાખતો અને જેહાદ કરતો અને રાતે નમાઝ પઢતો. સિત્તેર વરસો પછી તે સમયના નબીને વહી આવી કે એને જઈને કહી દો કે તારી સિત્તેર વરસોની મહેનત બેકાર થઈ ગઈ કે મેં તારી કોઈ નેકી કબૂલ નથી કરી. જ્યારે અલ્લાહના નબીએ તેને જણાવ્યું તો તે ઉઠીને ખુશીથી વજદ કરવા લાગ્યો. અલ્લાહના નબી આશ્ચર્યમાં પડી ગયા કે કેવો પાગલ છે ! એક દિવસની મહેનત બેકાર થાય તો કેટલો અફસોસ થાય જ્યારે એની તો સિત્તેર વરસની ઈબાદત બેકાર થઈ છે ! તેણે કહ્યું, હે અલ્લાહના પ્યારા નબી ! હું પાગલ નથી ! વાત અસલમાં એ છે કે કૃબૂલ કરવાનું મારું કામ નથી, મારું કામ તો ઈબાદત કરવાનું છે, તો મેં મારું કામ પૂરું કર્યું, હવે એની મરજી એ જાણે ! મારે એનાથી શું ?! એ જ વખતે વહી આવી ગઈ કે એને કહી દો, સૌ કૃબૂલ છે !

અલ્લાહની રહમતનો દરિયો અતિ વિશાળ છે, હજારો આવા બનાવો હોય છે, કોને કોને વર્ણવવામાં આવે !

**દુઆ કર બખ્તે ખુફ્તા જાગ હંગામે ઈજાબત હૈ**
**હટાયા સુબ્હે રુખસે શાહને શબ્હાએ કાકુલ કો**

*(બખ્તે ખુફ્તા = સૂતેલુ નસીબ, હંગામે ઈજાબત = કબૂલિયતનો સમય, સુબ્હે રુખ = રોશન ચહેરો, શબહાએ કાકલકો = ઝુલ્ફની કાળાશોને. શબ (રાત)નું બહુવચન સ્બહા એ)*

**અર્થાત** : હે સૂતેલા નસીબવાળા હરમના મુસાફિર ! ઉઠ અને સુસ્તી ન કર ! કૃબૂલિયતનો સમય છે. તારા મહબૂબે રોશન ચહેરાથી કાળી ઝુલ્ફોને હટાવી લીધી છે. એટલે અલ્લાહે પોતાની રહમતોના સર્વ દરવાજા ખોલી આપ્યા છે. તું માગતો જા તે અતા કરતો જશે.

**ઝબાને ફલસફીસે અમ્નો ખિરક્ વ ઈલ્તિયામે અસ્રા**
**પનાહે દૌરે રહમત હાએ યક સાઅત તસલસુલકો**

*(ફલસફી = ફિલોસોફર, ભૌતિકવાદી, અમ્ન = હિફાઝત, ખર્ક્ = ફાટવું, ફાડવું, ઈલ્તિયામ = મળવું, મિલાવવું, અસ્રાઅ = રાતે સૈર કરવું, મેઅરાજુન્નબી ﷺ, દૌરે રહમત = રહમતનું ચક્ર, યક સાઅત = એક પળ, તસલસુલ = હાર પરોવવો, ક્રમ બધ્ધ)*

**અર્થાત** : ફિલોસોફર (ભૌતિકવાદી) જેઓ મેઅરાજુન્નબી ﷺના ઈન્કારી છે કે આસ્માન ફાટવા અને પછી ફાટીને મળવાથી મેહફૂઝ છે, તો આપ ﷺ કેવી રીતે ચાલ્યા પણ ગયા અને પરત આવી પણ ગયા. તો એને અમે પણ એ જ જવાબ આપીશું કે હુઝૂર ﷺ અલ્લાહની રહમતના વહેણમાં મેઅરાજ પર ગયા અને પરત આવ્યા, અને એની રહમત સામે કોઈ બાધ નથી, જેમ કે એક પળ તથા ઘડીને કોઈના માટે લાંબી કરી આપે, કોઈના માટે એક પળ જ રહેવા દે. જેમ કે અસ્હાબે કહફના માટે એક દિવસ કે અડધો દિવસ, અને અન્યોના માટે ત્રણસો નેવું વરસ ! ઉઝૈર علیہ السلامના માટે "યૌમ અવ બઅદ યૌમ" (એક દિવસ કે એથી અડધો) પરંતુ અન્ય લોકોના માટે સો વરસ. એની રહમતથી સમયને લપેટવું પણ અશક્ય નથી અને સ્થળને સમેટવું પણ અશક્ય નથી, કેમ કે એની શાન છે, **علی کل شئ قدیر** તે સર્વ કાંઈ કરી શકે છે.

**દો શમ્બાએ મુસ્તફા જુમ્આએ આદમસે બેહતર હૈ**
**સિખાના ક્યા લિહાઝે હૈષિયત ખૂએ તામ્મુલ કો**

*(દો શમ્આ = પીરનો દિવસ, ખૂએ તામ્મુલ = વિચારવાની આદત)*

**અર્થાત :** આદમ عليه السلامની વિલાદત બાસઆદત જુમ્આ મુબારકના બાબરકત દિવસમાં થઈ અને પીર (સોમવાર)ના દિવસે દુનિયાનો પીર આવી ગયો તો એ લેહાઝથી જોવામાં આવે તો પીરનો દિવસ જુમ્આ કરતાં અફઝલ છે, એમાં વિચારવાની કે ખચકાટ અનુભવવાની શું જરૂર છે ?!

આપણા હુઝૂર ﷺ કાઈનાતના સર્જનનો સબબ છે, જો આપ ન હોત તો ન આદમ હોત ન કોઈ અન્ય નબી, ન જુમ્આ હોત, ન કોઈ દિવસ ન કોઈ રાત હોત.

મુસલમાનો હમેશાંથી વિલાદતે નબવીવાળા દિવસનો એહતેરામ કરતા આવ્યા છે. એ દિવસે સદકા તથા ખયરાત, મેહફિલે મીલાદ, ખુશીનો ઈઝહાર, ખાવા ખવડાવવું વગેરે મુસલમાનોનો તરીકો છે. *(જુઓ મવાહિબે લદુન્નિયા, ૧/૧૪૮, મૌલુદે ખયરે ખલ્ક, શયખ ફતહુલ્લાહ બુનાની – મિસર, અલ્મુદખલ – ઈમામ ઈબ્નુલ હાજ)*

અલ્હાવી લિલ ફતાવામાં ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمة الله عليه લખે છે કે શયખ અબૂ તૈયબ મુહમ્મદ બિન ઈબ્રાહીમ અલ્બસ્તી (વફાત : હિ. ૩૯૫) બાર રબીઉલ અવ્વલ શરીફના એક રોજ મદ્રસા પાસે થઈને પસાર થયા જ્યાં ઉસ્તાદ બાળકોને પઢાવી રહ્યા હતા. શયખે મદ્રસાના ઈન્ચાજને ફર્માવ્યું કે, હે ઉસ્તાદ ! આજે તો ખુશીનો દિવસ છે, બાળકોને છૂટ્ટી કરો ! *(૨/૧૯૭)*

**વફૂરે શાને રહમતકે સબબ જુર્અત હૈ અય પ્યારે**
**ન રખ બહરે ખુદા શર્મિંદા અર્ઝ બેતામ્મુલ કો**

*(વફૂરે = અધિક્તા, જુર્અત = હિમ્મત, બહરે ખુદા = ખુદાના વાસ્તે)*

**અર્થાત :** હે અમારા પ્યારા આકા ! આપની રહમતના દરિયાની વિશાળતાઓને જોઈને આપની બારગાહમાં બેધડક વાત કરવાની હિંમત કરી લઈએ છીએ, નહીં તો ક્યાં અમારી જેવા કોડીના ફકીર ! ખુદારા ! અમારો આવી જ રીતે પડદો રહેવા દો જેથી કાલે કયામતના દિવસે શર્મિંદગી ઉઠાવવી ન પડે.

**પરેશાનીમેં નામ ઉન્કા દિલ સદ ચાકસે નિકલા**
**ઈજાબત શાના કરને આઈ ગેસૂએ તવસ્સુલકો**

*(સદ ચાક = સો ઝખમ, સો ટુકડા, ઈજાબત = કબૂલિયત, શાના = કાંસકી, તવસ્સુલ = વસીલા, ઝરીયા)*

**અર્થાત :** જ્યારે અમે દુઃખી દિલ વડે અમારા આકાનું નામ લીધું તો કબૂલિયતે આગળ વધીને હુઝૂર ﷺના નામે અકદસના વસીલાના વાળોને નૂરની કાંસકી કરવાનું શરૂ કરી આપ્યું. એટલે કે અમારી ગુનાહગારીને તો નઝર અંદાઝ કરી દીધી અને નામે અકદસના વસીલાના કારણે દુઆ કબૂલ થવામાં કાંઈ મુશ્કેલી ઉભી ન થઈ. કેમ કે :

*યહ નામ કોઈ કામ બિગળને નહીં દેતા–બિગળે ભી બના દેતા હૈ યહ નામે મુહમ્મદ ﷺ*

**અર્થાત :** એટલા માટે હદીષ શરીફમાં છે કે જે દુઆમાં દુરૂદ શરીફ ન પઢવામાં આવે તે જમીન આસ્માન વચ્ચે લટકતી રહે છે, કબૂલિયતની તરફ જઈ જ નથી શક્તી. બલ્કે બીજી હદીષમાં છે કે જો દુઆની જગાએ કોઈ કેવળ દુરૂદ શરીફ પઢતો રહે તો દુઆ જરૂર કબૂલ થઈ જાય છે, કેમ કે અલ્લાહ તો જાણે જ છે કે બંદાને શું જોઈએ.

વધુ પેજ નં. ૨૧....૫૨



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)***

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

### અવલિયા અલ્લાહની શાન !

શનિવારના દિવસે ઝીલ હજ્જ હિ.સ. ૫૮૪માં કદમબોસીનો શરફ હાંસલ થયો. હજ્જ કરવાના બારામાં ચર્ચા શરૂ થઈ. એ વખતે કાઝી હમીદુદ્દીન નાગોરી, મૌલાના અલાઉદ્દીન કિર્માની, સૈયદ નૂરૂદ્દીન મુબારક ગઝનવી, સૈયદ શરફુદ્દીન, શયખ મહમૂદ મોઝાદુઝ તથા મૌલાના ફિક્હે ખુદાદાદ તથા અન્ય જે ત્યાં મૌજૂદ હતા એમનામાંથી દરેક એવો બાકમાલ હતો કે અર્શથી લઈને તહતુષ્ષરા સુધી એમની નિગાહમાં કોઈ પડદો ન હતો. અને સર્વ કશ્ફો કરામતવાળા બુઝુર્ગ હતા. એ વખતે ખાનાએ કા'બાના મુસાફરોની હિકાયત શરૂ થઈ. ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખુદાના એવા બંદાઓ પણ છે કે જ્યારે તેઓ પોતાની ઝુપડીમાં હોય છે તો ખાનાએ કા'બાને હુકમ થાય છે કે જઈને એમની આસપાસ તવાફ કરે. હજી આવું ફર્માવી રહ્યા હતા એવામાં આપ તથા સર્વ હાજર રહેલા ઉઠીને આલમે તહૈયૂરમાં ખોવાય ગયા અને શૌકમાં ડૂબી ગયા. એ અરસામાં સર્વ શખ્સો એ જ શબ્દો ઝબાન મુબારકથી કાઢતા હતા જે હાજી લોકો તવાફ વખતે બોલે છે. અને એમની કૈફિયત એ હતી કે દરેકના શરીરેથી લોહી વહી રહ્યું હતું. અને જે લોહીનું ટીપુ જમીન પર પડતુ હતું એનાથી તકબીરોના નક્શ બનતા જતા હતા. જ્યારે હોશમાં આવ્યા તો શું જુએ છે કે ખાનાએ કા'બા સામે ઉભેલો છે, અમો સર્વ નિશ્ચિત આદાબ બજાવી લાવ્યા, અને ચાર વાર એની આસપાસ ફર્યા. ગયબથી અવાજ આવ્યો કે હે અઝીઝ ! અમે તમારો હજ્જ, તમારા તવાફ અને તમારી નમાઝો કબૂલ કરી લીધી, તેમજ તે લોકોની જેઓ તમારા અનુયાયી છે.

ત્યારબાદ ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ મુઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہ દર વર્ષે અજમેરથી ખાનાએ કા'બા જતા હતા, પણ જ્યારે એમનું કામ કમાલિયત પર પહોંચી ગયું તો જે હાજી હજ્જના માટે જયા કરતા હતા તેઓ આપને ત્યાં જોતા, જ્યારે કે આપ ઘરમાં ગોશાનશીન હોતા. છેવટે જાણવા મળ્યું કે ખ્વાજા મુઈનુદ્દીન رحمۃ اللہ علیہ દર રાત્રે ખાનાએ કા'બા જતા હતા અને રાત ત્યાં પસાર કરતા હતા, અને સવારની નમાઝની જમાઅત પોતાના ત્યાં અદા કરતા હતા.

પછી એ મોકાના અનુરૂપ એવું ફર્માવ્યું કે મેં ખ્વાજા મુઈનુદ્દીન رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી સાંભળ્યું છે જેમણે આ જ હિકાયત શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી સાંભળી હતી કે જ્યારે કદીક આપને કા'બાના દીદારનો અતિ શોખ થતો તો ફરિશ્તાઓને હુકમ થતો કે ખાનાએ કા'બા

તશતમાં લાવીને રાખો અને ખ્વાજા رحمۃ اللہ علیہને દેખાડો. જ્યારે ખ્વાજા رحمۃ اللہ علیہ તવાફ વગેરે સર્વ રસમો અદા કરી લેતા તો પછી ફરિશ્તા ખાનાએ કા'બાને તેના મૂળ સ્થાને પહોંચાડી દેતા.

પછી આપે ફર્માવ્યું કે ખ્વાજા હુઝૈફા મરઉશી رحمۃ اللہ علیہએ સિત્તેર વરસ સજ્જાદાથી કદમ મુબારક ન ઉપાડયો અને ક્યાંય તશરીફ નથી લઈ ગયા, પરંતુ એ મુસાફિર તથા હાજી જેઓ દર વર્ષે ખ્વાજા સાહબની ઝિયારત માટે આવતા તો કહ્યા કરતા કે અમે ખ્વાજાને બયતુલ મુકદસમાં જોયા છે.

## કુર્આન શરીફ હિફ્ઝ (યાદ) કરવા વિશે

પછી કુર્આન શરીફ પઢવાના વિશે તથા તેને યાદ કરવાના વિશે ચર્ચા શરૂ થઈ. ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુઆગોને શરૂ શરૂમાં કુર્આન શરીફ યાદ ન હતું એટલા માટે તબીઅત પરેશાન રહ્યા કરતી હતી. એક રાત્રે મેં હઝરત રિસાલત પનાહ ﷺને ખ્વાબમાં જોયા તો મારી આંખોને રિસાલત પનાહ ﷺના કદમો સાથે ઘસી અને એકદમ ચોધાર આંસૂંઓ રડી પડયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી એક અરજ છે ! આપે ફર્માવ્યું, મને યાદ છે ! આપને મારી હાલત પર રહમ આવી અને ફર્માવ્યું કે માથુ ઉઠાવો ! મેં માથુ ઉઠાવ્યું. આપે ફર્માવ્યું કે સૂરએ યૂસુફ પઢયા કર જેથી તને કુર્આન શરીફ હિફ્ઝ થઈ જાય. પછી મારી આંખ ખુલી તો ત્યારબાદ હમેશાં સૂરએ યૂસુફ પઢતો રહ્યો, ત્યાં સુધી કે જલ્દીથી મને કુર્આન શરીફ યાદ થઈ ગયું.

પછી એ જ મોકાસર મેં શયખ મુઈનુદ્દીન સંજરી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું જેમણે પોતાના પીર ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہને ફર્માવતાં સાંભળ્યા કે અબૂ યૂસુફ ચિશ્તીને કુર્આન શરીફ હિફ્ઝ ન હતું. એક રાત્રે આપ એ જ અજંપાની હાલતમાં સૂઈ ગયા. ખ્વાબમાં પોતાના પીરને જોયા. તેમણે ફર્માવ્યું, તું આટલો ચિંતિત કેમ છે ?! તેણે અર્ઝ કરી કે કુર્આન શરીફ યાદ કરવાના માટે ! આપે ફર્માવ્યું કે **દરરોજ હજારવાર સૂરએ ઈખ્લાસ એ નિય્યતથી પઢયા કર કે મને કુર્આન શરીફ હિફ્ઝ થઈ જાય, ઈન્શાઅલ્લાહ** ! તને એ નસીબ થઈ જશે. અને કોઈ બીજુ પણ પઢશે તો તેને પણ નસીબ થઈ જશે. જ્યારે હું જાગ્યો તો હિદાયત પ્રમાણે દરરોજ સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ શરીફ) પઢયા કરતો હતો. તો થોડાક જ દિવસોમાં ખુદાના ફઝ્લથી મને કુર્આન શરીફ હિફ્ઝ થઈ ગયું. આખરી ઉમરમાં ત્યાં સુધી કમાલ હાંસલ કર્યો કે દરરોજ પાંચ ખત્મ કલામુલ્લાહના કરતો ત્યાર પછી કોઈ અન્ય કામમાં મશગૂલ થતો. જ્યારે ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ આ ફવાઈદ ખત્મ કર્યા તો આલમે તહય્યૂરમાં મશગૂલ થઈ ગયા અને દુઆગો પણ એક વિરાનામાં જ્યાં એની ઝુપડી હતી ત્યાં યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયો. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

પેજ નં. ૧૯નું ચાલુ...

**'રઝા' યહ સબ્ઝાએ ગરદૂં હૈં કોતલ જિસકે મુવક્કબ કે**
**કોઈ ક્યા લિખ સકે ઉસ્કી સવારી કે તજમ્મુલ કો**

*(ગરદૂં = આકાશ, કોતલ = ખાસ ઘોડો, મુવક્કબ = મુરક્કબ, સવારી કે લશ્કર, તજમ્મુલ = હુસ્નો જમાલ, શાનો શૌકત)*

**અર્થાત** : હે (ગદાએ દરે ખયરુલ વરા હઝરત ઈમામ !) અહમદ રઝા ! જરા જો તો ખરો તારા નબીની કેવી શાન તથા અઝમત છે ?! આ નવુ આસ્માન તારા નબીને ઝુકીને સલામ અર્ઝ કરી રહ્યું છે, જન્નતની હૂરો અને ફરિશ્તા આપની સવારીની સાથે ઈજ્જત વધારવા માટે ચાલી રહ્યા છે, તો પછી જાતે જ વિચારી લે કે મેઅરાજના દુલ્હાની સવારીનો મકામ શું હશે ?! અને એના પર સવાર થનારા તાજદારે કાઈનાત ﷺની અઝમત તથા મર્તબો શું હશે !

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## "સામેઅહ" જાનવરની ઝકાતનું વર્ણન

ઊંટ,ગાય, બકરી એ ત્રણ પ્રકારનાં જાનવર જો કે તે "સામેઅહ" હોય તો તેમની ઝકાત વાજિબ છે.

જે જાનવર વરસના મોટાભાગના દિવસોમાં ઘાસચારો ચરીને ભરણ પોષણ કરતું હોય અને તે જાનવરથી દૂધ કે બચ્ચાં લેવાનો અથવા તો તે જાનવરને તાજુ માજુ કરવાનો આશય (હેતુ) હોય તેવાં જાનવરને "સામેઅહ" કહેવામાં આવે છે. *(તનવીર, બહારે શરીઅત)*

જે જાનવર વજન ઉપાડવા માટે હોય અથવા ખેતીકામ માટે હોય, સવારી માટે હોય તેવા જાનવરનું ભલે પછી ચરી ચરીને પોષણ કરવામાં આવતું હોય "સામેઅહ" નથી અને તેની પણ ઝકાત વાજિબ નથી.

જે જાનવર ગોશ્ત ખાવાના આશયથી ઉછેરવામાં આવ્યું હોય તે "સામેઅહ" નથી ભલે ને તે જંગલનો ઘાસચારો ચરીને મોટુ થયુ હોય અને જો કે જાનવર ચરાઈ પર લીધું છે અને તે વેપાર માટેનું છે તો તે જો કે "સામેઅહ" તો નથી તેમ છતાં તેની ઝકાત તેની કિંમત આંકીને તે મુજબ આપવી પડશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

**ઊંટની ઝકાત** : પાંચથી ઓછાં ઊંટની ઝકાત નથી. પાંચ અને પાંચથી વધારે પણ પચ્ચીસ (૨૫)થી ઓછાં ઊંટ સુધી **દર પાંચ ઊંટે એક બકરી** એટલે કે પાંચ ઊંટ પર એક બકરી, ૧૦ ઊંટ પર બે બકરી, એ મુજબ વીસ ઊંટ પર ચાર બકરી ઝકાતમાં આપવી વાજિબ છે. *(હિદાયહ, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : ઝકાતરૂપે જે ચાહો તે બકરી અથવા બકરો આપી શકાશે પરંતું તેમાંનાં દરેકની ઉંમર એક વરસથી ઓછી ન હોવી જોઈએ. *(રદ્દુદ મુહતાર)*

**મસ્અલો** : બે નિસાબની વચમાંની સંખ્યા જે છે તે માફ છે એટલે કે (પાંચ ઊંટ એક બકરી) સાત, આઠ કે નવ હોય તો પણ એક જ બકરી ઝકાત રૂપે વાજિબ થશે. *(દર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ૨૫ ઊંટ હોય તો એક વરસથી કંઈક વધુ ઉંમરની એક ઊંટણી ઝકાતમાં આપવી, ૨૫ થી ૩૫ સુધી એ જ હુકમ લાગુ પડે છે. ૩૬ (છત્રીસ)થી ૪૫ સુધીમાં બે વરસથી થોડી વધુ ઉંમરની ઊંટણી, ૪૬ થી ૬૦ સુધી ત્રણ વરસથી મોટી ઊંટણી, ૬૧ થી ૭૫ ઊંટ પર ચાર વરસથી કાંઈક વધુ ઉંમરની ઊંટણી, ૭૬ થી ૯૦ ઊંટ પર બે વરસથી થોડી મોટી ઉંમરની બે ઊંટણીઓ, ૯૧ થી ૧૨૦ સુધીમાં ત્રણ સાલથી વધારે મોટી બે ઊંટણી ઝકાતમાં આપવી. એ પછી ૧૪૫ ઊંટ સુધી ત્રણ વરસથી મોટી બે ઊંટણી અને દર પાંચ ઊંટે એક બકરી. જેમ કે ૧૨૫ ઊંટે ત્રણ વરસની બે ઊંટણી અને એક બકરી, ૧૩૦ ઊંટે ત્રણ વરસથી મોટી બે ઊંટણી અને બે બકરી, એ પ્રમાણે ૧૪૫ સુધી ગણતરી કરવી.

૧૫૦ ઊંટ હોય તો ત્રણ વરસથી મોટી ત્રણ ઊંટણી, ૧૫૦થી વધુ ઊંટ હોય તો અગાઉ મુજબ દર પાંચ ઊંટે એક બકરી, પચ્ચીસ ઊંટ પર એક વરસથી મોટી ઊંટણી, ૩૬ ઊંટ પર બે વરસથી મોટી એક ઊંટણી, એ રીતે ૧૮૬ બલ્કે ૧૯૫ સુધીનો હિસાબ ગણવો. મતલબ એ કે એ સંખ્યા સુધીમાં ત્રણ વરસથી કંઈક મોટી ત્રણ ઊંટણી અને બે વરસથી મોટી એક ઊંટણી (કુલ ચાર ઊંટણી) ઝકાતમાં આપવી.

૧૯૬ થી ૨૦૦ સુધીમાં ઊંટ ત્રણ ત્રણ વરસથી કાંઈક મોટી ચાર ઊંટણીઓ અથવા બે વરસથી થોડીક કાંઈક મોટી પાંચ ઊંટણીઓ આપવી. તે પછી ૨૦૦ થી વધુ ઊંટ પર ઉપર મુજબ ૧૫૦ પછીની સંખ્યાવાળી ગણતરી કરવી એટલે કે દર પાંચે ૧ બકરી ૨૫ ઊંટે એક વરસથી મોટી ૧,૩૬ ઊંટે બે વરસથી મોટી ૧,

૨૪૬ થી ૨૫૦ ઊંટની સંખ્યામાં ત્રણ વરસથી મોટી પાંચ ઊંટણીઓ આપવી.

**મસ્અલો** : ઊંટની ઝકાતમાં જે ઊંટ આપવામાં આવે તે નારી જાત જ હોવું જરૂરી છે. અગર એ નર જાતમાં આપવામાં આવે તો તે જાનવર ઝકાતમાં લેવામાં આવે નહીં.

**ગાય ભેંસની ઝકાત** : ૩૦ થી ઓછી ગાય હોય તો ઝકાત વાજિબ નથી. ત્રીસ (૩૦) ગાય હોય તો તેની ઝકાતમાં એક વાછરડી અથવા વાછરડો આપવો. ચાલીસ હોય તો બે વરસની એક વાછરડી અથવા ૧ વાછરડો આપવો, ૫૯ ગાય સુધી એ જ હુકમ લાગુ પડે છે. ૬૦ ગાય હોય તો વરસભરની બે વાછરડી અથવા બે વાછરડા ઝકાતરૂપે આપવા. ૬૦ પછીની દરેક ૩૦ ગાય પર એક વરસની વાછરડી યા વાછરડો, ચાલીસ પર બે વરસની ૧ વાછરડી યા વાછરડો આપવામાં આવે.

દા.ત. ૭૦ ગાય હોય તો એક વરસની ૧ અને બે વરસની એક વાછરડી અથવા વાછરડો આપવો અને ૮૦ ગાયની સંખ્યાએ બે વરસનાં બે વાછરડાં (નર અથવા નારી) ઝકાતરૂપે આપવાં પડશે. એ જ પ્રમાણે આગળ ગણતરી કરતા જવું

**મસ્અલો** : ગાય ભેંસ બંનેની ઝકાત અંગે એક જ હુકમ છે. અગર થોડી થોડી સંખ્યામાં બંને પ્રાણી હોય તો બંનેનો ટોટલ કરવો જેમ કે ૨૦ ગાય અને ૧૦ ભેંસ છે તો કુલ ૩૦ જાનવર થયાં, ૩૦ની સંખ્યા પૂરો નિસાબ હોય ઝકાત વાજિબ થાય છે. જ્યારે બે જાનવર (ગાય–ભેંસ) ના ટોટલથી નિસાબ બનતો હોય ત્યારે ઝકાતમાં જે જાનવર (ગાય કે ભેંસ) વધારે હોય તેનું જ બચ્ચું આપવું પડશે. એટલે કે ગાય વધારે હોય તો ગાયનું બચ્ચું અને ભેંસ હોય તો ભેંસનું બચ્ચું આપવું અને જો બંને સરખી સંખ્યામાં હોય તો જે વચલા દરજ્જાનું હોય તે આપવું. *(આલમગીરી)*

## ઘેટાં બકરાની ઝકાત

૪૦ થી ઓછી સંખ્યામાં હોય તો તે પર ઝકાત નથી. ૪૦ થી વધારે હોય તો એક બકરી ઝકાતમાં આપવી, આ હુકમ ૧૨૦ ઘેટાં–બકરાં સુધી લાગુ પડશે. એટલે કે ૧૨૦ માં પણ એક બકરી આપવી. તે પછી ૧૨૧ની સંખ્યા થાય તેમાં બે બકરી અને ૨૦૧માં ત્રણ બકરી, ૪૦૦ માં ચાર બકરી, ત્યાર પછીના દરેક ૧૦૦ (સો) પર એક બકરી ઝકાત રૂપે આપવી, વચ્ચેની સંખ્યાના નિસાબની ઝકાત માફ છે. (એટલે કે ૪૧ થી ૧૨૦, ૧૨૨ થી ૨૦૦ વગેરે)

**મસ્અલો** : ઝકાતમાં બકરી આપે અથવા બકરો જે હોય તે પણ એક વર્ષથી નાનું ન હોવું જોઈએ તે ખાસ છે. અને જો એક વરસથી નાનુ હોય તો પછી કિંમતના હિસાબે આપવું પડશે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : ભેળ, દુમ્બા એ બકરાંની જાતમાં ગણાશે. એમાં કોઈ એકનો નિસાબ પૂરો ન થતો હોય તો એકબીજાને ટોટલ કરી જોવો. ઝકાતમાં ભેળ કે દુમ્બો પણ આપી શકાશે. તે પણ એક વરસથી નાની ઉમરનું ન હોવું જોઈએ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : થોડી થોડી સંખ્યામાં બધાં જાનવર ઊંટ, ગાય, બકરી, ઘેટાં હોય અને નિસાબ કોઈ પણ એક પણ એક જાતિનો પૂરો ન હોય તો ટોટલ કરી નિસાબ પૂરો કરવાનો નથી. બલ્કે તે પર ઝકાત વાજિબ થતી નથી. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત વગેરે)*

**મસ્અલો** : ઘોડા, ગધેડાં કે ખચ્ચર અગર ચરાઈ પર હોય તો તેની ઝકાત નથી, જો વેપાર માટે હોય તો તેની કિંમત આંકી તેનો ૪૦ મો ભાગ ઝકાતમાં આપવો. *(દુર્રે મુખ્તાર વગેરે)*

## ખેતી અને ફળોની ઝકાત

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જમીનને આકાશી પાણી (વરસાદ) કે ઝરણાંના પાણીએ પાણી સીંચ્યું અથવા નહેરના પાણીથી એને પાણી સીંચ્યું તો તેમાં પેદાશનો (ઉપજનો) દસમો ભાગ છે. અને જે જમીનને પાણી જાનવર ઉપર ઊંચકીને (પખાલ, કોસ વગેરે) પહોંચાડવામાં આવ્યું તેના ઉપર નિસ્ફ ઉશર (ઉપજનો વીસમો ભાગથી) ઝકાત છે. *(બુખારી શરીફ)*

**મસ્અલો** : જે ખેતરો નહેર કે વરસાદના પાણીથી

સીંચાતા હોય તેમાં ઉપજનો દસમો ભાગ ઝકાત વાજિબ છે. અને જે ખેતરોને કોશ, રેંટ કે ડોલ વડે પાણી અપાતું હોય તેને માટે ઉપજનો વીસમો ભાગ ઝકાત વાજિબ છે. અને જે ખેતરોને અમુક દિવસ વરસાદના પાણીથી અને અમુક સમય કોશ, ડોલ કે રેંટ વગેરે વડે પાણી અપાતું હોય તો જો વધુ પડતું વરસાદના પાણીથી કામ લેવાતું હોય અને કદી કદી રેંટ, ડોલ, કોશ વગેરેથી અપાય છે, તો દસમો ભાગ ઝકાત જરૂરી છે, નહીં તો વીસમો ભાગ. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જે જમીન ગણોતે ખેડવા અપાય છે તેની ઝકાત ઉશર (દસમો ભાગ) ખેડનાર ઉપર વાજિબ છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ઉશરી જમીન (નહેર કે વરસાદના પાણીથી સીંચાતી જમીન) જો ભાગીદારીમાં ખેડવા આપી તો ઉશર (દસમો ભાગ ઝકાત) બંને ઉપર વાજિબ છે. (જમીન માલિક અને ખેડૂત બંને ઉપર) અને ખિરાજી જમીન ભાગીદારીમાં ખેડવા આપી હોય તો ખિરાજ માલિકના ઉપર છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જમીન ત્રણ પ્રકારની છે : (૧) ઉશરી (૨) ખિરાજી (૩)ન ઉશરી કે ન ખિરાજી. ખિરાજી જમીનમાં આપવું વાજિબ છે અને ઉશરી જમીન તથા ન ઉશરી કે ન ખિરાજી હોય તેવી જમીનમાં ઉશર (દસમો ભાગ) આપવો વાજિબ છે.

ઉશરી જમીન તે કે જેમાં પેદાશનો દશમો ભાગ આપવો વાજિબ અને ખિરાજી જમીન તે છે જેમાં પેદાશનો ખિરાજ આપવો વાજિબ છે એટલે કે ઈસ્લામી બાદશાહે જે નક્કી કર્યું હોય તે અર્થાત પેદાશ ઉપર અમુક ભાગ ત્રીજો કે ચોથો કે ગમે તેટલો અથવા કંઈક રકમ નક્કી કરી હોય, કે વીઘા ઉપર અમુક રૂપિયાના હિસાબે અથવા જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہએ નક્કી કર્યું હતું.

**મસ્અલો** : જો એવી ખરેખર જાણ હોય કે ઈસ્લામી રાજ્યમાં આટલો ખિરાજ નક્કી હતો તો તેટલો આપે પરંતું તે હઝરત ઉમર رضی اللہ عنہએ ખિલાફત સમયે જેટલો હતો તેથી વધુ ન હોય તો, અને જ્યાંના માટે સબૂત નથી મળતો તો તે ઉપજના અડધાથી વધુ ન આપે અને શરત એ પણ છે કે જમીન એટલી ઉત્પન્ન આપે તેવી ફળદ્રુપ પણ હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જો ખબર ન હોય કે ઈસ્લામી રાજ્યકાળમાં કેટલા નક્કી હતા તો હઝરત ઉમર رضی اللہ عنہના નક્કી કર્યા મુજબ આપવા. અને જો હઝરત ઉમર رضی اللہ عنہના નક્કી કર્યાનો આંકડો ખબર ન હોય તો અડધો ભાગ આપે. *(ફતાવા રઝવિય્યહ)*

**મસ્અલો** : જ્યાં ઈસ્લામી રાજ્ય ન હોય ત્યાં લોકો પોતે જ ગરીબો ફકીરો કે જે લેવાને લાયક હોય તેને આપે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : હિંદુસ્તાન (ભારત)માં મુસલમાનોની જમીન ખિરાજી સમજવામાં આવશે નહિ જ્યાં સુધી કોઈ ખાસ જમીન માટે તે ખિરાજી હોવાનું શરીઅત પ્રમાણેની દલીલથી સાબિત ન થાય. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ઉશર ઝકાત વાજિબ થવા માટે બાલિગ હોવું જરૂરી નથી. ગાંડા બાલિગની જમીનમાં જે કંઈક ઉપજ થશે તેના ઉપર પણ ઉશર ઝકાત વાજિબ છે. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : જેના ઉપર ઉશર ઝકાત વાજિબ હતી અને તે મરી ગયો અને તેનો ઉત્પન્ન થયેલો માલ સ્ટોકમાં છે તો તેનામાંથી ઉશર ઝકાત લેવામાં આવશે. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : ઉશરી ઝકાત માટે વર્ષ પૂરું થવું પણ જરૂરી નથી, બલ્કે એક જ ખેતરમાં એકથી વધુ વખત વર્ષ દરમ્યાન પાક લેવાયો તો દરેક વખતે 'ઉશર' વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : 'ઉશર'માં નિસાબ પણ જરૂરી નથી બલ્કે એક 'સાઅ' જેટલું પાક્યું તો પણ 'ઉશર' વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

*('સાઅ' અરબમાં પ્રચલિત વજનનું માપ છે. આપણા ૩૫૧ તોલા બરાબર છે.)*

**મસ્અલો** : ઉશરી જમીન કે પહાડ કે જંગલમાં મધની ઉપજ થઈ તો તેમાં 'ઉશર' વાજિબ છે. એવી જ રીતે પહાડ કે જંગલોમાંથી ફળોની ઉપજ થાય તેના ઉપર પણ 'ઉશર' વાજિબ છે. પરંતુ શર્ત એ કે ઈસ્લામી બાદશાહે તેને હર્બી કાફિરો, ચોરો, ડાકૂઓ કે બળવાખોરોથી સાચવ્યાં હોય. (આનાથી ફળો અને મધ બન્નેવ મુરાદ છે.) જો સાચવણી ન કરી હોય તો 'ઉશર' વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ઘઉ, જવ, બાજરી, જુવાર અને દરેક પ્રકારનું અનાજ અને અળસી, દ્રાક્ષ, અખરોટ, બદામ અને દરેક પ્રકારનો મેવો, રૂ, ફૂલો, શેરડી, સકરટેટી, તરબુજ, ચીભડાં, રીંગણા વગેરે દરેક પ્રકારની લીલોતરી દરેકમાં 'ઉશર' વાજિબ છે, વધારે પાકે કે થોડું. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : મકાન કે કબ્રસ્તાનમાં જે ઉપજ થાય તેના ઉપર ન ઉશર છે કે ન તો ખિરાજ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મુસલમાને પોતાના ઘરે બાગ બનાવી લીધો તો જો તે 'ઉશરી' પાણી સીચેં છે તો ઉશરી (દસમો ભાગ) છે અને ખિરાજી પાણી આપે છે તો 'ખિરાજી' છે અને બંને પ્રકારનું પાણી આપે છે તો પણ ઉશરી છે. અને 'ઝિમ્મી' કાફિરે પોતાના ઘરે બાગ બનાવ્યો તો તે ગમે તે પ્રકારનું પાણી મેળવતો હશે છતાં ખિરાજી ગણાશે. તેની પાસેથી ખિરાજ લેવાશે. આકાશવર્ષા, દરિયા, નદી, કૂવા, વહેણ, ઝરણાના પાણી ઉશરી પાણી ગણાશે. અને જે નહેર અજમી લોકોએ ખોદી એનું પાણી ખિરાજી પાણી છે. કાફિરોએ કૂવો ખોદયો હતો અને તે હવે મુસલમાનોના કબ્જામાં આવી ગયો છે તે અથવા ખિરાજી જમીનમાં કૂવો ખોદયો તો તે પણ ખિરાજી છે. *(આલમગીરી, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** :- જમીન 'ઉશરી' હોવાના ઘણા પ્રકાર છે. દાખલા તરીકે મુસલમાનોએ જીતી લીધી અને તે મુજાહિદોને વહેંચી આપી છે. અથવા તો ત્યાંના લોકો સ્વેચ્છાએ મુસલમાન બની ગયા છે, લડાઈનો પ્રસંગ ઉપસ્થિત થયો નથી અથવા ઉશરી જમીનની નજીકમાં પડતર જમીન હતી, ખેતીના ઉપયોગમાં લેવાઈ અથવા તે ખેતરને ઉશરી પાણી પીવડાવ્યું આ બધાય પ્રકાર જમીનના ઉશરી હોવા માટેના છે. આ અને આ સિવાયના બીજા કારણો પણ હોય છે જેના વડે જમીન ઉશરી બને છે જે મોટી કિતાબોમાં વાંચવા મળશે.

**મસ્અલો** :- જમીનના ખિરાજી હોવાના પણ ઘણા પ્રકારો હોય છે.

**દા.ત.** મુસલમાનોએ જીતીને ત્યાંના લોકોને એહસાન (ભલાઈ)ના રૂપે આપી દીધી. અથવા બીજા કાફિરોને આપી દીધી, અથવા તો તે દેશ સુલેહથી જીતી લેવાયો અથવા 'ઝિમ્મી' કાફિરે મુસલમાન પાસેથી ઉશરી જમીન ખરીદી લીધી અથવા જમીનને ખિરાજી પાણીથી સીંચી, તો આ બધીય હાલતોમાં ખિરાજી ગણાય છે. જે મોટી કિતાબોમાંથી જાણવા મળશે.

**મસ્અલો** : 'ખિરાજી' જમીન ભલે ઉશરી પાણીથી સિંચાય છતાં ખિરાજી ગણાશે.

**મસ્અલો** : અને તે જમીન કે જે ન ખિરાજી ગણાય કે ન ઉશરી, તે દાખલા તરીકે આ છે કે મુસલમાનોએ જીતી લઈને પોતાના માટે કયામત સુધીને (હમેશાં માટે) રહેવા દીધી અથવા જમીનનો માલિક મરી ગયો અને જમીન બયતુલ માલની મિલ્કત થઈ ગઈ, તો એવી હાલતોમાં તે જમીન ન ઉશરી છે ન તો ખિરાજી.

**મસ્અલો** : ગવર્મેન્ટને જે ટેક્ષ કે લેવી માલમાંથી અપાય છે તેનાથી શરીઅત મુજબનો 'ખિરાજ' અદા થતો નથી. બલ્કે ખિરાજ અદા કરવો માલિકના માથે રહે છે, તે એણે આપવું જરૂરી છે. અને 'ખિરાજ' જેને આપી શકાય તે ફક્ત ઈસ્લામી લશ્કર જ નહિ પરંતું તમામ મુસલમાનો માટેની ભલાઈનાં કામો પણ છે જેમાં મસ્જિદ બનાવવી, મસ્જિદનો ખર્ચ, ઈમામનો પગાર, મોઅઝ્ઝિનનો પગાર, મદ્રસાના મુદર્રિસોના પગાર, દીની ઈલ્મ અને પઢનારની વ્યવસ્થા, ભરણ પોષણ માટે ઉલમાએ કિરામ, દીનના સેવકો, મુબલ્લિગો, મુતઅલ્લિમો, મુફતીઓ જે ફતવાના કામોમાં પરોવાયેલા રહે છે, પુલ, પરબો, મુસાફરખાનાં વગેરેમાં વાપરી શકાય છે. *(ફતાવા રઝવિય્યહ)*

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ગૈર મુસ્લિમો પાસેથી ગોશ્ત મંગાવવાનો મસ્અલો

ગૈર મુસ્લિમની દુકાનેથી ગોશ્ત ખરીદીને ખાવું અથવા કોઈ બિન મુસ્લિમ પાસેથી હદિયા અથવા તોહફામાં કાચુ અથવા પાકેલું ગોશ્ત લઈને ખાવું **હરામ** છે, પછી ભલે ને તે એમ કહે કે મેં આ જાનવર મુસલમાન પાસે ઝબ્હ કરાવ્યું હતું, એટલે કે ઝબહ કરનાર મુસલમાન બતાવે તો પણ તેની પાસેથી ગોશ્ત લેવું, ખાવું અને ખરીદવું બધું જ **હરામ** છે. હા, જો મુસલમાને ઝબ્હ કર્યું ત્યારથી લઈને જ્યાં સુધી તે ગોશ્ત મુસલમાનની પાસે આવ્યું ત્યાં સુધી દરેક સમયે મુસલમાનની નજર સમક્ષ રહ્યો તો આ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પેજ : ૯૪, નિસ્ફ અવ્વલ, પેજ : ૯૪)*

હા, જો ગોશ્ત કોઈ મુસલમાનની દુકાનેથી લાવવામાં આવ્યું પરંતુ ખરીદી કરીને લાવવાવાળો નોકર કે મજૂર વગેરે કોઈ બિન મુસ્લિમ હોય અને તે કહે કે આ ગોશ્ત મેં મુસલમાનની દુકાનેથી ખરીદી કર્યું છે, અને તમે પણ જાણો છો કે આ મુસલમાનની દુકાનેથી ખરીદીને લાવ્યો છે, તો તે ગોશ્તને ખાવું જાઈઝ છે, જામેઅ સગીરમાં છે :-

**وَمَنْ اَرْسَلَ اَجِيْرًا لَهٗ مَجُوْسِيًا اَوْ خَادِمًا فَاشْتَرٰى لَحْمًا فَقَالَ اِشْتَرَيْتُهٗ مِنْ يَهُوْدِيٍّ اَوْ نَصْرَانِىٍّ اَوْ مُسْلِمٍ وَسِعَهٗ اَكْلُهٗ وَاِنْ كَانَ غَيْرَ ذَالِكَ لَمْ يَسَعْهٗ اَكْلُهٗ**

*(હિદાયહ, ૪/૪૩૭ બહારે શરીઅત, ૧૬/૩૬)*

ઉપર તેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

ખુલાસો એ જ કે મુસલમાનની દુકાનનું ગોશ્ત જાઈઝ છે જો કે ખરીદી લાવનાર નોકર અથવા મજૂર બિન મુસ્લિમ હોય. અને બિન મુસ્લિમની દુકાનનો ગોશ્ત હરામ છે જો કે ખરીદી લાવનાર મુસલમાન પણ કેમ ન હોય, અને જો શરીઅત મુજબ ઝુબહ થયાથી લઈને કોઈ પણ સમયે મુસલમાનની નજરથી દૂર ન થયો હોય, તો આ પણ જાઈઝ છે. *[(વહાબી, દેવબંદી, શીઆ વગેરેનું ઝબીહા પણ હરામ છે. એના માટે પણ આ જ હુકમ લાગુ થશે. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

## મોહર્રમ અને સફરમાં શાદી વિવાહ ન કરવો અને શોક મનાવવો

મુહર્રમના મહિનામાં કેટલાયે રિવાજો અને બિદઅતો અને ખુરાફાત આજકાલ મુસલમાનોમાં પ્રચલિત થઈ ગયેલ છે જેની ગણતરી કરવી પણ મુશ્કેલ છે, તેમાંની આ પણ એક ગલત માન્યતા છે કે આ મહિનો સોગ અને ગમનો મહિનો છે, આ મહિનામાં શાદી વિવાહ ન કરવામાં આવે. જો કે ઈસ્લામમાં કોઈપણ મૈયતનો ત્રણ દિવસથી વધુ ગમ મનાવવો જાઈઝ નથી અને આ દિવસોમાં શાદી વિવાહને ખરાબ સમજવું ગુનોહ છે. નિકાહ વરસના કોઈ પણ દિવસમાં મના નથી, પછી ભલે તે મુહર્રમ હોય અથવા સફર અથવા કોઈ પણ મહિનો કે કોઈ પણ દિવસ.

આ'લા હઝરત رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું :-

૧. કેટલાક એહલે સુન્નત વ જમાઅત મુહર્રમના (પહેલા) દસ દિવસમાં ન તો દિવસભર રોટલી પકાવે છે અને ન તો ઝાડુ મારે છે અને કહે છે

તાઝિયાના દફન પછી રોટલીઓ પકાવવામાં આવશે.

**૨.** દસ દિવસ સુધી કપડાં ઉતારતા નથી.

**૩.** મુહર્રમના મહિનામાં શાદી વિવાહ કરતા નથી.

**૪.** આ દિવસોમાં ફક્ત ઈમામે હસન અને ઈમામે હુસૈન رضی اللہ عنہماના સિવાય બીજા કોઈની ન્યાઝ અને ફાતેહા દેવડાવતા નથી, તો શું આ જાઈઝ છે કે નાજાઈઝ ?

તો આપે જવાબમાં ફર્માવ્યું કે પહેલી ત્રણ વાતો (પ્રશ્નો) સોગ અર્થાત શોક છે અને શોક હરામ છે, અને ચોથી વાત આજ્ઞાપાલન દરેક મહિનામાં દરેક તારીખ ઉપર, દરેક વલીની ન્યાઝ અને દરેક મુસલમાનનો ફાતેહા થઈ શકે છે. *(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૨૭)*

હકીકતમાં મુહર્રમમાં શોક મનાવવો એ મલ્ઊન ફિર્કા રાફઝીઓ અને શીઆઓનું કામ છે અને ખુશી મનાવવી એ મરદૂદ ખારજીઓનો ધંધો છે. અને નિયાઝ અને ફાતેહા દેવડાવવી, નફલ પઢવું, રોઝા રાખવા એ મુસલમાનો (સુન્નીઓ)નું કામ છે. فَالْحَمْدُ لِلّٰهِ عَلٰى ذَالِكَ

એ જ પ્રમાણે મુહર્રમમાં તાઝિયાદારી કરવી, બનાવટી કરબલા બનાવવું અને તેમાં મેળાઓ લગાડવા એ પણ નાજાઈઝ અને ગુનાહ છે.

## પુરૂષોએ એકથી વધુ વિંટીઓ પહેરવી

ઈસ્લામી દ્દષ્ટિકોણથી પુરૂષોએ ચાંદીની ફક્ત એક જ વિંટી, એક નંગવાળી પહેરવી જાઈઝ છે, જેનું વજન સાડા ચાર માશા (સાડા ચાર ગ્રામ) લગભગથી ઓછુ હોય. આ સિવાય પુરૂષો માટે બીજુ કોઈ ઘરેણુ પહેરવું જાઈઝ નથી. એકથી વધારે અંગૂઠીઓ અથવા બીજુ કોઈ ઘરેણુ પછી તે ગમે તે ધાતુનુ હોય બધું જ ગુનાહ અને નાજાઈઝ છે.

પરંતુ આજકાલ સામાન્યતઃ માણસો તો ઠીક, કેટલાક જાહિલ નામના સૂફીઓ અને ઈસ્લામના વિરોધી પીરોએ જ વધુમાં વધુ અંગૂઠીઓ પહેરવાને પોતાના અનુમાનથી ફકીરી અને તસવ્વુફ સમજી લીધું છે. આ એક ચાંદીની શરઈ અંગૂઠીથી વધારે અંગૂઠીઓ (વિંટીઓ) પહેરવાવાળાઓ, પછી તે વિંટી સોનાની હોય કે ચાંદીની હોય કે અન્ય કોઈપણ ધાતુની હોય બધા જ ગુનેહગાર છે. અને તેઓ એ લાયક પણ નથી કે તેઓને પીર બનાવવામાં આવે. આપણા કેટલાક ભાઈઓ, તાંબુ, પિત્તળ અને લોઢાના છલ્લાઓ પહેરે છે અને તેને દર્દ વગેરે કોઈ બીમારીની શિફા સમજે છે, આ પણ ખોટુ છે. અને ઈલાજ માટે પણ નાજાઈઝ ઝવેરાત છલ્લા વગેરે પહેરવું જાઈઝ નથી. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પહેલો અડધો ભાગ, પેજ :૧૫, પ્રકાશિત : બિલાસપુર)*

કેટલાક લોકો એવું કહે છે કે આ છલ્લા અથવા અંગૂઠી અમો મક્કા શરીફ કે મદીના શરીફ અથવા અજમેર શરીફથી લઈ આવ્યા છીએ, અને તે શરીઅતની વિરુદ્ધ છે તો મક્કા, મદીના અને અજમેરના બજારમાં વેચવાથી હલાલ થઈ જતા નથી !

ભાઈઓ ! તમો આ વસ્તુઓ તો આજે ત્યાંના બજારોમાંથી લઈ આવ્યા છો, પરંતુ આ વસ્તુઓ નાજાઈઝ હોવાનો હુકમ તો ૧૪૦૦ વરસ પહેલાં ત્યાંથી જ આવી ગયેલ છે.

સ્પષ્ટતા એ જ કે પવિત્ર શહેરોમાં વેચાવાથી હરામ વસ્તુઓ હલાલ થઈ જતી નથી.

ભાઈઓ ! અલ્લાહ તબારક વ તઆલાથી ડરો અને નાજાઈઝ અંગૂઠીઓ, ઝવેરાત, કડાં, છલ્લાં વગેરે પહેરીને અલ્લાહ તબારક વ તઆલાની નાફર્માની ન કરો.

## અમેરિકન (જર્સી) ગાયનો શરઈ હુકમ

અમેરિકન (જર્સી) ગાયની બાબતમાં ઘણા લોકો શંકા કુશંકા સેવે છે. જયારે કે એ બાબતમાં

કોઈ શંકા નથી કે અમેરિકન ગાય પણ નિઃશંકપણે ગાય જ છે અને તેને ખાવુ હલાલ અને તેનું ઘી, દૂધ ખાવું, પીવું જાઈઝ છે.

## દવા ખાવા અને પીવા પહેલાં 'બિસ્મિલ્લાહ' પઢવું

આ પણ એક ખોટો અને અજ્ઞાનતાભર્યો વિચાર છે, બલ્કે દવા ખાવા પીવા પહેલાં "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહિમ" ખાસ કરીને, ધ્યાન રાખીને પઢવું જોઈએ જેથી કરીને ખુદાના નામની બરકત દવામાં ભળી જાય અને દવા વહેલામાં વહેલી અસર કરે, કેમ કે બીમારીઓ અને તેનો ઈલાજ અલ્લાહની તરફથી જ છે.

## હાથ ઉપાડીને અથવા ફક્ત ઈશારાથી સલામનો જવાબ આપવો

સલામ કરવામાં અથવા તો સલામનો જવાબ આપવામાં આજકાલ ફક્ત ઈશારો કરી દેવો અથવા હાથ ઊંચો કરીને અથવા તો થોડુ ઘણુ માથુ હલાવી દેવાનો લગભગ રિવાજ થઈ ગયેલ છે, જો કે આ પ્રમાણે કરવાથી સલામની સુન્નત અદા થતી નથી. અને કોઈએ સલામ કરી અને તેના જવાબમાં ફક્ત આ પ્રમાણે જ કર્યું, મોઢેથી "વઅલય કુમુસ્સલામ" અથવા "વઅલયકસ્સલામ" ન કહ્યું તો ગુનહગાર પણ થશે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બંદગી, આદાબ, તસ્લીમાત વગેરે શબ્દો સલામના નથી, ફક્ત હાથ ઊંચો કરી દેવો પણ પૂરતુ નથી જ્યાં સુધી તેની સાથે કોઈ શબ્દ સલામનો ન હોય." *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પહેલો અડધો ભાગ, પેજ : ૧૯૮)*

## હોજરી ખાવી

હોજરી અને આંતરડાં ખાવાં જાઈઝ નથી. કુર્આને કરીમમાં છે : وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ "અને તે નબી ગંદી વસ્તુઓ હરામ ફર્માવશે."

અને خَبٰٓئِثَ "ખબાઈષ" (ઉપરોક્ત આયતમાં આવેલ શબ્દ)થી સંબંધિત તે વસ્તુઓ છે જેનાથી નરમ તબિયતના લોકો ધૃણા કરે છે અને હોજરી અને આંતરડા ખાવાથી પણ નરમ તબિયતના લોકો ધૃણા કરે છે અને આ ગંદી વસ્તુઓ છે જેથી તેનું ખાવું નાજાઈઝ છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તેમના રિસાલા "અલ્ મન્ઉલ મલીહત ફી માનહા અન અજઝા ઈઝ્ઝબીહા"માં આ બધાનું સ્પષ્ટતાપૂર્વક અને વિસ્તારપૂર્વક વર્ણન ફર્માવેલ છે.

## સફર મહિનાનો છેલ્લો બુધવાર

ઘણી જગાએ સફર મહીનાના છેલ્લા બુધવારના વિશે આ માન્યતા પ્રચલિત છે કે આ દિવસે હુઝૂર ﷺએ બીમારીથી શિફા પ્રાપ્ત કરી હતી, આથી (આવા લોકો) આ દિવસે ખુશી મનાવે છે, ખાણુ અને મીઠાઈ વગેરે ખવડાવે છે, જંગલ તરફ (બગીચાઓ તરફ) ફરવા જાય છે. જ્યારે કેટલીક જગાએ લોકો આને (છેલ્લા બુધને) મન્હૂસ (ખરાબ) વિચારીને ઘરના વાસણો વગેરેને તોડી નાખે છે.

જો કે સફર મહિનાના છેલ્લા બુધવારની કોઈ હકીકત નથી, ન તો દિવસે હુઝૂર ﷺને બીમારીમાંથી તંદુરસ્ત થવાનું કોઈ સબૂત છે. કેટલીક જગ્યાઓએ કેટલાક લોકો આ દિવસને મન્હૂસ (ખરાબ) વિચારીને વાસણો વગેરેને તોડી નાખે છે તે પણ ફુઝૂલખર્ચી અને ગુનોહ છે. સ્પષ્ટતા એ જ કે સફર મહિનાના છેલ્લા બુધવારની ઈસ્લામમાં કોઈ વિશિષ્ટતા જ નથી.

*–(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પેજ : ૧૧૭)*

વડોદરા તાંદલજા ખાતે બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–
મૌલાના આસિફ અશરફી
Mob. 9924054203
હાફેઝ મુબારક સાહબ
Mob. 9033221967

# હદીષોના દુશ્મન !

**તક્લીદ તથા તેહકીક્**

એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે આપણો દીન ઈસ્લામ એક તેહકીકી દીન (ખાત્રીવાળો નિશ્ચિત ધર્મ) છે અને તેણે આપણને તેહકીક્નો હુકમ પણ આપ્યો છે.

જેમ કે અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ જો કોઈ ફાસિક્ તમારી પાસે કોઈ ખબર લઈને આવે તો તેહકીક્ (ખાત્રી) કરી લો કે ક્યાંક કોઈ કૌમને અયોગ્ય રીતે તકલીફ ન પહોંચાડી બેસો. અને પછી પોતાના કરેલા (કામ) પર પસ્તાવો ન રહી જાય !" *(સૂરએ હુજુરાત, આ. ૬)*

**આમેય વહાબી ફિર્કો નબી કરીમ ﷺની શાનમાં ગુસ્તાખી કરવાને કારણે ઈમાનથી હાથ ધોઈ ચૂકેલો છે, તેમ છતાં આ વહાબી ગૈર મુકલ્લિદો જેઓ પોતાને "અહલે હદીષ" કહેવડાવે છે, અને પોતે હદીષ પર જ ચાલતા હોવાની ડંફાશો મારે છે! તો એઓ ખરેખર "અહલે હદીષ" છે કે હદીષોના દુશ્મન છે તેની હકીકત જાણવા માટે ન્યાયપૂર્વક અને ધ્યાનપૂર્વક આ લખાણોનો અભ્યાસ કરશો તો તેમની ડંફાશોનો પર્દો ચિરાઈ જશે અને સત્ય આપની સમક્ષ જાહેર થઈ જશે.**

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અધિક્તમ ઝઘડાઓ તથા ફસાદો જૂઠી ખબરોના કારણે થાય છે. એટલા માટે જ કુર્આને પાકે આવા ઈખ્તેલાફ તથા ઝઘડાનો દરવાજો બંધ કરવાની તા'લીમ આપી કે કોઈ પણ ખબરનો તેહકીક્ તથા વાસ્તવિક્તા જાણ્યા વિના સ્વીકાર ન કરો. જાણવા મળ્યું કે દીન તથા દુનિયા સંબંધિત તમામ ફસાદો તથા ઝઘડાઓની જડ (મૂળ) તેહકીક્ ન કરવી તથા વાસ્તવિક્તાને ન જાણવી છે.

પરંતુ સવાલ એ છે કે શું તેહકીક્ કરવાનો હક્ક્ (અધિકાર) દરેક વ્યક્તિને પ્રાપ્ત છે ?! અથવા તેના માટે કોઈ યોગ્યતા, લાયકાત જરૂરી છે ?!

બધા જ જાણે છે કે દુનિયાવી મામલાઓમાં દરેક ફન તથા ક્ષેત્રના માહિર (નિષ્ણાત) તથા સંપૂર્ણ જાણકાર વ્યક્તિની વાત સ્વીકારવામાં આવે છે. તેની વાત સ્વીકારવામાં નહીં આવે જે તે વિભાગ તથા કલા વિદ્યા વિશે કાંઈ પણ જાણતો ન હોય. હીરાની પરખ ઝવેરી કરશે, મોચી નહીં પારખી શકે ! સોનાની પરખ સોની કરશે, કોઈ લુહાર સોનાની પરખ નહીં કરી શકે ! કાયદા કાનૂનની વાત તે કરશે જેણે કાનૂનનો અભ્યાસ કર્યો હોય તથા તેને જાણ્યા હોય, પટાવાળો તેના માટે યોગ્ય નથી. બરાબર તેવી જ રીતે દીનના મામલાઓમાં પણ દીનના નિષ્ણાતોની તેહકીક્ માનવામાં આવશે, દરેક ચાર પાનાની કિતાબ પઢેલા મુલ્લાઓની વાત સ્વીકારવામાં નહીં આવે.

અલ્લાહ તબારક વ તઆલાએ જ્યારે તેહકીક્ (વાસ્તવિક્તા જાણવા)નો હુકમ આપ્યો તો સાથે સાથે તેહકીક્નો હક્ક્ તથા અધિકાર કોને (પ્રાપ્ત) છે તે પણ ઈર્શાદ ફર્માવી આપ્યું, " અને જ્યારે તેમની પાસે કાંઈ વાત અમનની (શાંતિ, સુકૂનની) અથવા ડર (ભય)ની ધરાવતા લોકોની સમક્ષ રજૂ કરો તો જરૂર તેમનાથી (રસૂલુલ્લાહ અથવા ઈખ્તિયાર ધરાવનાર લોકોથી) તેની (તે વાતની) હકીકત જાણી લેતા તે લોકો જેઓ બાદમાં તેહકીક્ કરે છે. અને જો તમારા

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ)**
અનુવાદક : **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઉપર અલ્લાહનો ફઝ્લ તથા તેની રહમત ન હોય તો જરૂર તમે શયતાનની પાછળ લાગી જાત, પરંતુ થોડા." *(પારા : ૫, રુકૂઅ : ૮, સૂરએ નિસાઅ્, આ. ૮૩)*

એટલે કે મુનાફિકો અને અમુક નાસમજ મુસલમાનોની એક ખરાબી હતી કે જ્યારે કોઈ ખબર (વાત) તેમની પાસે પહોંચતી તો તેહકીક તથા વાસ્તવિક્તા જાણ્યા વિના તે વાતને મશ્હૂર કરી દેતા જેનાથી વધુ પડતુ નુકસાન તથા ફસાદ મુસલમાનોને ઉઠાવવું પડતુ હતું.

એટલા માટે હુકમ આપવામાં આવ્યો કે જ્યારે કોઈ ખબર આવે તો પહેલાં તે ખબર (વાત)ને પોતાના સરદાર સુધી પહોંચાડે અથવા તે સરદારના નાયબો સુધી પહોંચાડે અને જ્યારે તેઓ તે વાતની તેહકીક તથા વાસ્તવિક્તા જાણીને જે ફેંસલો કરે તેને નકલ કરી લે અને તેના ઉપર અમલ કરે.

ઉપરોક્ત આયતમાં સ્પષ્ટ રીતે અલ્લાહ ﷻએ તેહકીક તથા વાસ્તવિક્તા જાણવાનો હક્ક (અધિકાર) રસૂલુલ્લાહ ﷺને અને ત્યાર બાદ અહલે ઈસ્તિંબાતને (તેહકીક તથા વાસ્તવિક્તા જાણવાની લાયકાત ધરાવતા લોકોને) આપ્યો છે જેમને ઈસ્લામી પરિભાષામાં "મુજતહિદો" કહેવામાં આવે છે.

### ★ ઈસ્તિંબાત શું છે ? ★

આ અરબીભાષાનો શબ્દ છે જેનો અર્થ છે, "જમીનની ઊંડાઈમાં જે પાણી છુપાયેલ છે તેને કૂવાઓ વગેરે બનાવી બહાર કાઢવું."

પાણી ઈન્સાનની જિંદગી માટે કેટલું જરૂરી છે તેને સમજવાની કાંઈ જરૂરત નથી. પાણી વિના ન વુઝૂ, ન ગુસ્લ, ન કપડાં સાફ, ન ખાવુ પીવું. એ જ રીતે ઈસ્લામી જિંદગી માટે શું જરૂરી છે ?! "ફિકહ" (ઈસ્લામી વ્યવહારશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર) જરૂરી છે. ઈબાદતો હોય કે વ્યવહારો, આર્થિક સમસ્યાઓ હોય કે રાજનૈતિક સમસ્યાઓ અથવા ધાર્મિક શિક્ષાઓ તથા સજાઓના મસ્અલા હોય, ઈસ્લામી જિંદગીનું કોઈ ક્ષેત્ર એવું નથી જેમાં "ફિકહ"ના માર્ગદર્શનની જરૂરત ન હોય. "ફિકહ" (ઈસ્લામી વ્યવહાર શાસ્ત્ર) તથા "ઈસ્તિંબાત" કોઈ વ્યક્તિની જાતી ખ્વાહિશો (પોતાના તરફથી ઘડેલી વાત)નું નામ નથી. જેમ કે જમીનની ઊંડાઈમાં જે પાણી છે તે અલ્લાહ તબારક વ તઆલાનું પેદા કરેલ છે, ન કે તે વ્યક્તિએ (પેદા કર્યું) જેણે કૂવો ખોદાવીને બહાર કાઢયું !

એ જ પ્રમાણે ફિકહના જાણકારો (ફુકહાએ કિરામ) તથા મુજતહિદો કુર્આનો હદીષના દરિયામાંથી જે મસાઈલ (તેહકીક કરીને) કાઢે છે તે મસાઈલ તેમના (તરફથી) ઘડેલા નથી, બલ્કે (તે મસાઈલ) એવી સ્થિતિમાં ત્યાં હતા કે જ્યાં આમ વ્યક્તિની નજર ન જઈ શકતી હતી, એને આ ફુકહાએ કિરામ તથા મુજતહિદોએ ત્યાંથી શોધી કાઢયા.

આ હઝરતો કુર્આન તથા સુન્નતની ઊંડાઈઓમાં છુપાયેલા મસ્અલાઓને જાહેર ફર્માવે છે પોતાની તરફથી બનાવીને તથા ઘડીને કુર્આન તથા સુન્નત તરફ મન્સૂબ (સંબંધિત) નથી કરતા.

પહેલી સદી હિજરીમાં ફિકહમાં માહિર (નિષ્ણાત) સહાબાએ કિરામ જે ઈજતેહાદ તથા તેહકીક ફર્માવી તે પણ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના મસાઈલ બયાન ફર્માવ્યા. બીજી સદીમાં ચાર ઈમામોએ જે મસાઈલ બયાન ફર્માવ્યા તે પણ કુર્આન તથા સુન્નતની જ તફસીલ (વિસ્તૃત વર્ણન) હતી. ફરક માત્ર એટલો જ છે કે સહાબાએ કિરામની મુબારક જિંદગીઓનો અધિક્તર હિસ્સો જેહાદમાં પસાર થયો એટલા માટે તેમના બયાન કરેલા મસાઈલ મેહફૂઝ ન રહી શક્યા. અલ્લાહ તબારક વ તઆલાએ આ સઆદત ચાર ઈમામોના હિસ્સામાં રાખી. તેમના મઝહબો સંપાદિત થઈને કયામત સુધી મેહફૂઝ તથા સુરક્ષિત થઈ ગયા.

ઈસ્તિંબાતનો અર્થ સમજી ગયા પછી હવે અસલ વાત તરફ વાંચકોનું ધ્યાન કેન્દ્રિત કરવા માગુ છું.

દીનમાં તેહકીક તથા ઈસ્તિંબાત (વાસ્તવિક્તા જાણીને મસાઈલ બયાન કરવા)નો હક્ક માત્ર બે

હસ્તીઓને પ્રાપ્ત છે, અલ્લાહના રસૂલ ﷺને તથા મુજતહિદીને કિરામને. પરંતુ બંનેમાં જે સ્પષ્ટ ફર્ક છે તે એ છે કે રસૂલુલ્લાહ ﷺ શારેઅ (શરીઅતની સ્થાપ્ના કરનાર) છે, તેમની હૈસિયત કાનૂન સાઝ (કાનૂન બનાવનાર)ની છે.

અને ફુકહા તથા મુજતહિદોની હૈસિયત શરહ કરનાર (સ્પષ્ટ કરનાર) તથા તેહકીક કરનાર (વાસ્તવિક્તા જાણનાર)ની છે. તેઓ કાનૂન બનાવનાર નથી બલ્કે કાનૂન બતાવનાર છે. મુજતહિદ્ શરીઅત બનાવનાર (સ્થાપ્ના કરનાર) નથી હોતા, બલ્કે તે શરીઅતના માહિર હોય છે. ભલે ને તેઓ માસૂમ નથી (ગલતીઓથી પાક નથી) પરંતુ તેઓ મત્ઉન (જેના ઉપર ટાણુ કસવામાં આવે) પણ નથી. કેમ કે તેઓ પોતાના ઈજતેહાદમાં માજૂર (અજર, બદલો પામનાર) હોય છે. જો તેમની તે હકીકત તથા ઈજતેહાદ યોગ્ય હોય તો બે નેકી, અને ગલત થાય તો પણ એક નેકી મળે છે. આખી ઉમ્મતમાં આ મકામ તથા મર્તબો કોઈને જ નસીબ નથી કે ગલતી કરવા છતાં તેને નેકી મળે, માત્ર મુજતહિદોને જ આ મર્તબો પ્રાપ્ત છે.

આ જ બે પ્રકારની હસ્તીઓ છે જેમને દીનમાં તેહકીક, તશરીહ તથા તફસીલનો અધિકાર સંપૂર્ણપણે પ્રાપ્ત છે. આ અલ્લાહનો આપણી ઉપર એહસાને અઝીમ તથા ઘણો મોટો ફઝ્લ છે કે તેહકીકનો બોજો આપણી જેવા નાઅહલો (અપાત્રો) ઉપર ન નાખ્યો. અલ્લાહે આ ઉમ્મતમાં કેટલાયે મુજતહિદો પેદા ફર્માવ્યા, પરંતુ તેમાં ચાર એવા થયા જેઓ ચાંદ, સૂરજની જેમ ઈલ્મના આકાશમાં ઝગમગી રહ્યા છે. ઉમ્મતે આ ચાર મુજતહિદોના વર્ણન કરેલા મસાઈલનું અનુસરણ કરવાનું શરૂ કર્યું અને ત્રીજી સદી હિજરીમાં ઉમ્મતના મોટા મોટા ટોચના આલિમોએ સહમતિ દર્શાવી કે હવે રહેતી દુનિયા સુધી આ જ ચાર ઈમામોના મઝહબો (હનફી, શાફઈ, માલિકી, હંબલી)માંથી કોઈ એકની તકલીદ (પયરવી) દરેકે કરવાની રહેશે. **આ રીતે ૧૧૦૦ વરસથી તમામ ઈસ્લામી જગતમાં મુસલમાનો અત્યંત ચૈન, સુકૂન તથા શાંતિની સાથે ઈસ્લામ ધર્મ ઉપર અમલ કરતા રહ્યા.** પરંતુ આ ચૈનો સુકૂનને તબાહ તથા બરબાદ કરવા માટે ઉમ્મતને વિખવાદ તથા ટુકડાઓમાં વહેંચી નાખવા માટે એક નવો ફિર્કો જન્મ લે છે અને આ ફિર્કો પોતાનું નામાકરણ અંગ્રેજો પાસે કરાવે છે "અહલે હદીષ !"

આ ફિર્કાના લોકોએ અફવાઓનું બજાર એ રીતે ગરમ કર્યું કે :–

- ❑ મુજતહિદો કુર્આન તથા હદીષના વિરુદ્ધ મસાઈલ દર્શાવે છે અને કુર્આન તથા હદીષને છોડી કયાસ (પોતાની રાય)થી મસાઈલ બતાવે છે.
- ❑ મુજતહિદ ઈમામની તકલીદ (પયરવી કરવી) રસૂલુલ્લાહ ﷺની રિસાલતમાં શિર્ક કરવા બરાબર છે.
- ❑ તમામ હનફીઓ, શાફઈઓ, માલિકીઓ તથા હંબલીઓ મુશ્રિક છે.
- ❑ આ ઈમામોએ દીનમાં ચાર ટુકડા કરી નાખ્યા છે, જો ઉમ્મતને એક થવું હોય તો "અહલે હદીષ" બની જાય કે જેઓ માત્ર એકલા જ નબી ﷺની હદીષોનું અનુસરણ કરે છે. (આ છે ગૈર મુકલ્લિદોનો કુપ્રચાર)

જ્યારે કે ત્રણ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ તેમની (અહલે હદીષની) ૧૩૦ વરસની વર્ષગાંઠ મનાવવામાં આવી. તેઓ બેચારા પોતે જ ૧૩૦ વર્ષમાં ૧૪ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા છે અને દરેક એકબીજાને કાફિર કહે છે.

જ્યારે કે અલ્હમ્દુલિલ્લાહ ! ચારેવ ઈમામોના મુકલ્લિદો (અનુસરણ કરનારાઓ) ૧૧ સદીઓથી એકબીજાની સાથે મહોબ્બત તથા ભાઈચારગીથી રહે છે. શું ક્યારે પણ કોઈ હનફી શાફઈની અંદર લડાઈ

તમે સાંભળી છે ?! શું કોઈ હનફીએ કોઈ શાફઈને કાફિર કહ્યો ?! હરગિઝ નહીં !

આ ફિર્કા (અહલે હદીષ)નો સંપૂર્ણ ઈતિહાસ મારી (મૂળ લેખક હઝરત મૌલાના કલીમ રઝવી સાહબની) આવનાર કિતાબ "તારીખે વિક્ટોરીયન (Victorian) અહલે હદીષ"માં ઈન્શાઅલ્લાહ ! તમે વાંચશો.

આ નામુરાદ ફિર્કાએ સૌથી બુરું કામ એ કર્યું કે, "પબ્લિકને આ ઈલ્મના પહાડ ઈમામોની તક્લીદ તથા અનુસરણથી રોકીને તેહકીક઼ તથા ઈજતેહાદનો હક્ક઼ અધિકાર આપી દીધો. કુર્આન હદીષ પઢો અને જાતે તેહકીક઼ કરો, તક્લીદ કરીને મુશ્રિક ન બનો, અલ્લાહ તબારક વ તઆલાનું કુર્આન તથા નબીની હદીષ આ બે વસ્તુ હુજ્જત (દલીલ, પુરાવા) છે, તેના ઉપર જ ચાલો." તેઓના આવા સુંદર દેખાતા ના'રાઓથી પ્રભાવિત થઈને ન જાણે કેટલા ભોળ ભાળા લોકોએ પોતાના ઈમાનનો બેડો ડૂબાડી નાખ્યો. તક્લીદ તથા તેહકીક઼ની ટૂંકમાં સમજૂતી (જો) તમને સારી રીતે સમજી ગયા હશો તો ઉમ્મીદ છે કે તમે "તક્લીદ" જ કરશો તેહકીક઼ નહીં ! આગળ વાંચો અને જુઓ કે હદીષ પર અમલ કરવાના જૂઠા દાવેદારોના હદીષોની સાથે કેટલો સખત મતભેદ છે. (અને કઈ રીતે તેઓ હદીષની વિરુદ્ધ કરે છે.)

### ★ ઉદાહરણ નં. : ૧ ★

નામના અહલે હદીષ (ગૈર મુક઼લ્લિદો, વહાબીઓ) જેમનો હદીષ પર અમલ કરવાનો દાવો જૂઠો છે. વાંચો તેમના ઉલમાના હદીષના વિરુદ્ધ ફત્વા અને હદીષની ખુલ્લમ ખુલ્લા મુખાલેફત ! :–

☑ **હક્ક઼ :–**

**હદીષ** : "હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ તથા હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સાથે નમાઝ પઢી. પરંતુ મેં તેમનામાંથી એકને પણ "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" પઢતાં (જોરથી) નથી સાંભળ્યાં." *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૨)*

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : અને "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" જેહરી નમાઝોમાં (ફજર, મગરિબ, ઈશા)માં અવાજથી (જોરથી) અને સિર્રી નમાઝો (ઝોહર, અસર)માં ધીરેથી પઢવી જોઈએ. *(ઉર્ફુલજાદી, પેજ : ૩૬, અલ્ રાઝતુલ્ હિંદિયા, ૧/૧૦૧)*

### ★ ઉદાહરણ નં. : ૨ ★

હનફી મઝહબને હદીષના વિરુદ્ધ કહેનારા ગૈર મુક઼લ્લિદો પોતે હદીષના વિરુદ્ધ બોલે છે તથા કરે છે, વાંચો હુઝૂર ﷺની હદીષ તથા ગૈર મુક઼લ્લિદ ઓલમાના તેના વિરુદ્ધ ફત્વાઓ :–

☑ **હક્ક઼ :–**

**હદીષ** : "હુઝૂર ﷺ પોતાના ઘરમાં જે તસ્વીર (ફોટો) જાનદારની જોતા તેને તોડી નાખતા, ફાડી નાખતા." *(સહીહ બુખારી)*

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : વિલાયતી (વિદેશી) કપડાંઓ અથવા વાસણોનો ઉપયોગ જેમાં તસવીર હોય છે જાઈઝ છે. અને તેને ખરીદવું, વેચવું પણ જાઈઝ છે. *(ફતાવા નઝીરિયા, ૩/૩૦૪)*

**નોંધ** : જાનદારની તસ્વીરનું હરામ હોવું કેટલીયે હદીષોથી સાબિત છે. પરંતુ ગૈર મુક઼લ્લિદ અહલે હદીષ આલિમે આ હદીષની વિરુદ્ધ ફત્વો આપ્યો. એ જ કારણે ગૈર મુક઼લ્લિદો ખુલ્લમ ખુલ્લા તસ્વીરો બનાવે (ફોટાઓ પડાવે) છે અને કેટલીય ટી.વી. ચેનલો ચલાવે છે. તેમનાથી તેના જાઈઝ હોવા પર કોઈ દલીલ (પુરાવા) તો માગે !

### ★ ઉદાહરણ નં. : ૩ ★

☑ **હક્ક઼ :–**

**હદીષ** : "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما ફર્માવે છે કે નબી (૩ અથવા ૪ રકાતવાળી

નમાઝમાં) બે રકાત પઢીને એ પ્રમાણે બેસતા જેમ કે ગરમ તવા ઉપર બેઠા હોય. (એટલે કે વધુ વાર ન બેસતા, જલ્દી ઉભા થઈ જતા હતા.) હદીષના રાવી હઝરત અબૂ ઓબૈદા ફર્માવે છે કે મેં પૂછયું, શું ત્રીજી રકાત માટે ? ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما ફર્માવ્યું, હા !" *(સુનને નિસાઈ–૧, પેજ : ૧૩૨)*

જુઓ ! આ હદીષમાં હુઝૂર ﷺ તો ત્રણ અથવા ચાર રકાતવાળી નમાઝમાં પહેલા કાઈદામાં માત્ર અત્તહિય્યાત પઢીને ઊભા થઈ જતા, આ અમલ હતો આપનો ! હવે નામના અહલે હદીષોના આલિમનો ફત્વો પણ વાંચો :–

## ☒ બાતિલ :-

**અહલે હદીષ** : પહેલા કાઈદામાં અત્તહિય્યાત પછી દુરૂદ શરીફ પઢવામાં આવે છે. અને અત્તહિય્યાત પઢયા વિના (ડાયરેક્ટ) દુરૂદ શરીફ પઢી લે તો પણ સવાબમાં વધારો થશે (સવાર વધારે મળશે.) *(સલાતુન્નબી, પેજ : ૨૩૩)*

ગૈરમુકલ્લિદો ! તમારો દાવો હદીષો ઉપર અમલ કરવાનો છે જ્યારે કે હકીકતમાં અમલ કરો છો હદીષના વિરૂધ્ધ !

## ★ ઉદાહરણ નં. : ૪ ★

રાત દિવસ બુખારી બુખારીની રટ લગાડનારા "ઢોર દિમાગ" ગૈર મુકલ્લિદ સહીહ બુખારીની હદીષ પણ નથી માનતા !

## ☑ હક્ક :-

**હદીષ** : "એક વ્યક્તિએ હઝરત અનસ رضی اللہ عنہને પૂછયું, (દુઆએ) કુનૂત (જે વિત્રની નમાઝમાં ત્રીજી રકાતમાં પઢીએ છીએ) રુકૂઅ પછી પઢવામાં આવે કે કિર્અત પછી ?

આપે (હઝરત અનસ رضی اللہ عنہએ) ફર્માવ્યું, કિર્અત પછી." *(સહીહ બુખારી શરીફ, ૨/૫૮૬)*

## ☒ બાતિલ :-

**અહલે હદીષ** : કુનૂત દુઆ છે એ હૈસિયતથી (એટલે) તેને રુકૂઅ પછી પઢવું મુસ્તહબ છે. અને હાથ ઉઠાવીને પઢવું બેહતર છે. *(ફતાવા ઉલમાએ અહલે હદીષ, ભાગ : ૩, પેજ : ૨૦૬)*

**શીશે કે ઘરમેં બેઠ કર પથ્થર હૈ ફેંકતે**
**દીવારે આહની પે હિમાકત તો દેખીએ !**


## અંજુમને રઝાએ મુસ્તફા દયાદરાની અનમોલ ત્રણ કિતાબો મફત મંગાવો

**શિર્ક શુ છે ?!** : વહાબી દેવબંદી, ગૈર મુકલ્લિદો વાતે વાતે "આ શિર્ક ! પેલુ શિર્ક !" કહેતા ફરે છે પણ શિર્કની સહીહ વ્યાખ્યા દર્શાવી શકતા નથી, એઓની ગુમરાહીથી બચવા કુર્આન–હદીષની રોશનીમાં શિર્ક કોને કહેવાય તેને સમજવા આ કિતાબ જરૂરથી મંગાવો.
લેખક : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી (મુબારકપુર)/ અનુવાદક : મૌલાના અબ્દુર્રઉફ રઝવી (પાલેજ)

**ત્રણ તલાકનો શરઈ હુકમ** : (પેજીસ–૪૪) "ત્રણને પણ એક !" કહેનારા વહાબી ગૈર મુકલ્લિદોની ગુમરાહીથી બચવા તથા જેહાલતમાં ત્રણ તલાક આપ્યા પછી પણ વગર હલાલે સાથે રહેનારાં પતિ પત્નીઓને સાચો માર્ગ દેખાડતી કિતાબ.
લેખક : હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર)/ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી.

**અમીરુલ મો'મિનીન હઝરત અલી મુર્તઝા** رضی اللہ عنہ : (પેજીસ–૪૦) ઈસ્લામના ચોથા ખલીફા હઝરત અલી رضی اللہ عنہની શાનને જાણો, સમજો અને આપની મહોબ્બતથી દિલોને લબરેઝ કરો.

સંપર્ક કરો : C/o. **ફયઝાને રઝા મંઝિલ મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)**
**ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૪૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.



# સોશિયલ સાઈટોનો

## ● વપરાશ અને તેના નીતિ નિયમો ●


લેખક : **મૌલાના ખાલિદ ઐયૂબ મિસ્બાહી** *(ઉસ્તાદ અલ્ જામિઅતુલ અશ્રફિયા)*

અનુવાદક : **હાફિઝ અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ પટેલ–પારખેત** *(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)*


સામાન્ય રીતે કોઈ પણ વસ્તુ આપમેળે સારી કે ખરાબ નથી હોતી બલ્કે તેના ખરા ખોટા વપરાશ પર તેની અચ્છાઈ અથવા બુરાઈનો આધાર હોય છે. આ કાનૂન દુનિયાની જેવી રીતે દરેક વસ્તુમાં જારી છે અને અમલી રીતે જોવા મળે છે તેવી જ રીતે ફેસબુક, વોટ્સઅપ સહિત સોશિયલ મીડિયાનું જગત પણ આનાથી અલગ નથી. જો આ બંનેનો યોગ્ય વપરાશ થાય તો કહી શકાય છે કે ઈસ્લામની તબ્લીગ, સમાજની સુધારણા, નેક ખ્યાલી,મશ્વરા, વાતચીત અને પોતાનું દ્રષ્ટિકોણ ફેલાવવાનાં સરસ માધ્યમો છે જેની સાથે આખુ જગત જોડાએલુ છે. વર્ષોમાં નહીં જિંદગીઓમાં થનારાં કામો આના દ્વારા કલાકોમાં કરી શકાય છે. બસ એક ક્લિક અને બે ચાર ઘડીની પ્રોસેસ એ ચમત્કાર દેખાડે છે જેની કાલ સુધી કોઈ કલ્પના પણ ન હતી ! આ દાવાની દલીલના રૂપે નજીકના ભૂતકાળમાં મિસ્રમાં પેદા થનારા ઈન્કેલાબને દૃષ્ટાંતરૂપ કહી શકાય છે, જેની પાછળ આધારભૂત હાથ ફેસબુકનો હતો. ફેસબુક દ્વારા જ ડિક્ટેટરશીપને ખતમ કરવાની વિચારધારા ફેલાઈ, તેનાથી જ વિચારોમાં બદલાવનો સૂર ફૂંકાયો, તેનાથી બદલાવ પસંદ ગૃપો સામે આવ્યાં, અને તેનાથી જ વિરોધ માટે ત્યાંની ટીમો ત્યાંના તેહરીર ચોકમાં જમા થઈ ગઈ અને છેવટે પરિણામ શું આવ્યું તે પણ દુનિયાએ જોઈ લીધુ. શું વરસોથી પોતાની મનમાની કરી રહેલી સત્તાનો ભોગ બનેલી મિસ્રની ધરતી પર આ ઉથલ પાથલ ફેસબુકનો જાદૂ નથી ? આ જ કારણે એનાથી પ્રભાવિત થઈને એક વ્યક્તિએ પોતાની દીકરીનું નામ ફેસબુક રાખ્યું !

આ પોઝિટીવ છબી હતી. જો આ જ માધ્યમને ગલત રાહ પર નાખી દેવામાં આવે તો ઈતિહાસ ગવાહ છે કે આ જ ફેસબુકે હજારો ઘરો વેરાન કર્યાં છે, તલાકો પણ કરાવી છે અને જીવ પણ લીધા છે. મોડર્ન એજના પતિ પત્ની એક સમય સુધી ફેસ ID બનાવી ચેટીંગ કરતા રહ્યા અને એક દિવસ મુલાકાત માટે જ્યારે બંને હોટલે પહોંચ્યાં તો એકબીજાને જોઈ અને ચેટીંગ દરમિયાનના પોતાનાં કરતૂતો યાદ કરી દંગ રહી ગયાં. પછી તે જ ઘડી એ ત્યાં જ તલાક લઈ દઈ હમેશાં માટે અલગ થઈ ગયાં, ઘણી વખત આ જ બનાવ બાપ દીકરી વચ્ચે બન્યો ! બાપ પોતાના કિરદારથી શરમમાં ડૂબી ગયો, તો દીકરીના કેરેક્ટરથી પણ હેરાન રહી ગયો, જો કે દીકરી પણ શરમથી પાણી પાણી થયા વિના ન રહી શકી.

લેખક હજુ આ લેખ લખી જ રહ્યો હતો કે ફેસબુકે તેને એક મોટો ઝટકો આપ્યો. થયું એવું કે એક મિત્રએ ફોન પર જણાવ્યું કે F B પર પોતાના પ્રોફાઈલ નામને બદલે "ખાલિદ ઐયૂબ મિસ્બાહી હિન્દુ" કરી દીધું છે. ! જોયું તો અચંબામાં પડી ગયો, વધુ મુશ્કેલી ત્યારે ઊભી થઈ જ્યારે એડિટિંગમાં જઈ રુલ જોયો કે પ્રોફાઈલ નામમાં ચેટીંગ કર્યા બાદ ૬૦ દિવસ સુધી એડિટિંગ થઈ શકશે નહીં, જાણે "મર્યા નહીં તો બીમાર પડયા !" બિલકુલ આવી જ હરકત બીજા ઘણા મિત્રો સાથે પણ કરવામાં આવી હતી, દરેકના નામ પાછળ ફક્ત હિંદુનો વધારો કરી દેવામાં આવ્યો. ફેસબુક પર આવી નીચ હરકતોના લીધે દેશમાં ઘણી વખત સંગીન સ્થિતિ પણ ઉભી થઈ ચૂકી છે,પરંતુ

બદ્‌માશ તત્વો પોતાની ફિતરતથી મજબૂર જણાય છે. દેશભરમાં રોજ ક્યાં ને ક્યાં તો ફિત્નો ઊભો થઈ જ જાય છે. જ્યારે કે એક ગૃપની તો નાપાક વિચારધારા જ છે કે આ ક્રમ રોકાય શકાય નહીં.

રોજ બરોજ લવ મેરેજના નામ પર ઢોંગ રચવો અને ફક્ત બે મતલબ પરસ્ત યુવાન છોકરા છોકરીનું પોતાને પેદા કરનારાં માતા પિતા સહિત આખા કુટુંબીજનો તથા સગાં વહાલાં સાથે હમેશાં માટે સબંધ તોડી લેવા એ નવી દુનિયા માટે એક રસપ્રદ કાર્ય જેમ બની ગયુ છે. અને આ વાતમાં કદાચ કોઈને પણ શંકા નહીં હોય કે આ સંપૂર્ણ ખેલ વધુ પડતો ફેસબુકથી જ રમાય છે. પ્રથમ તો ફેસબુક દ્વારા મિત્રતા થાય છે, એકબીજાને ફોટા મોકલાય છે, ચેટિંગ થાય છે પછી મોબાઈલ ફોન થકી સંપર્ક થાય છે, સ્કૂલ કોલેજોની આઝાદી મળવા મિલાવવાનો અવસર પૂરો પાડે છે, બાળકોની ગેર જરૂરી વ્યસ્તતા પર મા બાપનું ધ્યાન ન આપવું રસ્તાનો દરેક કાંટો ખસેડી નાખે છે, ત્યાર બાદ શાદી થાય કે ન થાય તે બધું જ થઈ જાય છે જે ન થવું જોઈએ !

ફેસબુક જો કે કોઈ પ્રાચીન શોધ નથી પરંતુ નજીકમાં જન્મેલી આ વસ્તુનો અમુક વર્ષિય ઈતિહાસ જોવામાં આવે તો આ પ્રકારના સેંકડો નહીં હજારો પ્રસંગો, બનાવો અને ચમત્કારો જોવા મળે છે. અને લગભગ આ જ હાલ અન્ય સોશિયલ સાઈટ્‌સનો છે. ફરક એ છે કે ફેસબુક પોતાના પ્રચાર અને લોકપ્રિયતાને લીધે વધુ ચર્ચામાં રહ્યું, જ્યારે કે બીજી સાઈટોને તે માન્યતા ન મળી શકી.

બીજી બાજુ જ્યારેથી વોટ્‌સઅપ સામે આવ્યું છે ત્યારથી ફેસબુક જેમ જ તેને પણ અસામાન્ય લોકપ્રિયતા મળી છે. અને તેની લોકપ્રિયતાનો સબબ તેની સહૂલત છે. પરતું આ માધ્યમ પણ ધીરે ધીરે તે જ રેકોર્ડ નોંધાવી રહ્યું છે જે ફેસબુકનો છે. સમયની વેડફણી, પૈસાની બર્બાદી, વિચારધારાઓની જંગ, અને બુરાઈઓનો પ્રચાર આ પ્રકારનાં નુકસાનો મેહસૂસ કરી શકાય છે.

સંસ્કાર અને સંસ્કૃતિ પર નેગેટીવ અસર નાખવા ઉપરાંત આ સોશિયલ સાઈટોનો જે બીજો ખતરનાક હિસ્સો છે તે એ છે કે સ્વાસ્થ્ય અને આર્થિકતા પર તેની આડ અસર પડે છે. જે વ્યક્તિને આ વસ્તુઓની લત લાગી જાય છે તો જોવામાં આવે છે કે જો તે કોઈ ચતુર અને પરિપકવ માણસ ન હોય તો પછી કલાકોના કલાકો તેમાં આવી રીતે વેડફી નાખે છે, જાણે જીવનનું કોઈ મહત્વનું લક્ષ્ય હાથ ચઢી ગયું હોય ! સીધી વાત છે કે આનાથી જેવી રીતે સમય અને પૈસાની બર્બાદી છે તેવી જ રીતે મોબાઈલ અને કોમ્પ્યુટરની સ્ક્રીન આંગળીઓ ચલાવવાથી આંગળીઓ પર ઊંડી આડ અસર પડે છે તે પણ કોઈ લાનતના હારથી ઓછી નથી. વળી આ પ્રકારની સાઈટોનો વપરાશ કોમ્પ્યુટરને બદલે મોબાઈલ પર થાય છે, અને મોબાઈલની નાની સ્ક્રીન કોમ્પ્યુટરની સ્ક્રીન કરતાં કાંઈ ઘણી વધુ નુકસાનકારક છે. પૈસાની બર્બાદી માટે એટલું પૂરતું છે કે જોત જોતામાં મોબાઈલ કંપનીઓએ આ વસ્તુની આદત પાડયા બાદ નેટ પેકના ભાવ જેટલા ઝડપથી વધાર્યા છે તે વપરાશકર્તાઓની દુનિયા માટે સંતોષજનક નથી. આ સંબંધે અમુક ઓફ લાઈન તથા ઓન લાઈન વિરોધ પણ થઈ ચૂક્યા છે.

હા ! તો એ તો નિશ્ચિત હકીકત છે કે સામાન્ય રીતે દરેક વસ્તુમાં નફો નુકસાન એમ બંને પાંસા હોય છે તેમ સોશિયલ સાઈટોનાં પણ આ જ બે રૂપ છે, જેની આછેરી ઝલક આપણે ઉપર જોઈ ચૂક્યા. હવે અમે અહીં તે સાઈટોના વપરાશના અમુક નીતિ નિયમો રજૂ કરીએ છીએ જેને ધ્યાનમાં રાખવાથી ઉમ્મીદ જ નહીં બલ્કે ખાત્રીપૂર્વક નુકસાનકારક વાતોથી બચવું શક્ય થઈ જાય છે.

## સોશિયલ સાઈટોનાં નીતિ નિયમો

૦૧. જરૂરત પૂરતો જ વપરાશ કરે એટલે કે ફક્ત જરૂરી વાતો માટે જ વપરાશમાં લાવે.

૦૨. જરૂર પડે ત્યારે જ વાપરે : એટલે કે ફાલતુ ચેટીંગ, ગપ શપ, જોક્સ અને આ પેલુ કરવામાં

ટાઈમ પાસ ન કરે કેમ કે ખરેખર તો આ બધી જરૂરતની વસ્તુઓ જ છે મનોરંજનની નહીં, અને સમયથી વધુ મહત્વની કોઈ વસ્તુ નથી, તો બેહતર છે કે આના વપરાશ માટે ટાઈમ બાંધી લેવામાં આવે.

**૦૩.** ટાઈમ ટુ ટાઈમ યૂઝ કરે : ગમે તે સમયે તેમાં વ્યસ્ત રહેવુ અકલમંદી નથી અને જરૂરી પણ નથી.

**૦૪.** ઘરવાળાઓ માટેનો ખાસ સમય કદાપિ તેમાં ન વાપરે, કેમ કે જે રીતે આ વસ્તુ બુદ્ધિની દષ્ટિએ યોગ્ય નથી એવી જ રીતે તેનાથી પહેલાં શરીઅતના હિસાબે પણ જાઈઝ નથી.

**૦૫.** આ જ રીતે ઈબાદત કે બીજા કોઈ ફિક્સ ટાઈમે જેમ કે ડયૂટી વગેરેના સમયે પણ હરગિઝ તેમાં ન પડે

**૦૬.** જરૂરત સુધી જ વાપરે : ગંદી તસ્વીરો તો શેર કરવાની જ નથી પણ ભૂલે ચૂકે તેને ઝૂમ કરીને સારી રીતે જોવાનો પ્રયત્ન પણ ન કરે, કેમ કે ઘણી વખત અજાણતાં આ પ્રકારની તસ્વીરો લાઈક થઈ જાય છે જે આપણા પ્રોફાઈલ જોનારાઓ અથવા અક઼ીદતમંદો માટે બદ્‌ગુમાની તથા નફરતનો સબબ બને છે.

**૦૭.** જરૂરત વિના કોમેન્ટ કરવી, કોઈને છેડવો કે વગર કામની કોઈની સાથે બહેસ કરવી સારી વાતો નથી.

**૦૮.** જો કોઈ યોગ્ય વાત કે યોગ્ય ઈમેજ હોય તો જ શેઅર કરો, નહીં તો વગર કામના પોતાના શોખ પૂરા કરવા લોકો માટે બોજ બનવું એ શાણપણની વાત છે ?!

**૦૯.** યોગ્ય વાત શેઅર કરતી વખતે પણ એ જોઈ લેવું જોઈએ કે તમારી શેઅર કરેલી વાત કોઈ રીતે કોઈના દિલને તકલીફ પહોંચાડવાનો સબબ તો નથી.

**૧૦.** પર્સનલ વાતો શેર કરવી બેવકૂફી છે, જેમ કે આ જગ્યાએ જઈ રહ્યો છું, ફલાણા પ્રોગ્રામમાં છું, ફલાણાને મળી રહ્યો છું વગેરે કેમ કે આ બધી પર્સનલ સાઈટો નથી, સોશિયલ એટલે કે સામાજિક અને સર્વવ્યાપક છે અને સર્વવ્યાપી જગ્યાએ અંગત વાતો રજૂ કરવી ક્યાંની ચતુરાઈ છે ?! આ બીમારી સામાન્ય રીતે જોવા મળે છે, એનો ઈલાજ થવો જોઈએ.

**૧૧.** કોઈ પણ દૃષ્ટિકોણ અથવા વિચારધારાથી મતભેદ હોય તો ઘણી જ સહિષ્ણુતાથી તેને જાહેર કરવો જોઈએ, કેમ કે જે રીતે આપણી સામે કોઈ નથી, તે જ રીતે દીવાલ પાછળ ઘણાય છે, કેવા કેવા છે અને કોણ કોણ છે આપણને કંઈ ખબર નથી, એટલા માટે કાળજીપૂર્વક ચાલવું, જરૂરી છે. ફેસબુક પર આ વાતે પણ બહુ ઓછા લોકો ધ્યાન આપે છે અને અહીંથી જ ચતુરાઈ અને મૂર્ખતાનો પ્રથમ સબૂત મળે છે.

**૧૨.** જો બની શકે તો મખ્લૂક઼ની ખિદમત અને અલ્લાહની રઝા માટે વાપરે : જેમ કે કોઈની મદદ માટે, દીની, દુનિયવી, તાલીમી, અથવા સમાજિક માર્ગદર્શન માટે, કોઈ મહત્વની ખબર આપવા માટે કોઈ સર્વિસ વગેરેની ઓફર માટે વગેરે વગેરે.

**૧૩.** શક્ય હોય તો આદત બનાવો કે દીની વાતો સંતોષજનક, યોગ્ય, મજબૂત, સંતોષજનક અને દલીલયુક્ત અંદઝામાં પેશ કરો, રજૂઆત એવી હોય કે પ્રથમ તો સારી રીતે ખૂબ જ સહિષ્ણુતાથી તેનો જવાબ આપો અને અંદાજ દરેક હાલમાં હિકમતવાળો અને દાવત આપનારનો જ હોવો જોઈએ. (નેગેટિવ અંદાઝ ન અપનાવવો)

દીનની તબ્લીગનું આ કામ આ હક્ક઼ોની કાળજી રાખીને દરેક મુસલમાનોને સામાન્ય રીતે અને ઉલમાએ ખાસ કરીને જરૂર કરવું જોઈએ, કેમ કે કદાચ આવા સહેલાઈથી ભરપુર માધ્યમોથી વધુ અસરકારક માધ્યમો તબ્લીગ માટે ન મળી શકે. અને આ માધ્યમોથી સાઈકોલોજીકલ રીતે માણસ એટલો જલ્દી અસર કબૂલ કરે છે કે અમુક વખત

આમને સામનેની વાતચીત પણ એટલી અસરકારક નથી હોતી. આ કામ એટલા માટે પણ જરૂરી છે કે ખોટા લોકો પોતાના ખોટા દૃષ્ટિકોણ ફેલાવવા માટે આ સાઈટો પર કીડા મકોડા જેમ વિખરાયેલા પડયા છે, રંગબેરંગી નામો સાથે નવા નવા ગૃપો, જાત જાતના બ્લોગ, ભાત ભાતની લિંકો, અને હવે તો એન્ડ્રોઈડ માર્કિટે સોફટવેરની બનાવટને એટલી સરળ કરી દીધી છે કે દરેક જાતનું લિટરેચર કોઈ સાઈટ કે ગૂગલ વગેરેની મદદ વગર ડાયરેક્ટ સોફટવેરના રૂપે મળી આવે છે. આનું એક મોટુ નુકસાન એ થયું કે સામાન્ય વ્યક્તિ માટે આ માર્કેટ પરથી કોઈ પણ સોફટવેર ડાઉનલોડ કરતા પહેલાં એ તફાવત કરવો મુશ્કેલ થઈ ગયો કે ખરુ કયુ અને ખોટુ કયુ? આવામાં સૌથી જરૂરી અને શ્રેષ્ઠ તો એ જ છે કે આપણા માણસો પણ એન્ડ્રોઈડ માર્કેટનો પૂરેપૂરો લાભ ઉઠાવે અને જમાઅતે એહલે સુન્નતના સોફટવેર વધુમાં વધુ ઉપલબ્ધ થાય, પણ જો તાત્કાલિક એવું ન થઈ શકે તો ઓછામાં ઓછુ એટલું જરૂર થવું જોઈએ કે વોટ્સઅપ ગૃપો નાની નાની વિડીયો ક્લિપો, એક એક અકીદાની નાની નાની ઈમેજ વગેરે ખૂબ જ પ્રમાણમાં હોય જેને મેળવવું પણ સરળ હોય અને ફાયદો પણ સરળતાથી મેળવી શકાય. કેમ કે હવે લાંબી ચોળી વાતો સાંભળવા સંભળાવવા તથા વાંચવા વંચાવવાનો સમય નથી રહ્યો. દુનિયા હવે તે વાંચવા માંગે છે જેમાં ફક્ત એક નજરમાં કામ થઈ જાય, બીજી નજર ઉઠાવવાની જરૂરત ન પડે. જેઓએ આ સહુલત આપી છે તે વધી રહ્યા છે અને જે લોકો આ સહેલાઈના જમાનામાં પોતાને સમયની હોડમાં નથી લાવ્યા તે પાછળ પડતા જઈ રહ્યા છે. અને જો આ પીછહઠને મેહસૂસ ન કરવામાં આવી તો (ખુદા ન કરે) સમય નીકળી જવા પર પશ્ચાતાપ સિવાય કંઈ જ હાથ નહીં આવે, એટલા માટે જે આ મેદાનના લોકો છે તેમણે મેદાનમાં ઊતરી મોરચો સંભાળવો જોઈએ.

અંતમાં અમલ પ્રતિ પ્રોત્સાહન માટે કદાચ આ વાતનુ વર્ણન અયોગ્ય નહીં હોય કે લેખકે લગભગ એકાદ વર્ષ પહેલા "ઓન લાઈન મુફતી" નામનુ એક ગૃપ બનાવ્યુ હતું, જેનો મકસદ હતો પબ્લિકને જોડવી અને તેમના દીની સવાલોના જવાબ આપવા. આ ગૃપને એટલી લોકપ્રિયતા મળી કે એક પછી એક "ઓન લાઈન મુફતી"નાં એક બે, ત્રણ કરતાં કરતાં છ ગૃપમાં બનાવવા પડયાં જે આજ સુધી પોતાનું કામ કરી રહ્યાં છે અને કામયાબ છે. આ ગૃપ એટલાં પોપ્યુલર થયાં કે જેવી રીતે ભારતના ખૂણે ખૂણેથી લોકો તેની સાથે જોડાયેલા છે તેવી જ રીતે સઊદી, દુબઈ, કુવૈત, અમેરિકા, આફ્રિકા, ફીજી સહિત ઘણાય દેશોના રહેવાસીઓ એનો લાભ ઊઠાવી રહ્યા છે. આ ગૃપનો પ્રથમ ટાર્ગેટ પ્રજાને દીની માર્ગદર્શનનો હતો, પણ ધીરે ધીરે અહીં તે બધી જ વાતો થવા લાગી જે એક દારૂલ ઈફતામાં થાય છે, જેમ કે રોજીંદા મસાઈલ, ગૈરમુકલ્લિદોના જવાબમાં હદીષો, નવા મસાઈલ, વિર્દ વઝાઈફ અને બીજા ઘણા મામલાઓ વગેરે. હવે આ ક્રમ ફકીરના હિંદી મેગેઝિન "એહસાસ" જયપૂરમાં ક્રમશ : પસ્તુત કરવામાં આવી રહી છે. આ અનુભવની રોશનીમાં એવું કહેવું સો ટકા યોગ્ય છે કે પબ્લિક આજે પણ તરસે છે અને તલાશમાં છે તો આ ક્ષેત્રે માર્ગદર્શકોની જિમ્મેદારી બને છે કે આધુનિક માગો પૂરી કરીને પીરસનારનો રોલ અદા કરે.

ચાલતાં ચાલતાં ! આ સાઈટો દ્વારા જે કામો ઘણી સહેલાઈ અને લોકપ્રિયતા સાથે કરી શકાય છે તે આ પ્રકારનાં હોવા જોઈએ જેની વધુ જરૂરત છે : અકાઈદે એહલે સુન્નતની સ્પષ્ટતા, તેનો સબૂત, બાતિલ અને હક્ક પરસ્ત ફિર્કાઓની ઓળખ, સીરતે રસૂલ ﷺનો ફેલાવો, શરઈ મસાઈલની યોગ્ય સમજૂતી, જમાઅતે એહલે સુન્નતના ઉલમા, મદ્રસા, ખાનકાહો, તેમજ સંસ્થાઓનો પરિચય, એહલે સુન્નતના બુઝુર્ગોની જીવન કથા, મુસલમાનોનું પોલિટિકલ માર્ગદર્શન, એહલે સુન્નતની રસ્મોના વિરોધનો જવાબ ........ વગેરે, વગેરે. અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ છે કે તે કરીમ આપણને તબ્લીગનો જઝબો, ઉમ્મતનું દર્દ તથા એહસાસ અને ખૈરની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*–(અશ્રફિયા મંથલી ઉર્દૂ, માર્ચ–૨૦૧૫)*

# શબે મેઅરાજના
# ફઝાઈલ તથા ઈબાદતો

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચનવી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ તબારક વ તઆલાએ આ સંસારમાં અમુક વસ્તુઓને બીજી વસ્તુઓ ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી છે. એટલે કે એમાં એવી ખૂબીઓ તથા ગુણો પેદા કર્યા છે કે જેથી એ વસ્તુની શ્રેષ્ઠતા લોકો ઉપર જાહેર થઈ જાય છે, આ વિસ્તૃત વાતાવરણમાં ચમકતાં તારાઓ પોતાની તેજસ્વીતાથી સંસારને ખરેખર પ્રકાશિત કરે છે પણ સૂરજની તેજસ્વીતાનું શું કહેવું ! આ એક અનુભવેલું ઉદાહરણ છે જેનાથી દરેક વ્યક્તિ સૂરજની લાયકાત તથા કમાલને સ્વીકારતો હોય છે પણ અમુક એવી અનુભવમાં આવતી વસ્તુઓ છે જેની ઉચ્ચતાનો આપણને એહસાસ નથી થતો. દરરોજ સૂરજ નીકળે છે અને ડૂબે છે, પણ આપણે નથી સમજી શક્તા કે કયો દિવસ કેવો છે કે જેમાં રહમતો તથા બરકતો છુપાયેલ છે. કેમ કે આજે પણ એ જ રોશની છે જે ગઈકાલે હતી. પણ અમુક સમજશક્તિવાળા લોકો આ વાતને સમજે છે કે અમુક અય્યામુલ્લાહ (અલ્લાહના દિવસો) એવા છે કે જેની બરકતો અને અગણિત ખૂબીઓનો એહસાસ માત્ર અલ્લાહના ખાસ બંદાઓને હોય છે, એવી જ રીતે અમુક રાતો એવી હોય છે જેના બાહ્ય અંધકારના પડદા પાછળ નૂરની વરસાદ વરસતી હોય છે, જેમાં અલ્લાહ તબારક વ તઆલા બંદાઓને નવાજતો હોય છે અને રહમતના દરવાજાઓ ખોલી દેવામાં આવે છે. એ રાતોમાંથી અમુક ખાસ રાતો શબે મેઅરાજ, શબે બરાત, શબે કદ્ર, ઈદની રાત અને બકરા ઈદની રાત છે.

## શબે મેઅરાજ

આ રજબની સત્તાવીસમી રાત છે, આ રાતમાં સૈયદુલ અંબિયા હઝરત મુહમ્મદ ﷺને અલ્લાહ તબારક વ તઆલાનો ખાસ કુર્બ (નિકટતા) પ્રાપ્ત થયો જે કોઈ નબી, રસૂલ અને મુકર્રબ ફરિશ્તાઓને પણ હાંસલ ન થયો. અલ્લાહ તબારક વ તઆલાએ નબી કરીમ ﷺને પોતાની બારગાહમાં ઘણા આદરતાથી બોલાવ્યા, કલામ તથા પોતાના દીદારથી નવાજ્યા અને નબી કરીમ ﷺની ઉમ્મત માટે નમાઝ જેવી પાકીઝા ઈબાદતનો તોહફો આપ્યો. કુર્આન શરીફમાં મેઅરાજના પ્રસંગને આ મુજબ રજૂ કરવામાં આવ્યો છે :–

"પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી, જેની આજુબાજુ અમે બરકત મૂકી છે જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૧)*

અને સૂરએ નજમની આયત નં. ૮ થી ૧૩માં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : "પછી નજીક આવ્યો તે જલ્વએ હક્ક અને ખૂબ ઉતરી આવ્યો તો તે જલ્વા અને મહબૂબ વચ્ચે બે હાથનું અંતર રહી ગયું, બલ્કે એનાથી પણ ઓછું, પછી વહી કરી પોતાના બંદાને જે વહી કરી તો જે જોયું હૃદયે ખોટુ કહ્યું નહીં, તો હવે (હે મુશ્રિકો !) શું તમે તેમની સાથે તેમને જોએલા બાબત ઝઘડો છો ?!" એટલે કે મેઅરાજના વાકિઆનો ઈન્કાર કરો છો ! અને આ જ સૂરતની આયત નંબર ૧૭–૧૮માં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, " મારા દીદારથી મારા હબીબ (ﷺ)ની આંખ કોઈ બાજુ ફરી નહીં, ન તો હદથી વધી. બેશક ! પોતાના રબની બહુ મોટી નિશાનીઓ જોઈ."

સરકાર ﷺએ શબે મેઅરાજની ખાસ

નેઅમતોનું વર્ણન કરતાં ફર્માવ્યું, ''અલ્લાહ તઆલાએ મને વહી ફર્માવી અને મારા ઉપર એક દિવસ રાતમાં પચાસ સમયની નમાઝો ફર્ઝ કરી, હઝરત મૂસા عليه السلام ની દરખાસ્ત પર આપ ﷺ એ અલ્લાહની બારગાહમાં નવ વખત નમાઝોની કમીની દરખાસ્ત કરી અને દરેક વખતે પાંચ નમાઝોની કમી થતી રહી, ત્યાં સુધી કે પાંચ સમયની બાકી રહી ગઈ. પછી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે મહબૂબ! આ દિવસ રાતની પાંચ નમાઝો છે, પણ દરેક નમાઝ ઉપર દસ સમયની નમાઝનો સવાબ મળશે. તો આ પાંચ વખતની નમાઝો સવાબમાં પચાસ સમયની નમાઝોના બરાબર છે.'' *(મુસ્લિમ શરીફ, ૧/૯૧, કિતાબુલ ઈમાન)*

## મો'મિનની મેઅરાજ

અલ્લાહ તબારક વ તઆલાએ શબે મેઅરાજમાં ખાસ આપણને નમાઝોનો તોહફો આપી ઈશારો ફર્માવ્યો કે દીદારે ઈલાહી અને ખુદાનો કુર્બ (નિકટતા) તો રસૂલ ﷺ ની મેઅરાજ છે અને નમાઝોના ઝરીયે અલ્લાહ તબારક વ તઆલાથી ભેદની વાતો કરવી મો'મિનોની મેઅરાજ છે. એટલા માટે નમાઝની અદાઈગીમાં ખુશૂઅ તથા ખુઝૂઅ (દિલની તલ્લીનતા)નો હુકમ આપવામાં આવ્યો, ''અને તમે અલ્લાહની ઈબાદતને એ પ્રમાણે કરો કે જાણે કે એને (અલ્લાહને) જોઈ રહ્યા છો, અને જો આ સ્થિતિ ન બને તો કમસે કમ એ સ્થિતિ હોવી જોઈએ કે એ રબ મને જોઈ રહ્યો છે. *(મિશ્કાત શરીફ, પેજ : ૧૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, ''બંદો સજદાની હાલતમાં પોતાના રબથી સૌથી વધારે નજદીક હોય છે, માટે સજદામાં વધુ દુઆ કરો.'' *(મિશ્કાત શરીફ, પેજ–૮૪)*

અહીંયાંથી માલૂમ થયું કે શબે મેઅરાજ નબી કરીમ માટે પણ મેઅરાજની રાત છે અને આપ عليه الصلوٰة والسلام ની ઉમ્મત માટે પણ મેઅરાજની રાત છે. મુજદ્દિદે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી رضي الله عنه (ફતાવા રઝવિય્યહ્, ૧/૫૫૨, કદીમમાં) ફર્માવે છે : ''રસૂલુલ્લાહ ﷺ એ કોઈ વસ્તુથી શ્રેષ્ઠતા ન પામી બલ્કે જે વસ્તુ હુઝૂર ﷺ થી જોડાઈ ગઈ એને શરફ (શ્રેષ્ઠતા) મળી ગયો, અલ્લાહ તબારક વ તઆલા ગૈર અફઝલ વસ્તુઓને પણ પોતાના હબીબ ﷺ થી સંબંધિત કરે છે જેથી એ વસ્તુઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ જાય.'' તો જે રાતમાં આપ عليه الصلوٰة والسلام ને મેઅરાજ થઈ અને ખુદા તઆલાએ ખાસ નેઅમતોથી નવાજ્યા એ રાત કેટલી અફઝલ હશે એનો અંદાજો લગાડવો મુશ્કેલ છે.

## શબે મેઅરાજની ઈબાદતો

આ રાતમાં જાગી બે બે રકાત અથવા ચાર ચાર રકાતની નિય્યતથી નફ્લ નમાઝો પઢે અને એક વખત ''સલાતુત્તસ્બીહ'' પણ પઢે અને ખાસ આ બાર રકાત જરૂર પઢે જેના પ્રતિ હદીષ શરીફમાં આકર્ષવામાં આવ્યા છે. હઝરત અનસ رضي الله عنه રિવાયત કરે છે કે નબી કરીમ عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું, રજબની સત્તાવીસમી રાતમાં ઈબાદત કરવાવાળાઓને ૧૦૦ વર્ષની ઈબાદતનો સવાબ મળે છે. અને જેણે આ રાતમાં **બાર રકાત** નમાઝ આ રીતે પઢી કે દરેક રકાતમાં **સૂરએ ફાતિહા** પછી કુર્આન શરીફની કોઈ સૂરત પઢે અને બીજી રકાતના કાયદામાં તશહ્હુદ તથા દુરૂદ શરીફ પઢી સલામ ફેરવી નમાઝ સંપૂર્ણ કરે. આ રીતે બાર રકાત પઢયા બાદ ૧૦૦ વખત આ તસ્બીહ પઢે : **''સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહી વ લાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર''** ત્યાર પછી ૧૦૦ વખત **''અસ્તગફિરુલ્લાહ''** અને ૧૦૦ વખત દુરૂદ શરીફ પઢે અને દુનિયા અને આખિરત વિશે જે ચાહે દુઆ કરે અને સવારમાં રોઝો રાખે તો અલ્લાહ તબારક વ તઆલા એની દુઆઓ કબૂલ ફર્માવશે, પણ એ કોઈ ગુનાહભર્યા કાર્યની દુઆ કરશે તો કબૂલ થશે નહીં.

## શબે મેઅરાજના નવાફિલ

(કાર્યાલય)

**૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ.** ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ.

**ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કબૂલ થશે.

**૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

**૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

**૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ**, બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે.

**ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

**૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِہٖ للطَّاھِرِیْنَ

وَلَا حَوْلَ وَلَاقُوَّۃَ اِلَّا بِاللّٰہِ الْعَلِیِّ الْعَظِیْمِ۔

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.)*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

**ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

**રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે.

*(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

પેજ નં. ૪૪ નું ચાલુ...

ﷺની ખશિય્યત (ડર, ખૌફ) મળી હોય.

અને તફસીરે ખાઝિનના એ જ ૩૦૨ પેજ ઉપર ઈમામ રબીઅ બિન અનસે ફર્માવ્યું, "જેને ખશિય્યતે ઈલાહી મળી નથી તે આલિમ નથી."

સાબિત થયું કે, **રદિયલ્લાહ** ફક્ત બાઅમલ આલિમો અને મશાઈખ (પીરો) માટે છે, પરંતુ આ શબ્દ ખૂબ જ પ્રચલિત અને ઈજ્જતવાળો ગણાય છે ત્યાં સુધી કે ઘણા લોકો સહાબાએ કિરામ માટે જ ખાસ છે એમ સમજે છે માટે એને દરેકને માટે વાપરવામાં ન આવે. બલ્કે એને મોટા મોટા ઉલ્મા અને મશાઈખને માટે જ વાપરવો જેવું કે આપણા બુઝુર્ગોએ કર્યું છે.

ھٰذا ماظھرلی والعلم بالحق عنداللہ تعالٰی ورسولہ جل شانہٗ وصلی اللہ تعالٰی علیہ وسلم

(મુફતી) **જલાલુદ્દીન અહમદ અમજદી** (رحمۃ اللہ علیہ)

૨૧ સફર, હિ. ૧૪૦૧

આશા છે "બઝમે તૌહીદ"વાળા ગૈર મુકલ્લિદ વહાબી અહલે હદીષની આંખો હવે ખુલી ગઈ હશે ! સાથોસાથ જણાવી દઈએ કે દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ (મુા. થામ, તા. જિ. ભરૂચ)થી પ્રસિદ્ધ થતા "અલ મુઈન" માસિક પરના અન્ય આક્ષેપોના જવાબો માટે હજી તે તૈયાર રહે ! આગામી અંકોમાં એના સંકૂચિત દષ્ટિવાળા તથા જેહાલતભર્યા આક્ષેપોનો જવાબ આપવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

# ગૈર સહાબીને 'રદિયલ્લાહુ અન્હૂ' કહેવું જાઈઝ

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

ભરૂચથી નીકળતા કહેવાતા અહલે હદીષ ગૈર મુકલ્લિદોના માસિક અંક "બઝ્મે તૌહીદ" (જાન્યુ./ફેબ્રુ. ૨૦૧૫)ના પેજ નં. ૮ થી ૧૦માં જોરશોરથી તેમણે દાવો કર્યો છે કે સહાબાએ કિરામના નામ પાછળ જ "રઝિયલ્લાહુ અન્હૂ" લખી શકાય, એ સિવાય અન્ય ઈમામ બુખારી, ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ તેમજ અન્ય મુહદ્દિષોને નથી લખી શકતા. પોતાની જેહાલત તથા સંકૂચિત દષ્ટિનું પ્રદર્શન કરતાં વાંધો ઉઠાવ્યો છે કે થામ (તા. જિ. ભરૂચ)થી સુન્નીઓના નીકળતા માસિક "અલ મુઈન" (સપ્ટે. ૧૯૯૩)માં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાના નામ પાછળ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું તે ગલત છે. અને આ ગૈર મુકલ્લિદે જાણે કોઈ મોટો વાઘ માર્યો હોય તેમ બે ત્રણ પેજો ઢંગધડા વગરની ભાષામાં અનેક ભાષાકિય ખામીઓ સાથે કચરા સાહિત્યકારના લખેલા લખાણો વડે ચિતરી નાખ્યાં છે ! આ ગૈર મુકલ્લિદ કહેવાતા અહલે હદીષ "બઝમે તૌહીદ" માસિકવાળાના ફેલાવેલા પ્રદૂષણને દૂર કરવા માટે આવો ! આ ખુશ્નુમા લખાણ નીચેનું વાંચી દિલો દિમાગમાં બેસાડી લો કે આ "કટી પતંગ !" જેવા ગૈર મુકલ્લિદો કેટલા જાહિલ તથા ગુમરાહ છે !

સૌ પ્રથમ તો આ ગૈર મુકલ્લિદ મહાશયે "રદિયલ્લાહુ અન્હૂ" (رضی اللہ عنہ)ને બદલે "રઝિયલ્લાહુ અન્હૂ" શબ્દ લખીને પોતાની અજ્ઞાનતા પ્રદર્શિત કરી આપ્યું કે સહીહ શું છે તેનું એ મહાશય ગૈર મુકલ્લિદને જ્ઞાન જ નથી ! ખૈર એના ખુલાસા માટે હાલ લખાણ નથી લંબાવવું. પણ આ જે વાંધો એમણે કર્યો કે ગૈર સહાબીને "રદિયલ્લાહુ અન્હૂ" ન કહેવાય તેવો જ વાંધો આજથી વરસો પહેલાં તેમના જેવા જ સમઅકીદા બલ્કે આ ગૈર મુકલ્લિદોના "જોડીયા ભાઈ" દેવબંદી જમાતીઓ" તરફથી થયો હતો જેનો જવાબ અહલે સુન્નતના ઉલમાએ સંતોષકારક ઈમાનવર્ધક આપી વિરોધીઓની ઝબાનો ગુંગી કરી દીધી હતી. તો ફરી એકવાર એ જવાબોમાંનો એક જવાબ હઝરત અલ્લામા જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہનો અત્રે રજૂ કરીએ છીએ તેને વાંચો અને તમારી આંખોને ઠંડી કરો.

## સહાબા સિવાય બીજા બુઝુર્ગોને 'રદીયલ્લાહુ અન્હૂ' (رضی اللہ عنہ) કહેવું કેવું ?

بسم الله الرحمٰن الرحيم

لك الحمد ياالله ! والصلاة والسلام عليك يارسول الله !

**જવાબ** : સહાબી ન હોય તેવા (મહાન બુઝુર્ગો,આલિમો) માટે **"રદિયલ્લાહુ અન્હૂ"** શબ્દ વાપરવો જાઈઝ છે. જેવું કે દુર્રેમુખ્તાર મઅ શામીમાં જિ.૫, પેજ ૪૮૦ ઉપર લખ્યું છે. સહાબાએ કિરામ માટે **રદિયલ્લાહુ અન્હૂ** કહેવું મુસ્તહબ છે, અને એનાથી ઉલ્ટું એટલે કે સહાબા માટે **રહમતુલ્લાહિ અલૈહ** અને તાબેઈન વગેરે ઉલ્મા તથા મશાઈખ માટે રાજેહ (પસંદીદા) મઝહબ પર **રદિયલ્લાહુ તઆલા અન્હૂ** પણ જાઈઝ છે.

અને હઝરત અલ્લામા અહમદ શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી અયાઝ જિ. ૩, પેજ–૫૦૯ ઉપર લખે છે.

"પયગમ્બરો عَلَيْهِمُ السَّلَام સિવાય ઈમામો વગેરે ઉલ્મા અને મશાઈખને ગુફરાન અને રઝાથી યાદ કરવામાં આવે, તો ગુફિરલ્લાહુ તઆલા અન્હુમ અને રદિયલ્લાહુ તઆલા અન્હુમ કહેવામાં આવે."

માટે બકરનું કહેવું બરાબર છે કે, "રદિયલ્લાહુ અન્હૂ" નો શબ્દ સહાબાએ કિરામ માટે જ ખાસ નથી, મોટા મોટા ઉલ્મા અને બુઝુર્ગો માટે પણ કહેવું જાઈઝ છે. અને ઝૈદનું એ કહેવું ખોટુ છે કે "કોઈ દીની પેશવા ભલે ગમે તેટલા મોટા હોય પરંતુ તે સહાબી ન હોય તો તેને રદિયલ્લાહુ અન્હૂ કહેવું જાઈઝ નથી." એ પણ ખોટું છે કે ઉવૈસ કરનીને રદિયલ્લાહુ અન્હૂ એટલા માટે લખવામાં નથી આવતું કે તેઓ સહાબી ન હતા એટલા માટે કે મોહદ્દિષે કબીર હઝરત શૈખ અબ્દુલહક઼ દહેલ્વી رحمۃ اللہ علیہ જેને કુતુબખાના રહીમિયા દેવબંદે અખ્બારૂલ અખિયાર શરીફના ટાઈટલ પેજ પર સૈયદુલ મોહક્કે઼ક઼ીન અને બરગુદ઼એ બારી તઆલા લખ્યું છે. એમણે એમની મશ્હૂર કિતાબ અશિઅતુલ લમ્આતમાં જિ. ૪, પેજ ૭૪૩ ઉપર હઝરત ઉવૈસ કરનીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ એવા મહાન તાબઈ છે કે જેમની કેટલાય મહાન સહાબાએ કિરામથી મુલાકાતો થઈ છે. અને હઝરત ઈમામે આઝમ અબૂહનીફા رضی اللہ عنہ એવા તાબઈ છે કે જેમને અમુક થોડાક સહાબાએ કિરામથી મુલાકાત થઈ છે. એમને ખાતિમુલ મોહક્કે઼ક઼ીન હઝરત અલ્લામા ઈબ્ને આબેદીન શામી رحمۃ اللہ علیہએ શામી જિ. ૧ (પ્રિન્ટ– દેવબંદ) પેજ ૩૫, ૩૬, ૩૭ અને ૪૨ ઉપર કુલ છ જગ્યાએ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને એ જ અલ્લામા શામીએ એમની એ જ કિતાબ (છપાઈ દેવબંદથી) પેજ ૩૫, ૩૮, ૪૧ અને ૪૩ ઉપર કુલ સાત જગ્યાએ ઈમામ શાફઈને رضی اللہ عنہ લખ્યું છે. અને પેજ ૩૭ ઉપર હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તુસ્તરીને رضی اللہ عنہ લખ્યું છે, જ્યારે કે આ બન્નેવ બુઝુર્ગો તાબઈ પણ ન હતા. ઈમામ શાફઈની પેદાઈશ તો હિ.સ. ૧૫૦ માં થઈ અને વફાત હિ. ૨૦૪ માં થઈ અને હઝરત ઈબ્ને અબ્દુલ્લાહ તુસ્તરીની વફાત હિ.સ. ૨૮૩ માં થઈ.

અને હઝરત અલ્લામા અલાઉદ્દીન મુહમ્મદ અલી હસકફી رحمۃ اللہ علیہએ એમની કિતાબ દુર્રેમુખ્તાર મઅ રદુલ મુહતાર જિ. ૧ (પ્રિન્ટ– દેવબંદ) પેજ ૪૫ ઉપર હઝરત ઈમામ શાફઈને رضی اللہ عنہ લખ્યું છે અને પેજ ૪૩ ઉપર હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. જ્યારે એઓ પણ તાબઈ ન હતા, એમનો જન્મ હિ.સ. ૧૧૮ માં થયો હતો.

અને હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہએ તફસીરે કબીર જિ. ૬, પેજ ૩૮૨ ઉપર હઝરત ઈમામ અબૂહનીફાને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને ઈમામુલ મુહદ્દિષીન હઝરત મુલ્લા અલી કા઼રીએ પણ મિર્કા઼ત શર્હે મિશ્કાત જિ. ૧ (પ્રિન્ટ, મુંબઈ) પેજ ૩ ઉપર હઝરત ઈમામે આઝમ અને ઈમામ શાફઈને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને સૈયદુલ ઉલ્મા હઝરત સૈયદ અહમદ તહતાવી رحمۃ اللہ علیہએ પોતાની ખ્યાતનામ કિતાબ તહતાવી અલલ મરાકી઼ (છપાઈ કસ્તુનતુનિયા) પેજ–૧૧ ઉપર હઝરત ઈમામે આઝમ અબૂહનીફાને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને હઝરત અલ્લામા ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અહયાઉલ ઉલૂમ જિ. ૨ પેજ–૭ ઉપર ઈમામ માલિક અને ઈમામ શાફઈને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને શર્હે બુખારી અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ મુક઼દમા (પ્રસ્તાવના) ફતહુલ બારીમાં પેજ–૧૮ ઉપર ઈમામ બુખારીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે જેમનો જન્મ હિ. ૧૯૪ માં છે. અને એ જ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ એ જ કિતાબની પ્રસ્તાવનામાં પેજ–૨૧ ઉપર ઈમામ શાફઈને "રદિયલ્લાહુ તઆલા અન્હૂ" લખ્યું છે.

અને શારેહે મુસ્લિમ (મુસ્લિમની શરહ એટલે

વિવરણ લખનાર) અબૂ ઝકરિયા મોહયુદ્દીન નબવી رحمۃ اللہ علیہએ પ્રસ્તાવના શરહે મુસ્લિમ શરીફ પેજ–૧૧ ઉપર હઝરત ઈમામ મુસ્લિમને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું, જ્યારે કે એમની પેદાઈશ હિ. ૨૦૪ માં થઈ છે.

અને મોહદ્દિષે કબીર હઝરત શૈખ અબ્દુલહક઼ મોહદ્દિષે દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہએ અશિઅતુલ લમઆત જિ. ૧ પેજ–૧૬ ઉપર ઈમામ શાફઈને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે, અને એ જ કિતાબની એજ જિલ્દના પેજ–૯ ઉપર હઝરત શૈખે ઈમામ બુખારીને પણ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને હદીષની ખ્યાતનામ કિતાબ મિશ્કાત શરીફના લેખક હઝરત શૈખ વલીયુદ્દીન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ખતીબ તબરેઝી رحمۃ اللہ علیہએ મિશ્કાત શરીફની પ્રસ્તાવનામાં પેજ–૧૧ ઉપર મસાબિહના લેખક હઝરત અલ્લામા મુહમ્મદ હુસૈન બિન મસઊદ ફરાઅ બગવીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને એ જ અલ્લામા બગવીને તફસીર મઆલિમુત્તનઝીલ (પ્રિન્ટ મિસર) પેજ–૨ ઉપર પણ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે જે તબઅ તાબેઈન પણ ન હતા, એમની વફાત તો છટ્ઠી સદી હિજરીમાં થઈ છે.

અને અલ્લામા અહમદ શહાબુદ્દીન ખફફાઝી મિસ્રી رحمۃ اللہ علیہ પોતાની મશ્હૂર કિતાબ નસીમુર્રિયાઝ જિ. ૧, પેજ–૫ (પ્રિન્ટ– ઈજિપ્ત) ઉપર અલ્લામા ક઼ાઝી અયાઝને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. જ્યારે કે એઓ પણ તબઅ તાબેઈનમાંથી ન હતા. છટ્ઠી સદીના સમયના આલિમ હતા, એમની વફાત હિ. ૫૫૪ માં થઈ.

અને **સૈયદુલ મોહક્કેક઼ીન હઝરત શૈખ અબ્દુલહક઼ મોહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ **અશિઅતુલ લમઆત જિ. ૧ પેજ–૧૭ ઉપર અને અખ્બારૂલ અખ્યાર (પ્રિન્ટ– રહીમિયા દેવબંદ) પેજ ૧૫, ૧૬, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૩, ૨૧૪ કુલ પંદર જગ્યાએ હઝરત ગૌષેપાક સૈયદ અબ્દુલક઼ાદિર જીલાનીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે,** જેમની પેદાઈશ હિ. ૪૭૦ કેટલાકના કહેવા મુજબ હિ. ૪૭૧ માં છે.

અને ઈમામુલ મોહદ્દિષીન હઝરત મુલ્લા અલી ક઼ારીએ મિર્ક઼ાત શર્હે મિશ્કાત જિ. ૧ પેજ–૨૭ ઉપર હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક, હઝરત લયષ બિન સઅદ, હઝરત ઈમામ માલિક બિન અનસ, હઝરત દાઉદ તાઈ, હઝરત ઈબ્રાહીમ બિન અદ્હમ અને હઝરત ફુઝૈલ બિન અયાઝ વગેરેને "રદિયલ્લાહુ અન્હુમ અજમઈન" લખ્યું છે, જ્યારે કે આમાંથી કોઈપણ બુઝુર્ગ સહાબી નથી.

અને આરિફ બિલ્લાહ હઝરત શૈખ અહમદ સાવી માલિકી رحمۃ اللہ علیہએ એમની તફસીરે સાવીમાં જિ. ૧, પેજ–૩ ઉપર હઝરત અલ્લામા શૈખ સુલેમાન જુમલ, અલ્લામા શૈખ અહમદ દર્દ, અલ્લામા શૈખ અમીર, અલ્લામા શમ્સુદ્દીન મુહમ્મદ બિન સાલિમ હ઼ફનાવી, ઈમામ અબુલહસન શૈખ અલી સઈદી અદવી, અલ્લામા મોહમ્મદ બિન બદીરી દમયાવી, અલ્લામા નૂરૂદ્દીન અલી શબ્રામલસી, અલ્લામા હલબી સાહિબે અસ્સિયરહ, અલ્લામા અલી અજહૂરી, અલ્લામા બુર્હાન અલકમી, અલ્લામા શમ્સુદ્દીન મુહમ્મદ અલકમી, અલ્લામા શૈખ રમલી, શૈખુલ ઈસ્લામ અલ્લામા ઝકરિયા અન્સારી, અલ્લામા જલાલુદ્દીન મુહલ્લી, અલ્લામા જલાલુદ્દીન સિયૂતી, આ સર્વ ઉલ્માએ કિરામને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે જેમનામાંથી કોઈ જ સહાબી નથી.

અને અલ્લામા અબુલહસન નૂરૂલ મિલ્લતે વદ્દીન અલી બિન યૂસુફ શતનૂફી رحمۃ اللہ علیہએ પોતાની મશ્હૂર કિતાબ બહજતુલ અસ્રારમાં સહાબી ન હોય તેમને અગણિત જગ્યાએ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને હિદાયામાં હિદાયાના લેખકને એમના શાર્ગિદે કેટલીય જગ્યાએ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

આ બધી જ ગવાહીઓથી દિવસના અજવાળાની જેમ સ્પષ્ટ સાબિત થઈ ગયું કે "રદિયલ્લાહુ

અન્હૂ''નો શબ્દ સહાબાએ કિરામ માટે જ ખાસ લખી બોલી શકાય તેવું નથી. જો આ શબ્દ એમના જ માટે વાપરી શકાય એવું હોત એટલે કે સહાબા સિવાય બીજા બુઝુર્ગો, આલિમો માટે રદિયલ્લાહુ અન્હૂ લખવું નાજાઈઝ હોત તો આટલા મોટા મોટા ઉલ્મા મોહક્કિક લોકો, મોહદ્દિષો જેઓ પોત પોતાના સમયના ચમક્તા સૂર્ય અને ચંદ્ર હતા, એ લોકો સહાબી ન હોય તેવા આલિમો, બુઝુર્ગોને માટે કદી પણ રદિયલ્લાહુ અન્હૂ લખતા જ નહીં.

ત્યાં સુધી કે સામાન્યતઃ દેવબંદી, વહાબી જેઓ રદિયલ્લાહુ અન્હૂને સહાબા સાથે જ ખાસ સમજે છે અને સહાબા સિવાયના બીજા માટે લખવા બોલવા પર લડે ઝઘડે છે, એમના લીડર મૌ. કાસિમ નાનોત્વી અને મૌ. રશીદ અહમદ ગંગોહીને પણ રદિયલ્લાહુ અન્હૂ લખવામાં આવ્યું છે ! જેવું કે તઝકિરતુર્રશીદ જિ. ૧ પેજ–૨૮ છેઃ ''મૌલાના કાસિમ નાનોત્વી અને મૌલાના રશીદ અહમદ ગંગોહી સાહેબ રદિયલ્લાહુ અન્હૂ એવા હમ સબક (સાથે પઢનાર) બન્યા કે આખેરતમાં પણ સાથ છોડયો નહીં.'' અને કુતુબખાના રશીદિયા દિલ્હીએ બુખારી શરીફની બે જિલ્દોના ટાઈટલ અને પ્રથમ પેજ ઉપર ઈમામ બુખારીને રદિયલ્લાહુ અન્હૂ છાપ્યું છે.

કુર્આને કરીમથી પણ એ વાતને સપોર્ટ મળે છે કે ''રદિયલ્લાહુ અન્હૂ'' (અલ્લાહ એમનાથી રાજી એ અલ્લાહથી રાજી) શબ્દ ફક્ત સહાબા માટે જ નથી, જેમ કે પા. ૩૦ સૂરએ બય્યિનહમાં છે કે, رَضِیَ اللّٰہُ عَنۡھُمۡ وَرَضُوۡا عَنۡهُ ؕ ذٰلِکَ لِمَنۡ خَشِیَ رَبَّهٗ એટલે કે, ''રદિયલ્લાહુ અન્હૂ તે લોકો માટે છે જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે.'' જેમ કે તફસીરે મદારિક, જિ.૪ પેજ–૩૭૧ (ઈજિપ્ત)માં છે કે, **ذلك ای الرضا لمن خشی ربه** (ذلك) એનો મતલબ એ છે કે, રઝા એટલે રદિયલ્લાહુ અન્હુમ વરદૂ અન્હૂ તે લોકો માટે છે જેમના દિલમાં અલ્લાહની ખશિય્યત (ડર) હોય.

અને રબ તઆલાની ખશિય્યત (ડર) ઉલ્માની જ ખાસ સિફત છે. જેમ કે ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ આયતે કરીમા ذٰلِکَ لِمَنۡ خَشِیَ رَبَّهٗ ની તફસીરમાં લખે છે કે આ આયતે કરીમાને બીજી આયતે કરીમા સાથે મેળવવાથી ઈલ્મ અને ઉલ્માની ફઝીલત સાબિત થાય છે. એટલા માટે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે ફક્ત એના બંદાઓ આલિમોને જ એની ખશિય્યત (અલ્લાહનો ડર) હોય છે. જેથી સાબિત થયું કે ખશિય્યતે ઈલાહી ઉલ્માની જ ખાસ સિફત છે. *(તફસીરે કબીર, જિ. ૭, પેજ–૪૬૦)*

અને તફસીર રૂહુલ બયાન બયાન જિ. ૧૦, પેજ–૪૯૧ માં આ આયતે કરીમા ذٰلِکَ لِمَنۡ خَشِیَ رَبَّهٗ ના નીચે લખ્યું છેઃ એટલે કે ખશિય્યતે ઈલાહી જે ખુદા તઆલાના કામો અને હાલાતોને જાણવાવાળાઓ માટે ખાસ છે. એના ઉપર તમામ કમાલાતે ઈલ્મી અને અમલીનો આધાર છે, જેનાથી દીની અને દુન્યવી ભલાઈઓ મેળવી શકાય છે.

પરિણામ એ મળ્યું કે ''રદિયલ્લાહુ અન્હૂ'' તેના માટે છે જેના દિલમાં ખશિય્યતે ઈલાહી છે. અને ખશિય્યતે ઈલાહી અલ્લાહ તઆલાના ઉમૂર અને અહવાલને (હુકમો અને હાલાતો)ને જાણનારાઓ માટે છે. એટલે કે જલીલુલ કદ્ર ઉલ્મા (ઉલ્માએ રબ્બાનિય્યીન) અને મશાઈખે કિરામના માટે છે, નહીં કે બેઅમલ આલિમો માટે, કારણ કે તેઓ બેઅમલ છે તો એમને ખશિય્યતે ઈલાહી (અલ્લાહનો ડર) નથી, જ્યારે ખૌફે ખુદા નથી તો પછી તે ફક્ત આલિમ છે ખરેખર જે આલિમને માટે ખુશખબરી છે તે એ પોતે નથી. (બીજા અર્થમાં કુર્આનની ભાષામાં તો તે આલિમ જ નથી જેના દિલમાં ખૌફે ખુદા નથી. *–અનુવાદક*)

તફસીરે ખાઝિન અને તફસીરે મઆલિમુત્તનઝિલ, જિ.૫ પેજ–૩૦૨ ઉપર છે કે, ઈમામ શઅબીએ ફર્માવ્યું, આલિમ ફક્ત તે જ માણસ છે જેને અલ્લાહ વધુ પેજ નં. ૪૦પર

# હઝરત ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہ

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચનવી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**નામ તથા નસબ :–** હઝરત ઈમામ જાફર رضی اللہ عنہનું પવિત્ર નામ અબૂ અબ્દુલ્લાહ જાફર સાદિક઼ છે. આપ સૈય્યદુના ઈમામ મુહમ્મદ બાક઼રના પુત્ર, હઝરત ઝૈનુલ આબેદીનના પોત્ર અને હઝરત ઈમામ હુસૈનના પરપોત્ર છે, આપની માતાનું નામ ઉમ્મે ફરૂહ છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ

**જન્મ તથા વફાત :–** હિ.સ. ૮૦માં મદીના શરીફની પવિત્ર ધરતી ઉપર હઝરત ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہની વિલાદત પાક થઈ અને લગભગ ૬૮ વર્ષની ઉમર થઈ. ભરોસાપાત્ર કથન મુજબ ૧૫–રજબ હિ.સ. ૧૪૮માં મદીના શરીફમાં ઈન્તેકાલ થયો અને ત્યાં જ મશહૂર ક઼બ્રસ્તાન "જન્નતુલ બક઼ીઅ"માં આપનો મઝાર બન્યો છે.

**તાલીમ :–** એમણે પોતાના નાના હઝરત ઈમામ ક઼ાસિમ મદની અને પોતાના પિતા હઝરત ઈમામ મુહમ્મદ બાક઼ર رضی اللہ عنہماથી ઈલ્મ પ્રાપ્ત કર્યું, એ સિવાય મદીના શરીફના અગણિત તાબઈ તથા ઈમામો જેમ કે હઝરત ઈમામ ઉરવહ, ઈમામ ઝહરી, ઈમામ નાફિઅ અને ઈમામ મુહમ્મદ બિન મુનકદિર જેવી મહાન હસ્તીઓથી ઈલ્મ પ્રાપ્ત કર્યું.

**ઈલ્મી સ્થાન :–** હઝરત ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہ ઈલ્મ, અમલ અને તક઼વામાં અજોડ હતા. એમના ઈલ્મનો અંદાજો આ પરથી લગાડી શકાય છે કે એમના શાર્ગિદોમાં ઈમામ શોઅબી, ઈમામ માલિક અને ઈમામે આ'ઝમ અબૂહનીફા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ જેવા મહાન ફક઼ીહો તથા આલિમો છે. એમના તક઼વા તથા પરહેઝગારીનો એ આલમ હતો કે આખી દુનિયા એમને "સાદિ઼ક" (સાચુ બોલવાવાળા)ના લક઼બથી યાદ કરતી હતી. એક વખત હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એમની બારગાહમાં હાજર હતા. એમણે કહ્યું, બતાવો ! અકલમંદ કોણ છે ? ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہએ જવાબ આપ્યો કે જે પોતાની ભલાઈ તથા બુરાઈમાં તફાવત કરી શકે. હઝરત ઈમામ જાફરે ફર્માવ્યું, આ તફાવત તો જાનવર પણ કરી લે છે કેમ કે જે એમની ચાકરી કરે છે એને તકલીફ નથી પહોંચાડતાં પણ જે તકલીફ આપે છે એને બચકુ મારી લે છે. ત્યાર પછી ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہએ કહ્યું, તો તેમ જ બતાવો કે અકલમંદ કોણ છે ? ઈમામ જાફરે ફર્માવ્યું, જે બે ભલાઈઓમાંથી શ્રેષ્ઠ ભલાઈને પસંદ કરે અને જે બે બુરાઈઓમાંથી કોઈ એક ઉપર અમલ કરવુ જરૂરી હોય તો હલકી બુરાઈને પસંદ કરે.

*–(તઝકિરતુલ ઔલિયા)*

## ઈમામ જાફર સાદિ઼ક મુસ્તજાબુદઅવાત હતા

જ્યારે એમને કોઈ વસ્તુની જરૂરત પડતી તો દુનિયાના લોકોથી ન માગતા બલ્કે અલ્લાહની બારગાહમાં દુઆ કરતા. એમની દુઆ ક઼બૂલ થતી અને દુઆ ખતમ થતાં પહેલાં પહેલાં જ એ જરૂરતની વસ્તુઓ હાજર થઈ જતી. આનાથી એમની અલ્લાહની બારગાહમાં મક઼બૂલિયતનો અંદાઝો થાય છે. એક વખત એમણે દુઆના અંતમાં આ દુઆ કરી, "હે અલ્લાહ ! મને દ્રાક્ષ ખાવાનું મન થયું છે, મને અતા કર ! અને મારી ચાદરો જૂની થઈ ગઈ છે મને નવી ચાદરો અતા કર ! હઝરત લૈષ رحمۃ اللہ علیہ ફર્માવે છે, ખુદાની ક઼સમ ! હજુ એમની દુઆઓ ખતમ પણ ન થઈ હતી કે મેં દ્રાક્ષથી ભરેલી એક ટોપલી જોઈ, જ્યારે કે એ વખતે દ્રાક્ષની સિઝન ન હતી અને દ્રાક્ષનું એ સમયે નામો નિશાન ન હતું. અને સાથે બે ચાદરો પણ જોઈ. ત્યાર પછી હઝરત ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہ દ્રાક્ષ ખાવા માટે બેસી ગયા ? મેં કહ્યું, હુઝૂર ! હું પણ તમારી સાથે ભાગીદાર છું, એમણે પૂછયું, કઈ રીતે ? મેં કહ્યું, જ્યારે તમે દુઆમાં વ્યસ્ત હતા ત્યારે હું આમીન કહી રહ્યો હતો. તો એમણે કહ્યું, આગળ વધીને ખાવા લાગો ! હું આગળ વધી ખાવા લાગ્યો. એ દ્રાક્ષ એટલી સ્વાદિષ્ટ હતી કે એવી દ્રાક્ષ મેં કદી નથી ખાધી. *(તઝકિરએ મશાઈખે ક઼ાદરિયા બરકાતિયા–૧૪૫)*

**કરામતો :–** એક ભરોસાપાત્ર વ્યક્તિનુ બયાન

છે કે ખલીફા મનસૂરે મારા એક મિત્રને જેલમાં કેદ કરી દીધો. અરફાના દિવસે મારી મુલાકાત હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہથી થઈ. એમણે મને મારા મિત્ર વિશે પૂછયું તો મેં કહ્યું હુઝૂર ! એ જેલમાં છે. આ સાંભળી એમણે પોતાના હાથ દુઆ માટે ઉઠાવ્યા, અને પછી થોડાક સમય પછી કહ્યું, ખુદાની ! કસમ તારા મિત્રને છોડી દેવામાં આવ્યો છે. રાવી કહે છે કે જ્યારે હું હજથી પરત થયો તો મારો એ મિત્ર મને મળવા માટે આવ્યો તો મેં પૂછયું કે તું કયાર છૂટી ગયો ? એણે બતાવ્યું કે મને અરફાના દિવસે અસરના સમયે છોડી દેવમાં આવ્યો. *(શવાહિદુન્નબુવ્વહ, ખાનદાને મુસ્તફા, પેજ–૬૯૫)*

એક વખત આપે હરમૈન શરીફૈન (મક્કા મદીના) જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ખજૂરના એક સૂકા ઝાડની પાસે રોકાયા અને ચાશતના સમયે એ ઝાડથી એમણે ખજૂર માંગી તો તરત જ એ સૂકુ ઝાડ તરોતાજા થઈ ગયું અને ખજૂરો પણ આપી. એક ગામડિયાએ આ કરામત જોઈ તો કહેવા લાગ્યા કે આ તો જાદૂ છે ! હઝરત ઈમામ જાફરે એને કહ્યું, આ જાદૂ નથી પણ અલ્લાહ તઆલાએ મને એટલી તાકત આપી છે કે હું દુઆ કરું તો હમણા તારી સૂરત કૂતરાની જેમ થઈ જાય ! હજુ આટલું જ કહ્યું હતું કે તે કૂતરાની શકલમાં બદલાય ગયો. ગામડિયાએ આ હાલત જોઈ તો એ ઘણો પરેશાન અને શરમિંદા થયો અને એમનાથી માફી માગી. એમણે એના માટે દુઆ કરી તો એની શકલ પહેલાં જેવી હતી એવી અસલી હાલત પર થઈ ગઈ. *(તઝકિરએ મશાઈખે કાદરિયા બરકાતિયા, પેજ–૧૫૧)*

હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہના ઉપર પણ ઘણી મુસીબતો આવી અને આઝમાઈશ થઈ પણ બધા દુશ્મનો એમની ખુદાએ અર્પણ કરેલ તાકત સામે અંચબામાં પડી ગયા. એમના દુશ્મનોમાંથી એક ખલીફા મન્સૂર પણ હતો જેની દુશ્મનીનો પ્રસંગ આ પ્રમાણે છે. ખલીફા મન્સૂરે એક દિવસ પોતાના વઝીરને કહ્યું કે ઈમામ જાફર સાદિકને મારા દરબારમાં હાજર કરો કે હું એમને કત્લ કરી દઉં. એના પર વઝીરે કહ્યું, એક સૈયદને કત્લ કરવું યોગ્ય નથી. ખલીફાની વાત સાંભળી તે ઘણો ક્રોધમાં આવી ગયો અને કહ્યું, જે હુકમ આપુ છું એનું પાલન કરો ! છેવટે વઝીર હઝરત ઈમામ જાફરને બોલાવવા માટે રવાના થયો. ખલીફા એ હુકમ આપ્યો કે જ્યારે ઈમામ જાફર દરબારમાં આવે તો હું પોતાનો તાજ ઉતારી દઈશ, આ જોઈ તમે તરત જ એમને કત્લ કરી દેજો. જેથી ઈમામ જાફર સાદિક પધાર્યા અને દરબારમાં દાખલ થયા તો ખલીફા મન્સૂર એમને જોઈને તરત જ પોતાની જગ્યાએથી ઉભો થઈ ગયો અને પોતાની જગ્યાએ એમને બેસાડયા અને પોતે બાઅદબ એમની સામે બેસી ગયો. આ હાલત જોઈ ખલીફાના ગુલામો વિચારમાં પડી ગયા કે પોગ્રામ તો બીજો હતો અને અમલ એના વિરૂધ્ધ થાય છે ! મનસૂર ખલીફાએ હઝરત ઈમામ જાફરથી કહ્યું કે તમારી કોઈ જરૂરત હોય તો બતાવો, આ ગુલામ તમારી દરેક જરૂરતને પૂરી કરશે. એમણે કહ્યું, મારી હાજત તારાથી આ છે કે હવે પછી મને પોતાના દરબારમાં ન બોલાવતો જેથી કે હું અલ્લાની યાદમાં મશગૂલ રહું. જ્યારે મન્સૂરે હઝરત ઈમામનો આ જવાબ સાંભળ્યો તો એમને ઘણા અદબથી વિદાય કર્યા. હઝરત ઈમામ જાફર رضی اللہ عنہના પ્રભાવથી ખલીફાનું શરીર ધ્રુજી ઉઠયું હતું. હઝરત ઈમામ જાફર رضی اللہ عنہના ગયા પછી વઝીરે કત્લ ન કરવાનુ કારણ પૂછયું તો ખલીફા મન્સૂરે કહ્યું કે જ્યારે ઈમામ જાફર દરવાજાથી દરબારમાં દાખલ થયા તો મેં એમની સાથે એક મોટો અજગર જોયો જેનો એક હોઠ મારા સિંહાસનની ઉપર અને એક નીચે હતો અને એ મને કહી રહ્યો હતો કે જો તેં ઈમામને સતાવ્યા તો હું તને સિંહાસન સાથે ગળી જઈશ ! મેં એ અજગરના ડરથી આ પ્રમાણે કર્યું જે તમે જોયું. *(ઉપર મુજબ પેજ–૧૫૨)*

એક વ્યક્તિએ હઝરત ઈમામ જાફર رضی اللہ عنہની બારગાહમાં આ પ્રસંગ રજૂ કર્યો કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ચાર પક્ષીઓને ઝબહ કર્યા અને ગોશ્તનો ખીમો બનાવી એકબીજા સાથે ભેળવી દીધો પછી એ ચારેવ પક્ષીઓને જીવિત કર્યા તો એ ચારેવ પક્ષીઓ જીવિત થઈ ગયાં. આ સવાલ પર હઝરત ઈમામે કહ્યું, શું તું જોવા માંગે છે ?! એ વ્યક્તિએ જવાબ આપ્યો, હા ! હે રસૂલના પુત્ર ! એમણે હુકમ આપ્યો કે મોર, ઝરાબ, બાઝ અને કબૂતરને હાજર કરો. જ્યારે આ પક્ષીઓ લાવવામાં આવ્યાં તો એમણે એ ચારેવ પક્ષીઓને ઝબહ કર્યા અને ચારેવના ગોશ્તને રેસા રેસા કરીને એકબીજા સાથે મિલાવી દીધો પછી એમણે એક પછી એક પક્ષીનું નામ લઈ અવાજ આપ્યો તો બધાં પક્ષીઓ જીવંત થઈ ગયાં. *(ઉપર મુજબ પેજ–૧૫૨)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...... કાર્યાલય

**તાંદલજા** : (વડોદરા)થી મૌલાના આસિફ અશરફી સાહબ જણાવે છે કે અમેરિકામાં રહેતા પરવેઝ ઐયૂબ ફટક કહાનવાળાના ઘરે પુત્રીનો જન્મ થયો છે જેનું નામ "ઈનાયા" રાખેલ છે. તેની ખુશીમાં તેમના દાદા ઐયૂબભાઈ ફટક તરફથી "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૨૦૦/– મળ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં "ઈનાયા"ને બંનેવ જહાનની નેઅમતોથી માલામાલ કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નોંધ** : બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા સંપર્ક કરો : મો. ૯૯૨૪૦ ૫૪૨૦૩

### ★ ઈન્તેકાલ પુર મલાલ ! ★

**ભરૂચ** : (સાબેના પાર્ક) ખાતે તા. ૩–૪–૨૦૧૫ જુમ્આના રોજ બાબુભાઈ (યાકૂબ) મુહમ્મદ બક્ષ ભાયજી "કિંગ સ્ટાર ટેલર" (ટંકારીઆવાળા)નો ૫૨ વરસની વયે હાર્ટની તકલીફના કારણે અચાનક ઈન્તેકાલ થયો છે. મર્હૂમ પુખ્તા સુન્ની, નેક નમાઝી, મિલનસાર, ખુશ અખ્લાક સ્વભાવના હતા. આ દુઃખદ બનાવથી તેમનાં સગાં, મિત્રો તથા સમાજમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, કુટુંબીજનો, સગાંઓ, મિત્રોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : ખુર્શિદ પાર્ક ખાતે તા. ૩–૪–૨૦૧૫ જુમ્આના રોજ મહબૂબભાઈ લીમડીવાળા (ટેલીફોન ઓપરેટર)નાં અહલિયાનો ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, કુટુંબીજનો, સગાંઓ, મિત્રોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હલદરવા** : મુકામે તા.૨૭–૩–૨૦૧૫ જુમ્આના રોજ સઈદ અલી ભાયજી (હાફેઝ હસનઅલી રઝવી હલદરવી, હાલ : બોલ્ટનના સગાભાઈ)નો હાર્ટની તકલીફમાં અચાનક ઈન્તેકાલ થતાં હલદરવા પંથકમાં ગમગીનીનું મોજુ ફરી વળ્યું હતું. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી :*

**દયાદરા** : ખાતે ભીખાભાઈ ઈસ્માઈલ દિવાન તા. ૧૫–૩–૨૦૧૫ રવિવાર ૨૩–જ. અવ્વલ, ૧૪૩૬ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી :*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

### ★ વેરાવળમાં પૈગામે ગરીબનવાઝ કોન્ફ્રન્સ ★

**વેરાવળ** : તા. ૨૧–૩–૨૦૧૫ શનિવાર મગરિબથી ઈશા બાદ મોડે સુધી "પૈગામે ગરીબ નવાઝ કોન્ફ્રન્સ" નામથી અઝીમુશ્શાન સુન્ની ઈજતેમાનું આયોજન મુસ્તફા મસ્જિદ સામે, વાદીએ નૂરમાં કરવામાં આવ્યું. મૌલાના સરફરાઝ નૂરી, સૈયદ અલ્તાફ બાપુ તેમજ અબ્દુસ્સત્તારભાઈ વગેરેના સંચાલન હેઠળ કરવામાં આવ્યું. મગરિબ બાદ શરૂ થયેલ આ ઈજતેમામાં હાફિઝ અબ્દુર્રહીમ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શાખા)એ મૈયતને ગુસ્લ, કફન દફનના મસાઈલની સમજ આપી હતી. કારી રિયાઝુદીન સાહબ (મુંબઈ)એ કિર્અત તથા નઅતે પાકના ગુલદસ્તા પેશ કરી મજમાને ઈમાની જોશ આપ્યો હતો. ઈશા બાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની શાનની સાથે "ખૌફે ખુદા"ના વિશે અસરકારક રીતે બયાન કર્યુ હતું. તેમજ છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના

મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબે કુર્આનની અનેક આયતોની રોશનીમાં અવલિયાએ કિરામની ખૂબીઓ, અખ્લાક઼ તથા સાચા મો'મિનની શાન વિશે સમજ આપી હતી. ધોરાજીથી મુફ્તી મુનવ્વર રઝા સાહબ, હાફિઝો કારી મૌલાના ઉવૈસ રઝા, એ ઉપરાંત પ્રભાસ પાટણ તેમજ આસપાસના તથા સ્થાનિક ઈમામો, ઉલમા તથા હજારોની સંખ્યામાં સુન્ની અવામથી મેદાન ભરચક હતું.

*–(રજૂકર્તા) : મૌલાના સરફરાઝ સાહબ નૂરી–વેરાવળ*

## ★ દયાદરામાં મહેફિલે મીલાદ ★

**દયાદરા :** ખાતે તા. ૨૬–૨–૨૦૧૫ જુમેરાતના રોજ સુન્ની દા'વતે ઈસ્લામી દયાદરા શાખા થકી મહેફિલે નઅતનો શાનદાર ઈજતેમા ઈશા બાદ અકુજી કોમ્યુનિટી હોલ સામે રાખવામાં આવ્યો જેમાં યુ.કે. થી તશરીફ લાવનાર મૌલાના હાફિઝ કારી ફૈઝલ અબ્દુલ્લાહ પટેલ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા. બાદમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈસ્લાહી વાતોની સાથોસાથ પોતાના અનોખા અંદાઝમાં નઅતો, મન્કબતો પેશ કરી માહોલમાં રૂહાનિયત નૂરીનયત ભરી દીધી હતી.

**દયાદરા :** ખાતે તા. ૧૧–૪–૨૦૧૫, ૨૨ જમા. આખર હિ.સ. ૧૪૩૬ શનિવારે ઈશા બાદ દયાદરા મુખ્તારુલ મસાજિદ નૂરાની મસ્જિદ ખાતે "જશ્ને સિદ્દીકે અકબર" (رضی اللہ عنہ) મનાવાયો જેમાં હઝરત મૌલાના ઈમરાન (કોંગોવાળા) સાહબે (ખતીબો ઈમામ દયાદરા જામા મસ્જિદ)એ ખલીફએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક રضی اللہ عنہનો મર્તબો દશાવતું શાનદાર બયાન કરી હાજરજનોના ઈમાનમાં તાજગી ભરી દીધી હતી.

**ધુલેટા :** (તા. જિ. આણંદ) ખાતે તા. ૯–૩–૨૦૧૫ના રોજ સૈયદ ગાઝી મહમૂદશાહબાવા તથા رحمۃ اللہ علیہ સૈયદ બજુબાબા رحمۃ اللہ علیہના ઉર્સના મોકા પર હઝરત પીર સૈયદ સફિયુલ્લાહબાવા દરિયાઈ અશરફી (સજજાદાનશીન : દરગાહે દરિયાઈ દુલ્હા–બીરપુર શરીફ)ની સદારતમાં ઈશા બાદ મશ્હૂર નઅતખ્વાં કારી રિયાઝુદ્દીન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના ખુશઈલ્હાન અવાજમાં નઅતેપાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. છેવટમાં હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ અવલિયાની શાન બયાન કરીને વસીલાની સાબિતીમાં કુર્આન હદીષની રૂએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હઝરત સૈયદ સફિયુલ્લાહબાવાએ સલાતો સલામ બાદ દુઆ ગુઝારી હતી.


## નૂરે મદાર માધ્યમિક શાળા

### ધોરણ ૫ થી ૧૦ પ્રવેશ ચાલુ છે

જૂન ૨૦૧૫થી રાબેતા મુજબ શરૂ થઈ ગયેલ છે. તો શિક્ષણનો લાભ લેવા સમગ્ર શિક્ષણ પ્રેમી જનતાને જાણ કરવામાં આવે છે. વહેલા તે પહેલાના ધોરણે આપના બાળકોને એડમીશન અપાવો.

સંપર્ક : **શાહ મદાર બોડીંગ મદ્રસાએ ફૈઝે મદાર**
ઠે. કંડલા હાઈવે, મુ. વારાહી, તા. સાંતલપુર,
જિ. પાટણ, પીન : ૩૮૫૩૬૦ (ઉ.ગુ.)
Ph. 02738-224116, Mob. 9898919917

### :: નઅતો મન્કબતની ઉમદા કિતાબ મંગાવો ::

(કિતાબનું નામ) : **નૂરે અકીદત** અઝ : શેખ અબ્દુલગની અબ્દુર્રહમાન "ગનીમત" જ્યુબેલીવાલા
પોસ્ટલ ટિકિટ રૂા. ૭/–ની મોકલી નીચેના કોઈ એક સરનામેથી કિતાબ મંગાવો

- ❑ **ખાનકાહે અહલે સુન્નત,** જામા મસ્જિદ બિલ્ડીંગ–માંડવી, વડોદરા
- ❑ **એ.એ.શેખ,** "ગનીમત" બાલાશીનોરી (જ્યુબેલીવાલા) તલાવ દરવાજા, બાલાશિનોર, પિન : ૩૮૮૨૫૫
- ❑ **હાજી ગુલામ મુહમ્મદ ઈબ્રાહીમ સાહબ,** બાગે કાદરી, અઝીમ પાર્ક, પાવાગઢ રોડ, હાલોલ, પંચમહાલ